ગો.શ્રી૧૦૮શ્રીરઘુનાથલાલજી મહારાજ (કામવન-ઘાટકોપર)

વ્રજયાત્રા નાયક - ૨૦૦૫

વ્રજયાત્રા

સ્વરૂપ એવં માહાત્મ્ય

શાસ્ત્રી રમણલાલ જ્યેષ્ઠારામ (ઉમરેઠ)

मनोरथ - व्रजयात्रा १९९९


होली खेल, गुलाल कुंड


विश्रांत घाट (मथुरा)


श्रीछप्पनभोग आनन्दाद्रि (कामवन)


श्रीद्वादश निकुंज, कामवन


श्रीगिरिराजजी


श्रीकेलका बंगला, कामवन

।। श्रीगोकुलेन्दुर्जयति ।।

व्रजयात्राकी बधाई

आगामी व्रजयात्राके लिए छप रही यह भावपूर्ण **पुस्तक** हमें व्रजयात्रा व श्रीकृष्णाकी लीला स्थलोंका भावपूर्ण दर्शन करावेगी। मैंने यह पुस्तक छपानेकी बात **जब** हमारे घरके अग्रणी श्रीबाबूभाईसे चर्चाकी तो उन्होंने समय गवाँये बिना तुरंत ही इस पुस्तकको छपानेमें अपनी रूचि दिखाई । दोनों पुस्तकें हिन्दी व गुजरातीमें पहले भी छप चुकी हैं । पूज्य पितृचरण गो. श्रीगिरधरलालजी महाराजश्रीके शुभाशीर्वाद एवं आज्ञासे इन पुस्तकोंने पहले भी बहुत ख्याति प्राप्त की थी क्योंकि इनके द्वारा व्रजको समझनेमें तथा प्रभुकी लीलाओंकी जानकारी एवं स्थलोंका माहात्म्य बड़ी सरलतापूर्वक हृदयंगम होता जाता है एवं व्रजयात्रा करनेमें भावकी वृद्धि होती है ।

गुजराती व्रजयात्राकी पुस्तकके लेखक श्रीरमणलाल शास्त्रीजीने (उमरेठ) एवं हिन्दी व्रजयात्राके लेखक श्रीहरीदासजीने (आग्रा) बहुत ही सुंदर ढंगसे इन पुस्तकों का विवरण प्रस्तुत किया है । व्रजयात्रा इन पुस्तकोंके बिना अधुरी लग रही थी । श्रीगोकुलेन्दुप्रभु तथा पूज्य पितृचरणकी कृपासे यह कार्य सुलभ हो सका । आशा करता हूँ कि इन पुस्तकोंको पढ़कर आपको व्रजयात्रा करनेमें विशेष आनंद प्राप्त होगा । इन पुस्तकोंके मुद्रक प.भ. पंकज कीमतलालजी नन्दवानीको शुभाशीष । इन पुस्तकों को और सुंदर स्वरूप देनेके लिए सन् १९९९ में हुई व्रजयात्रामें हुए मनोरथोंके चित्रोंका समावेश किया गया है । किमधिकम् ।

गो. वल्लभ

(शुद्धाद्वैत पंचम पीठाधीश्वर, कामवन)

श्रावण कृष्णा ४

(गोकुलचंद्रमाजीका पाटोत्सव) वि.सं २०६२

पू.पा. गो. श्री १०८ श्रीवल्लभलालजी महाराजश्री (कामवन)

॥ શ્રીગોકુલેન્દુર્જયતિ ॥

વ્રજયાત્રા

(પંચમપીઠ-વ્રજયાત્રાનાં સંસ્મરણો)

લેખક
ગો.વા. શાસ્ત્રી રમણલાલ જ્યેષ્ઠારામ
ઉસરેઠવાળા

પ્રકાશક
શ્રીગોકુલચંદ્રમાજી હવેલી પુષ્ટિમાર્ગીય ન્યાસ
કામવન

પ્રકાશક :
શ્રીગોકુલચંદ્રમાજી હવેલી પુષ્ટિમાર્ગીય ન્યાસ
કામવન

પ્રથમ સંસ્કરણ : ૧૯૮૫ - પ્રતિ : ૫૦૦૦
દ્વિતીય સંસ્કરણ : ૨૦૦૫ - પ્રતિ : ૨૫૦૦

ન્યૌ.: રૂ. ૩૦-૦૦

મુદ્રક :
ચિન્મય ગ્રાફિક્સ એન્ડ પ્રિન્ટિંગ્સ
૧૩૧, પાર્કિંગ પ્રોજેક્ટ, સુરત ટેક્ષટાઈલ માર્કેટ,
રિંગ રોડ, સુરત. ફોન : ૨૩૨૨૨૪૦

અનુક્રમણિકા

આમુખ



(નિ.લી. શ્રીગિરધરલાલજી મહારાજશ્રી નો આમુખ)

શ્રીગોકુલેન્દુર્જયતિ

''વ્રજન્તિ ગોવો યસ્મન્ સ વ્રજ ઇત્યુચ્છતે જનૈઃ''

ગાયોંકે રહનેકે સ્થાનકો વ્રજ કહા ગયા હૈ. હમારે લિયે વ્રજકી મહિમા યહી હૈ કિ યહાઁ પ્રભુકા પ્રાકટ્ય હુઆ હૈ - ''જયતિ તેધિકં જન્મના વ્રજઃ શ્રયત ઇન્દિરા શશ્વદત્ર હિ''

વ્રજકા ઉત્કર્ષ યહી હૈ કિ યહાઁ આનંદકંદ પૂર્ણપુરૂષોત્તમ પ્રભુને જન્મ લિયા હૈ. સ્વયં પૂર્ણપુરૂષોત્તમસે સંબંધિત હોને કે કારણ વ્રજ અન્ય સારે તીર્થોં સે વિલક્ષણહી નહીં અપિતુ શ્રેષ્ઠ ભી હૈ. ભાવભાવના વાલે શ્રીદ્વારકેશજીકે અનુસાર વ્રજ ઇસલિયે ભી શ્રેષ્ઠ હૈ ક્યોંકિ ''જબ જૈસી પ્રભુનકી ઇચ્છા, તૈસે હોય'' વ્રજમેં વૃક્ષાદિક હૂ એસેહૈં જો ઋતુ હૈ ભગવદિચ્છા નહીં તો પુષ્પતિ ફલિત હોય ઔર ઋતુ હૈ ભગવદિચ્છા નહીં તો પુષ્પિત ફલિત ન હોય, જૈસે મલ્લિકાકી ઋતુ વસંત-શરદમેં કૈસે હોય ?-''શરદોત્કલ્લમલ્લિકાઃ-। શ્રીકષ્ણકી લીલાર્થ હી વ્રજકી ઉત્પત્તી

હૈ ઔર ઇસલિયે હી યહ સબ તીર્થોં સે ઉચ્ચ સ્થાન પર અધિષ્ઠિ હૈ ''કૃષ્ણલીલાવિહારાર્થમુચ્ચ-સ્થાનવિરાજિતમ્''.

શ્રીદ્વારિકેશજી ''ભાવભાવના'' મેં વ્રજકે સ્વરૂપવર્ણનમેં વરાહપુરાણ કા એક પ્રસંગ ઉદ્ધૃત કરતે હૈં. ઉસ પ્રસંગ કા સારાંશ હૈ કિ એક બાર પ્રભુને પ્રયાગ કો તીર્થરાજ ઘોષિત કિયા. ઇસ અવસરપર સારે તીર્થ પ્રયાગકે પાસ આયે, એક વ્રજહી ન આયા. યહ દેખ તીર્થરાજ પ્રભુકે પાસ ગયા ઔર ઉનસે નિવેદન કિયા કિ ''મેરે તીર્થરાજ હોને પર અન્ય સારે તીર્થતો આયે એક વ્રજ હી ન આયા.'' ઇસ પર પ્રભુને ઉત્તર દિયા ''હમને તુમ્હેં તીર્થોંકા રાજા બનાયા હૈ, અપને ઘરકા નહીં''. વ્રજ તો હમારા ઘર હૈ.'' તત્ર નિત્યં હરિર્વિહરતિ'' અતએવ શ્રીમદાચાર્યચરણકો વ્રજવાસ અત્યન્ત પ્રિય હૈ. ''પ્રિયવ્રજસ્થિતિઃ'' વ્રજમેં વ્યાપિવૈકુણ્ઠકા આવિર્ભાવ હૈ. યહાંકે સારે તીર્થ સારે સ્થલ પ્રભુકે લીલાસ્થલ હૈં. સર્વથા ભગવન્મય હોનેક કારણ હી વ્રજ પુષ્ટિજનોંકા પરમ તીર્થ હૈ. જયાં અન્ય તીર્થ જીવકે પાપક્ષય કરનેમેં હી સક્ષમ હી નહીં, વ્રજ જીવકો પ્રભુકી લીલાઓંકા સ્મરણ કરા કર ઉનકે હૃદયમેં પ્રભુકે પ્રતિ ભક્તિ ભાવ પલ્લવિત કરતા હૈ, ઉનકે ભગવદીય હોને મેં સહાયક હોતા હૈ ઔર ભગવદીયત્વ હી મોક્ષ હૈ હમારે લિએ !

વિ.સં. ૧૬૦૦ કે ભાદ્રપદ શુક્લા ૧૨ કે દિન ગુસાંઇજી શ્રીવિઠ્ઠલનાથજીને પ્રથમ વ્રજયાત્રા કા આરંભ કિયા થા-

''અત્ર ગોસ્વામિનઃ શ્રીવિઠ્ઠલનાથાઃ વ્રજયાત્રાં કુર્તુમ્ આગચ્છન્. તદા પ્રથમં શ્રીઠાકુરાનીઘાટોપરિ વિરાજમાનાનાં તાતચરણાનાં શ્રીવલ્લભાચાર્યાણામ્ આજ્ઞાં ગૃહીત્વા ગન્ધકું-કુમાક્ષતપુષ્પાદિભિઃ શ્રીયમુનાં સંપૂજ્ય પયઃપયસ્યાદિસામગ્રીશ્ચ નૈવેદ્યદ્રવયં ચોપાયનં શ્રીયમુનાયૈ સમર્પ્ય સ્નાનપાનં કૃત્વા મધુપુરીં મથુરાં યયુઃ. તત્ર વિશ્રામઘાટે સ્નાનાદિનિયમાન્ ગૃહીત્વા મથુરાપરિક્રમાં કૃત્વા મધુવનાદિસ્થલેષુ ગતવન્તઃ.''

ઇસકે બાદ વ્રજયાત્રા પ્રત્યેક વર્ષ હોતી થી યા નહીં ઇસકા કોઇ વર્ણન મિલતા નહીં હૈ, કિંતુ ગત ૨૦૦-૨૫૦ વર્ષોંસે વ્રજયાત્રા નિયમિત ઉઠતી હૈ ઐસા વ્રજક્ષેત્રમેં સુનનેમેં આતા રહા હૈ.

પંચમ ગૃહ કે બાલકોં દ્વારા કી ગઇં દો યાત્રાઓં કા વર્ણન મિલતા હૈ. શ્રીવલ્લભજી મહારાજને વિ.સં. ૧૯૧૬ કે ફાલ્ગુન વદિ ૫ કો યાત્રા આરંભ

કી થી. યહ યાત્રા વૈશાખ વદી ૭ કે દિન સંપૂર્ણ હુઇ થી. ઇસ યાત્રામેં ઈનકે લાલજી શ્રીગોવિંદ પ્રભુ તથા પૌત્ર શ્રીદેવકીનંદનજી ઔર શ્રીયશોદાનંદજી સાથ થે. શ્રીગિરિરાજજીકો કુનવારા ફાલ્ગુન સુદિ ૧ કો આરોગાયા થ. ઈસ અવસર પર ગોકુલસે શ્રીચંદ્રાવલી માજી મહારાજ પધારે થે.

ગો. શ્રીદેવકીનંદનાચાર્યજી મહારાજને વિ.સં. ૧૯૬૨ મેં વ્રજયાત્ર કી થી, જિસમેં આપને શ્રીગોકુલેન્દુપ્રભુકો પધરાયા થા. શ્રીજી કામવન તક યાત્રા કે સાથ પધારે થે.

ઈસ પ્રકાર ૮૦ વર્ષો કે બાદ હમારે ઘર કી વ્રજયાત્રા હો રહી હૈ. ઈસ અવસર પર એક સ્મરણિકાકા પ્રકાશન હો ઐસી સબકી ઇચ્છા થી. પર્યાપ્ત સમય કે અભાવમેં ભી શાસ્ત્રી શ્રીરમણલાલજીને યહ જિમ્મેદારી અપને ઉપર લી ઔર સ્મરણિકાકા કાર્ય પૂરા કિયા યહ ઉનકી કાર્યદક્ષતાકા હી પરિણામ હૈ. શાસ્ત્રીજી કા હમારે ઘર સે પીઢિયોં કા સંબંધ હૈ. અનેકાનેક ઉપાધિયોં સે વિભૂષિત હોતે હુએ ભી ઈનકી યથાર્થ પરિચાયક ઈનકી સરલતા હી હૈ.

કિમધિકમ્.

કામવન, ભદ્ર. કૃ. ૩ — ગોસ્વામી ગિરિધર
વિ.સં. ૨૦૪૨

વ્રજપરિક્રમા

વ્રજપરિક્રમાનો પ્રારંભ ક્યારે થયો ?

ભગવાન શ્રીકૃષ્ણચંદ્રના પ્રપૌત્ર-પુત્રના પુત્ર-શ્રી વજનાભને લઈને ભગવાનના રહસ્યમંત્રી, અનન્યકૃપાપાત્ર ભક્ત શ્રી ઉદ્ધવજીએ સૌ પ્રથમ મથુરામંડળમાં તથા ૮૪ કોસ વ્રજની પવિત્ર ભૂમિમાં પધારી સંપૂર્ણ લીલાસ્થળોનાં દર્શન કરી આનંદ અનુભવ્યો હતો. તે તે સ્થળે મુકામ કરી ત્યાંનું સુંદર વર્ણન કરી માહાત્મ્ય સમજાવ્યું-ત્યારથી લગભગ પાંચ હજાર વર્ષથી આ પવિત્ર ભૂમિમાં પરિક્રમા-યાત્રાનો પ્રારંભ થયો હશે.

ઘણાં વર્ષો બાદ ઈસ્લામીઓના વંશજોના હાથમાં દિલ્હીની ગાદી આવી. એ પહેલાં ૧૧મી સદીમાં આ પવિત્ર સ્થળોની ભવ્ય ઈમારતોનો નાશ થયો. સંવત ૧૦૭૩માં મહમદ ગઝનવીએ મથુરમાં લૂંટ ચલાવી. ૧૧મી સદીના આ સુલતાને ધન, દૌલત, સંપત્તિ, પ્રતિમાઓ, સોનાચાંદીનાં સાધનો વગેરે લૂંટી લીધાં.

સંવત ૧૨૦૭માં તે સમયના મથુરાના રાજા વિજય-પાલજીદેવે મંદિરોની પુનઃસ્થાપના કરી, ફરીથી પ્રતિષ્ઠાપિત કર્યાં. યક્ષ નામના માણસે સંપૂર્ણ રીતે દેખરેખ રાખી હતી. મથુરાના ૧૪ માણસોની સમિતિ નીમી, મંદિરની સુંદર વ્યવસ્થા ગોઠવી હતી.

ત્યારબાદ સંવત ૧૫૭૩માં દિલ્હીની ગાદી ઉપર સિકંદર લોદી આવ્યો અને તેના શાસનકાળમાં મથુરાના સુપ્રસિદ્ધ મંદિરો અને પવિત્ર સ્થળોનો નાશ કર્યો. સંપત્તિ લૂંટી ગયા. આ કમનસીબ બનાવ બન્યા

પછી થોડા સમય પછી દિલ્હીની ગાદી જહાંગીર બાદશાહના હાથમાં આવી. સંવત્ ૧૬૧૩ થી ૧૬૭૦ સુધીનો શાસનકાળ તેનો આવ્યો. આ સમય દરમ્યાન સુપ્રસિદ્ધ ઓડછાનરેશ શ્રી વીરસિંહદેવે રૂપિયા ૩૩,૦૦,૦૦૦ના ખર્ચે શ્રીકેશવરાયજીનું ભવ્ય શિલ્પસ્થાપત્યની કળાથી પૂર્ણ મંદિર બંધાવ્યું.

કમનસીબે સંવત ૧૭૨૬માં ઔરંગઝેબ બાદશાહના શાસનકાળમાં તેણે દિલ્હીથી મથુરા આવી હુમલો કર્યો. મંદિરો તોડ્યાં. પ્રાચીન કાળમાં જ્યાં કંસ રાજાનું કારાગ્રહ (જેલ)નું સ્થાન હતું તે શ્રીકૃષ્ણના જન્મસ્થાનની પ્રસિદ્ધ જગ્યાએ મંદિરનો નાશ કરી મસ્જિદની ઈમારત ઊભી કરી.

શ્રી વીરસિંહદેવે બંધાવેલ મંદિરની ૧૭૨ ફૂટ લાંબી અને ૮૬ ફૂટ પહોળી ખુરશી ઉપર આજે મસ્જિદ બાંધેલી છે તે દેખાય છે.

શ્રી વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના કૃપાપાત્ર શ્રીઓડછા નરેશે તે વયે જે ભક્તિભાવથી દૈવી સંપત્તિનો સદ્ઉપયોગ કર્યો અને શ્રીમદ્વલ્લભાચાર્યવંશજ આચાર્યનું જાહેર સન્માન કર્યું તે બધી જ વિગત અંગ્રેજી, ગુજરાતી અને હિન્દી ત્રણે ભાષાના નિષ્ણાત ઈતિહાસકારોએ પોતાના ગ્રંથોમાં છપાવી છે. અંગ્રેજીમાં શ્રીકૃષ્ણસ્વામી આયંગરનો અંગ્રેજી ઈતિહાસ મારો વાંચેલો છે.

હાલમાં જ્યાં શ્રીકેશવરાયજીનું મંદિર છે તે આ મસ્જિદના પાછળના ભાગમા આવેલું છે. જયપુરના મહારાજા શ્રી સવાઈ જયસિંહે આ મંદિર બંધાવ્યું છે. શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીએ મથુરાના આ દૈવી સ્થળોએ સંવત્ ૧૫૪૯ માં ચૌદ વર્ષની વયે પધારીને વ્રજની દ્વાદશવની પવિત્ર પરિક્રમા કરી હતી.

એ સમયે દિલ્હી પતિ શ્રીસિકંદરનું શાસન હતું. સૂબાઓના કહેવાથી સિકંદરે તીર્થસ્થળોનો નાશ કર્યો હતો. મથુરાના શ્રી ઉજાગર ચોબાજીએ શ્રીમહાપ્રભુજીને આ વિગતની જાણ કરી. શ્રીમહાપ્રભુજીએ પોતાના કૃપાપાત્ર ભક્તો શ્રીકૃષ્ણદાસ મેઘન અને શ્રીદામોદરદાસ હરસાની વગેરે ભક્તો સાથે વ્રજની કુલ છ પરિક્રમાઓ કરી છે. પહેલી પરિક્રમા ૧૫૪૯માં, બીજી પરિક્રમા સંવત્ ૧૫૫૫માં, ત્રીજી પરિક્રમા સંવત્ ૧૫૬૦માં, ચોથી પરિક્રમા સંવત્ ૧૫૬૮માં, પાંચમી પરિક્રમા સંવત્ ૧૫૭૩માં અને છઠ્ઠી પરિક્રમા સંવત્ ૧૫૮૫માં-આ રીતે કુલ છ પરિક્રમાઓ કરી છે.

આ યાત્રા મુખ્ય વ્રજનાં બાર વન સુધીની હતી, જેથી સાતથી

અગિયાર દિવસ આસપાસમાં પૂરી થતી હતી. જ્યાં જ્યાં શ્રીમહાપ્રભુજીએ શ્રીમદ્ભાગવતનું પારાયણ કર્યું હતું તે તે સ્થળે આજે બેઠકજી તરીકે સેવા કરવામાં આવે છે. આ સ્થળોમાં ભક્તો ઝારી ચરણસ્પર્શ કરી ભોગ ધરી સેવા કરે છે. શ્રીમદ્વલ્લભાચાર્યજીએ કૃષ્ણાશ્રય નામના ષોડશગ્રંથ પૈકી આ સ્તોત્રના બીજા શ્લોકમાં

'મ્લેચ્છાક્રાન્તેષુ દેશેષુ પાપૈકનિલયેષુ ચ'

આ શ્લોકમાં તે સમયની દેશકાળની વર્તમાન પરિસ્થિતિનો હૂબહૂ ચિતાર આપ્યો છે.

શ્રીમહાપ્રભુજીના પ્રથમ પુત્ર શ્રીગોપીનાથજીએ સંવત્ ૧૫૯૫માં આપના નાના ભાઈ (શ્રીમહાપ્રભુજીના દ્વિતીય પુત્ર) તે પછી શ્રીવિઠ્ઠલનાથજી-શ્રીગુસાંઈજીને સાથે રાખીને વ્રજનાં મુખ્ય બાર વનની યાત્રા કરી હતી.

ત્યારબાદ સંવત્ ૧૬૦૦માં શ્રી ઉજાગર ચોબાને ગોર તરીકે નીમીને મથુરામાં શ્રીવિશ્રામઘાટ ઉપર શ્રીયમુનાજીમાં સ્નાન કરી પુણ્ય કરી દાનદક્ષિણા આપી સંકલ્પ કરીને નિયમો લઈને વૈષ્ણવો સાથે સામૂહિક યાત્રા કરી હતી.

સંવત્ ૧૬૨૪માં ગુજરાતી શ્રાવણ વદિ વ્રજના ભાદરવા વદિ એકાદશીના રોજ બાર મુખ્ય વનનની પરિક્રમા કરી હતી અને અગિયાર દિવસમાં આ પરિક્રમા પૂરી થઈ હતી.

ફરીથી સંવત્ ૧૬૨૮માં શ્રીગુસાંઈજીએ પોતાના સેવક પીતાંબર પટેલના મનોરથથી આ યાત્રા કરી હતી તે વખતે મુખ્ય ૨૮ અઠ્ઠાવીસ ભક્ત સાથે હતા.

ભાદરવા સુદિ ૭મે અગિયાર દિવસમાં આ પરિક્રમા પૂર્ણ કરી ચોવીસ વન, ઉપવન અને લીલાસ્થળોની આ પરિક્રમા કરી હતી. ત્યારબાદ શ્રીગુસાંઈજીના ઉત્તર કાળમાં અને ઔરંગઝેબ બાદશાહના પ્રારંભિક કાળમાં પરિક્રમાનો ક્રમ ચાલુ રહ્યો હતો. વૈષ્ણવો ઉપરાંત ચારેય સંપ્રદાયોના ભક્ત તથા સનાતન ધર્મની અનુયાયી પ્રજા લાભ લેતી હતી.

સંવત્ ૧૭૧૩માં બિકાનેરી શ્રીમાહેશ્વરી શેઠે વ્રજની યાત્રા કરી હતી. સંવત્ ૧૭૨૬માં ઔરંગઝેબ વ્રજના બધા દેવાલયોનો નાશ કરી સંપત્તિ લૂંટી ગયો હતો. ત્યાર પછી આ યાત્રાનો ક્રમ બંધ પડ્યો હતો.

મુખ્ય કારણ મોગલોના મથુરા પ્રદેશના સૂબાઓના કાન


ભંભેરવાથી વિશ્રામઘાટ ઉપર એક યંત્ર (તાવિજ) બાંધ્યો હતો, જેને માટે એમ પ્રચાર થયો હતો કે કોઈ પણ હિન્દુ આ યંત્રની નીચેથી પસાર થશે તો શિખા (ચોટલી)નો નાશ થઈ જશે અને તેની જગ્યાએ દાઢી ઊગી જશે. આ અફવા ફેલાવવાથી મથુરામાં ભયજનક વાતાવરણ પૈદા થયું. આ આખીએ વિગત શ્રીગુસાંઈજી પ્રભુચરણને કાને ચોબાજી વગેરેએ નાખી. શ્રીગુસાંઈજીએ દિલ્હીમાં બીજો યંત્ર મુકાવ્યો અને આજ્ઞા કરી કે જે ઈસમ આ યંત્રની નીચેથી પસાર થશે તેની દાઢી નીકળી જશે ને શિખા (ચોટલી) થઈ જશે. આ બનાવ કેટલાકોને બન્યો જેથી આખા શહેરમાં હાહાકાર ફેલાયો. સૂબો ગભરાઈ ગયો. ઔરંગઝેબ પાસે રજૂઆત કરી. સુબાએ શ્રીગુસાંઈજીના ચમત્કારો જોઈને વિનય અને વિવેકથી શ્રીગુસાંઈજીને વિનંતી કરી. શ્રીગુસાંઈજીએ કહ્યું કે જો મથુરાના વિશ્રામઘાટ ઉપરથી આપનો મૂકેલો યંત્ર ઉઠાવી લો તો અમે દિલ્હીમાંનો અમારો યંત્ર ઉઠાવી લઈએ. બાદશાહે યંત્ર ઉઠાવી લીધો. શ્રીગુસાંઈજીએ પોતાનો યંત્ર ઉઠાવી લેવડાવ્યો. આમ વૈર ભુલાયું અને પ્રેમ કેળવાયો.

મોગલ રાજ્યના પડતીકાળમાં વ્રજમાં મથુરામાં રાજપૂત અને જાટ સત્તાધીશ થયા. આ સમયથી ફરીથી વ્રજ પરિક્રમાનો કાર્યક્રમ શરૂ થયો. લગભગ ૯૨ વર્ષ સુધી પરિક્રમાનું કામ બંધ રહેલું.

સંવત્ ૧૮૦૫માં ગોસ્વામી શ્રીપુરુષોત્તમલાલજી મહારાજ, જેઓ ખ્યાલવાળા તરીકે પ્રસિદ્ધ છે, તેઓશ્રીએ પરિક્રમા શરૂ કરી. તે સમયે પચાસ દિવસ થતા હતા. આ વખતે એક પુસ્તક પણ પ્રગટ થયું હતું. આ ક્રમ ઘણાં વર્ષો સુધી ચાલુ રહ્યો.

ગોસ્વામી શ્રીગોપાલલાલજી મહારાજ શ્રીવ્રજનાથજીના ભત્રીજાએ સંવત્ ૧૯૭૪માં આ યાત્રાક્રમમાં ફેરફાર કર્યો અને પચીસથી છવ્વીસ મુકામો નક્કી કર્યા. યાત્રા પિસતાલીસ દિવસની નક્કી થઈ તે મુજબ આજે પણ વ્રજયાત્રા ચાલુ છે.

આજે દર વર્ષે કોઈ પણ ગોસ્વામી આચાર્યશ્રી દ્વારા પિસતાલીસ દિવસની યાત્રા ચાલુ છે અને હજારો વૈષ્ણવો પચીસથી છવીસ મુકામોમાં ભાવથી યાત્રા કરે છે.



મથુરા

'મથુરાયાં કૃતં પાપં મથુરાયાં વિનશ્યતિ'

મથુરામાં કરેલું પાપ મથુરામાં નાશ પામે છે. શાસ્ત્રમાં મોક્ષદાતા મથુરાની આ વિશેષતા છે.

વિશ્રાંતસંજ્ઞકં દૃષ્ટ્વા તીર્થં વિષ્ણું ચ કેશવમ્ ।
સર્વેષાં દર્શન પુણ્યમેભિઃ દૃષ્ટૈઃ ફલં લભેત્ ॥

વિશ્રામ તીર્થ, વિષ્ણુ તથા કેશવરાયજીનાં મથુરામાં દર્શન કરવાથી પુણ્ય ફલ મલે છે.

મથુરા શહેરની ચાર દિશાઓમાં શિવજીનાં મંદિરો છે. પૂર્વે પિલ્લેશ્વર, પશ્ચિમે ભૂતેશ્વર, ઉત્તરે ગોકર્ણેશ્વર, દક્ષિણે રંગેશ્વર. આથી શ્રીશિવ ભગવાનને મથુરાના કોટવાળ કહે છે.

૨૫૨ વાર્તામાં ૮૪મી વાર્તામાં, ૯૩મી વાર્તામાં, ૨૪૯મી વાર્તામાં પરિક્રમાની વાતને પોષણ મળે તેવા શ્રીગુસાંઈજીના સેવકોના પ્રસંગો છે. આ જ રીતે ૮૪ વાર્તામાં શ્રીમહાપ્રભુજીના સેવકોમાં વાર્તા ૫૮મી, ૬૬મી તથા બીજી વાર્તાઓમાં ઘણા પ્રસંગો છે.

શ્રીકેશવદેવજીનું મથુરાનં સુપ્રસિદ્ધ મંદિર એ ભગવાન શ્રીકૃષ્ણનું જન્મસ્થાન છે. છેલ્લાં બે હજાર વર્ષોમાં અહીં અનેક વખત વાસુદેવ શ્રીકૃષ્ણનું મંદિર બાંધવામાં આવ્યું હતું. ચંદ્રગુપ્ત વિક્રમાદિત્ય રાજાએ પાંચમી શતાબ્દીમાં અહીં વિશાળ મંદિર બંધાવ્યું હતું. મહમદ ગઝનવીએ ભારતમાં અગિયારમી શતાબ્દીમાં આ મંદિરનો સંપૂર્ણ નાશ કર્યો. આમ છતાં મહમદ ગઝનવીનું પોતાનું લખાણ છે કે ''જો કોઈ મનુષ્ય આવું મંદિર બંધાવવા ધારે તો ૧ કરોડ દીનાર-સોનામહોર ખર્ચ થાય અને ઘણાં વર્ષો સુધી બાંધકામ ચાલુ રહે.'' આવું લખનાર મહમદ ગઝનવીએ સંવત્

૧૦૭૩માં મથુરાનાં મંદિરોનો નાશ કરેલો.

સંવત્ ૧૯૭૪થી શ્રીવ્રજનાથજી મહારાજના ભત્રીજા શ્રીગોપાલલાલજી પરિક્રમાઓ કરતા હતા. તેઓ પ્રવાસમાં હોય (પરદેશ) તોપણ ભાદરવા મહિનામાં યાત્રાસમયે મથુરામાં પધારતા હતા અને નિયમિત પરિક્રમા કરતા હતા. વ્રજભૂમિનાં લીલાસ્થળોની યાત્રાના આપ આગ્રહી હતા. પંચમ પીઠાધીશ્વર મહારાજે ઘણાં વર્ષો પહેલાં આ પરિક્રમા નિયમ લઈને કરી હતી. ત્યારબાદ શ્રીવલ્લભજી મહારાજશ્રીએ નિયમ લઈને સંપૂર્ણ વ્રજયાત્રા-પરિક્રમા કરી હતી. આ યાત્રામાં સારી સંખ્યામાં વૈષ્ણવો દૂર- દૂરથી આવ્યા હતા.

સંવત્ ૧૯૫૯-ઈસ્વીસન ૧૯૦૨માં પંચમ પીઠાધીશ્વર નિ.લી. ગોસ્વામી શ્રીદેવકીનંદનાચાર્યજી મહારાજશ્રીએ-બાપાશ્રીએ આ પરિક્રમા કરી હતી. આ સમયે આપના પુત્ર શ્રીવલ્લભલાલજી મહારાજે મથુરામાં વિશ્રામઘાટ ઉપર નિયમો લીધા હતા. છેલ્લાં લગભગ સૌ વર્ષથી કામવનમાં બિરાજતા શ્રીગોકુલચંદ્રમાજીપ્રભુને શ્રીદેવકીનંદનાચાર્ય મહારાજશ્રીએ બિકાનેરથી કામવનમાં પધરાવ્યા હતા. આ યાત્રાના મુખ્ય સેવકો નીચેના હતા :

(૧) મુંબઈના આપના સેવક ઉદ્યોગપતિ ભાટિયા વૈષ્ણવ શેઠ શ્રીપ્રાગજી સુરજી

(૨) આપના સેવક ભાટિયા વૈષ્ણવ નરસિંહ ખટાઉ (હાલ શ્રીગોકુલચંદ્રમાજીના મંદિરના ટ્રસ્ટી) શેઠશ્રી બાબુભાઈના વડીલ.

ચાલીસ હજાર વૈષ્ણવોએ આ પરિક્રમામાં ખૂબ ઉત્સાહથી લાભ લીધો હતો.

પ્રભુ શ્રીગોકુલચંદ્રમાજીને મથુરામાં પધરાવી પાછળ કામવન સુધી પધરાવીને વિવિધ પ્રકારના મનોરથો કર્યા હતા. હાલમાં પણ જે જે સ્થળોએ શ્રીગોકુલચંદ્રમાજીને પધરાવ્યા હતા ત્યાં અવશેષોના ઝાંખીનાં ચિહ્નો છે.

સંવત્ ૨૦૪૧ના વર્ષની પંચમ પીઠાધીશ્વર ગોસ્વામી શ્રીગોવિંદલાલજી મહારાજશ્રીની અધ્યાક્ષતામાં ગોસ્વામીશ્રી ગિરધરલાલજી મહોદય, ગોસ્વામીશ્રી દ્વારકેશલાલ મહોદય, ગોસ્વામી શ્રીનવનીતલાલજી મહોદય તથા ગોસ્વામી શ્રીમુરલીધરજી મહોદયની,

ચારેય બાળકો સાથે, પરિક્રમા યોજાઈ છે. આ યાત્રાની ખાસ વિષેશતા એ છે કે પંચમ નિધિ સ્વરૂપ શ્રીગોકુલચંદ્રમાજીને પધરાવીને વિવિધ મનોરથો કરવાનું યોજાયું છે.

શ્રીનાથજી બાવાના પ્રતીક સ્વરૂપે નાથદ્વારા (મેવાડ)થી શ્રીધ્વજાજીને ભાદરવા વદિ ૧૩ (વ્રજ આસો વદિ ૧૩)થી (તા. ૧૨-૧૦-૮૫) શ્રીકુંડ ઉપર ૩ દિવસ પધારશે.

તા. ૧૨-૧૦-૮૫ થી તા. ૧૪-૧૦-૮૫ સુધી શ્રીધ્વજાજી બિરાજશે અને અલૌકિક મનોરથો થશે. ચોરાશી કોશ વ્રજમંડળમાં પરિક્રમામાં શ્રીધ્વજાજી પધરાવવાનો મનોરથ પહેલી વખત થશે.

શ્રીપંચમપીઠાધીશ્વરના મનોરથથી વૈષ્ણવોને આવો સુંદર લાભ મળે છે તે સૌનાં અહોભાગ્ય છે.

મથુરાનું શાસ્ત્રમાં મહત્ત્વ

વેદ, પુરાણ અને સંહિતા ગ્રંથોમાં મોક્ષદાયિની મથુરાનું અનેક સ્થળે મહત્ત્વ બતાવ્યું છે :

અયોધ્યા મથુરા માયા
કાશી કાંચી અવન્તિકા।
પુરી દ્વારાવતી ચૈવ
સપ્તૈતા મોક્ષદાયિકા:॥

અયોધ્યા, મથુરા, હરદ્વાર, કાશી, કાંચી, ઉજ્જૈન અને દ્વારકા આ સાત નગરી મોક્ષ આપનારી છે. આમાં સાડા ત્રણ વિષ્ણુ ભગવાનની છે, સાડા ત્રણ શ્રીમહાદેવજીની છે. વિષ્ણુની સાડા ત્રણ નગરી દ્વારકા, મથુરા, અયોધ્યા તથા અર્ધી વિષ્ણુ કાંચી, શિવની કાશી, ઉજ્જૈન હરદ્વાર અને અર્ધી શિવકાંચી.

મથુરા-મધુરા

મધુર આનંદ આપનારી નગરી તે મથુરા.

અથર્વવેદ ગોપાલતાપિની ઉપનિષદમાં ઉલ્લેખ છે કે

મથ્યતે તુ જગત્ સર્વં બ્રહ્મજ્ઞાનેન યેન વા।
તત્સારભૂતં યદસ્યાં મથુરા સા નિગદ્યતે॥

બ્રહ્મજ્ઞાન તથા ભક્તિયોગથી વિશ્વનું મંથન થાય છે. જે પાપના સમૂહનું મંથન કરે તે જ મથુરા કહેવાય-જ્ઞાન અને ભક્તિ બંનેનો સમન્વય હોય તે મથુરા.

ગર્ગસંહિતામાં લખ્યું છે કે.......

પુરીશ્વરીં કૃષ્ણપુરીં વ્રજેશ્વરીં
તીર્થેશ્વરીં યજ્ઞતપોનિધીશ્વરીમ્।
મોક્ષપ્રદાં ધર્મધુરંધરાં પરાં
મધોર્વને શ્રીમથુરાં નમામ્યહમ્॥

પુરીઓની રાણી કૃષ્ણપુરી છે. તે તીર્થની અને વ્રજની ઈશ્વરી છે. તપનિધિ, મોક્ષપ્રદી મથુરાને હું વંદન કરું છું.

કીર્તનોમાં 'મથુરા તીન લોક સૂં ન્યારી' એમ વર્ણન છે.

પદ્મપુરાણમાં ભગવાને આજ્ઞા કરી છે કે :

અહો ન જાનન્તિ નરા દુરાશયા:
પુરીં મદીયાં પરમાં સનાતનીમ્।
સુરેન્દ્રનાગેન્દ્રમુનીન્દ્રસંસ્તુતાં
મનોરમાં તાં મથુરાં પરાકૃતિમ્॥

મથુરા મારું સ્વરૂપ છે, જેની દેવતાઓ અને નાગમુનિઓએ સ્તુતિ કરી છે. આ નગરીને-પરમ રમ્ય સ્થળને પાપવાળા જાણતા નથી.

ભક્તકવિશ્રી દયારામભાઈએ શ્રીવ્રજવિલાસામૃત નામના ૭૪ કડીના વ્રજભાષાના ગ્રંથમાં આ પરિક્રમા સંબંધી વ્રજભાષાના કાવ્યમાં ઘણું સારું વર્ણન કર્યું છે. તેમાં લખ્યું છે કે

શ્રીમથુરાપુરી હૈ રુચિકારી, પ્રકટ ભયે જહાં શ્રીગિરધારી, તહાં કારાગૃહકો સ્થલ ભાયે, જહાં વસુદેવ દેવકી રાયે... વગેરે. વારાહ પુરાણમાં લખ્યું છે કે

વિંશતિર્યોજનાનાં ચ માથુરં મમ મંડલમ્।
યત્ર તત્ર નર: સ્નાત્વા મુચ્યતે સર્વપાતકૈ:॥

મથુરામંડળનો વિસ્તાર ૨૦ યોજન એટલે કે ૮૦ કોશ છે. તેમાંનાં તીર્થસ્થાનોમાં સ્નાન કરવાથી માણસનાં બધાં જ પાપ નાશ પામે છે.

ભક્તકવિશ્રી દયારામ ભાઈએ લખ્યું છે કે

વ્રજચોરાશી કોસ હૈ, કમલાકાર અનૂપ,
વ્રજમેં જો જો વસ્તુ હૈ સો સબ ભગવદ્રૂપ.
જાકો સુમરન કરત હી તારે ભવતમકૂપ.
એક તત્ત્વ હૈ જુગલ છબી વ્રજસુંદરી તદંગ,

ભૂતલ લીલા પ્રગટ કરી રસિકન દેત ઉમંગ.
જો લીલા જો અયન કરી સો સબ સાંગોપાંગ,
શ્રીવિઠ્ઠલપ્રભુ યાત્રાધીશ ભાષી પ્રગટ અભંગ.

કવિશ્રીને મૂળ નાપાના વિદ્યાગુરુ શ્રીઈચ્છારામ ભટ્ટજીની કૃપાથી ાથદ્વારમાં ગોસ્વામી શ્રીવલ્લભજી મહારાજે દીક્ષા આપી અને આશીર્વાદ ખાપ્યા. આથી વ્રજભૂમિમાં કવિશ્રીને પ્રભુનો સાક્ષાત્કાર થયો છે. કવિને મન્ને ગુરુના વચનમાં સંપૂર્ણ વિશ્વાસ હતો તેનું આ સુંદર ફળ છે.

ગુજરાતી છ ચોપડી ભણેલા, માતાપિતા વિનાના, ચાણોદ તીર્થમાં ારીબાઈમાં ઊછરેલા અને થોડું ભણેલા આ કવિને પ્રભુનો સાક્ષાત્કાર ાતાં ૧૮ ભાષામાં કાર્યો લખી શક્યા હતા.

ગિરિધર મૂંજો પ્રાણ, તુંહી શાવલડો પ્યારો.

આ એક જ કાવ્યમાં ૧૮ ભાષાઓ છે અને તે ગુરુકૃપા અને ભુકૃપાનું સુંદર પરિણામ છે.

દર વર્ષે ડભોઈમાં ભાદરવા સુદિ ૧૨ વામનજયંતી ઉપર કવિશ્રીની ન્મજયંતી બે દિવસ સુધી ધામધૂમથી ઊજવાય છે. તેમનાં કાવ્યો, દો, ગરબી, ગરબા, રાસ વગેરે સાહિત્ય મનનીય છે. શ્રીકૃષ્ણ પ્રભુના ઓ અનન્ય દૃઢાગ્રહી ભક્ત હતા.

હાલ ડભોઈમાં દયારામ ભાઈનું ગ્રંથ સાહિત્ય, તંબૂર, વસ્ત્રો, ચશ્માં ગેરે સુરક્ષિત છે. જિજ્ઞાસુએ જવા જેવું છે. વડોદરાથી એક કલાકનો સ્તો છે. દયારામભાઈનું આંતર જીવન કાવ્ય ગ્રંથમાળાના ભાગો, ગરબા, રબી, પદો તેઓ ગાતા હતા તે જ રાગ અને ઢાળમાં ટેપરેકોર્ડ કરેલાં છે. ~~ઓ પુષ્ટિમાર્ગના અનન્યાશ્રયી અને ટેકીલા આગ્રહી હતા. તેમણે ઘણું~~ ાહિત્ય લખ્યું છે.

નોંધ : મર્હુમ સયાજીરાવ ગાયકવાડ મહારાજશ્રી વડોદરાથી અવારનવર લંડન તા હતા. અહીં રોકાણ કરતા હતા તે સમયે લંડનના એક ગુજરાતી વિદ્વાનના હેર પ્રવચનમાં કવિશ્રી દયારામભાઈનાં કાવ્યોની ભારોભાર પ્રશંસા કરી હતી. ારબાદ મહારાજા વડોદરા આવ્યા અને તરત જ ડભોઈ ભક્તકવિશ્રી ારામભાઈના જન્મ સ્થળના દર્શન કરવા ગયા હતા. તેઓશ્રીએ ખાત્રી કરીને વે સ્ટેશન ટાવરથી હીરાભાગોળના રસ્તાનું નામ ''દયારામ રોડ'' આપ્યું છે ો શિલાલેખ આજે પણ ટાવર લાઈબ્રેરી મકાનની નીચેના ભાગમાં છે, જે પ્રદાય માટે ગૌરવવન્તો વિષય છે.


સને ૧૯૩૪ થી ૩૯ સુધીનાં છ વર્ષ સુધી મને ડભોઈની આ પવિત્ર ભૂમિનાં લગભગ એક હજાર ભાઈબહેનોને ગીતાજી, પુષ્ટિમાર્ગના તમામ ગ્રંથો તેમજ દયારામભાઈનાં કાવ્યો ભણાવવાની તક મળી હતી. ઘણી વખત દયારામ ભાઈની જયંતી ઉપર મને લાભ મળ્યો છે. દયારામ સાહિત્ય સભાના પ્રમુખ તરીકે તથા દયારામ સ્મારક સમિતિના મંત્રી તરીકે મને સેવા કરવાની તક મળી હતી તે હું હજીયે ભૂલી શક્યો નથી. સૌની મદદથી દયારામ સ્મારક રૂપે દયારામ બાલ પુસ્તકાલય, દયારામ મહિલા પુસ્તકાલય અને દયારામ ભવન બંધાયાં છે.

- રમણલાલ શાસ્ત્રી

'પાઓ પ્રેમરસ પ્રાણજીવન રે, દીન થઈને યાચું રે'
'જે કોઈ પ્રેમઅંશ અવતરે પ્રેમરસ તેના ઉરમાં ઠરે'
'શ્યામ રંગ સમીપે ન જવું મારે શ્યામ રંગ સમીપે ન જાવું'
વગેરે સેંકડો ગરબી-ગરબા લોકજીભે હજુએ રમી રહ્યાં છે.

પરિક્રમા શા માટે ?

શ્રીવ્રજપરિક્રમામાં સપ્તપુરી, પાંચસરોવર, ચારધામ, ૬૮ તીર્થ વગેરે આધિદૈવિક સ્વરૂપે વિરાજે છે. પૂજ્ય ગોસ્વામી આચાર્યશ્રી સાથે સમસ્ત વૈષ્ણવ યાત્રાળુઓએ પાળવાના નિયમો શ્રીયમુનાજીના વિશ્રામઘાટ ઉપર પોતાના તીર્થગોર-ચોબાજીના ચરણ ધોઈ આશીર્વાદ લઈને યમુનાજીનું જળપાન કરી, પૂજન-દંડવત્ કરી ભેટ ધરી, દાન-દક્ષિણા આપી શ્રીમદ્‌વલ્લભાચાર્યજી-શ્રીમહાપ્રભુજીની બેઠકે દંડવત્‌પ્રણામ કરી પછી જ મથુરાની પરિક્રમા કરવા નીકળે છે.



મુખ્ય સ્થળો :

રામજીદ્વાર :

જ્યાં રામાયણના રચયિતા કવિશ્રી તુલસીદાસજી તથા તેમના ભાઈ શ્રીમહાપ્રભુજીના સેવક રામદાસજી બન્ને સાથે હતા, રામદાસને કૃષ્ણસ્વરૂપે અને તુલસીદાસજીને રામસ્વરૂપે પાવન કર્યા. આ અંગે વાર્તા ૮૪ પૈકીમાં વિગત છે, જેમાં બન્નેની અનન્યતા જળવાઈ છે.

દાઉજી, શ્રી મદનમોહનજી, શ્રી ગોકુલનાથજી, શ્રી મથુરાનાથજી, શ્રી દ્વારકાનાથજી, શ્રી નવનીતલાલજી વગેરેનાં દર્શન કરવાં.

(૧) દાઉજી-મદનમોહનજી

બંગાળી ઘાટ ઉપર આ મંદિર આવ્યું છે. અહીં વ્રજયાત્રા ખાસ આગ્રહી ગોસ્વામી શ્રીગોપાલલાજી મહારાજનું આ મંદિર છે. જ્યારે શ્રીગુસાંઈજી ગૌઘાટ ઉપર શ્રીયમુનાજીમાં સ્નાન કરવા પધાર્યા ત્યારે આ સ્વરૂપ આપને મળ્યું હતું. શ્રીમદનમોહનજીના શ્રીઅંગ ઉપર જનોઈ, કંઠી, ચોકી અને ઘોડીનું ચિહ્ન છે. થોડાંક વર્ષો ઉપર આ સ્વરૂપ ચોરાઈ ગયાનું કહેવાય છે.

(૨) દાઉજી :

ખ્યાલવાળા ગોસ્વામીશ્રી પુરુષોત્તમલાલજી મહારાજશ્રીને સ્વપ્નામાં આજ્ઞા થઈ કે અડીંગના તળાવમાં મારું સ્વરૂપ છે તે પધરાવી લાવો. ત્યારબાદ આ સ્વરૂપને ત્યાંથી પધરાવી પાટ બેસાડી સેવાક્રમ ચાલુ કર્યો. હાલ આ સ્વરૂપ બંગાળી ઘાટ ઉપર વિરાજે છે.

(૩) અદ્‌ભુતરાયજી :

શ્રીગુસાંઈજીએ શ્રીગોવર્ધનનાથજીના પ્રસાદી ચંદનમાંથી આ સ્વરૂપ બનાવ્યું છે અને કહ્યું છે કે ''બડો અદ્‌ભુત સ્વરૂપ ભયો.'' ત્યારથી આ

સ્વરૂપનું નામ 'અદ્‌ભુતરાયજી' પડ્યું છે. આ સ્વરૂપની ચતુર્થલાલજી શ્રીગોકુલનાથજીએ સેવા કરી હતી. હાલમાં આ સ્વરૂપ કાંકરોલી-મથુરાવાળા ગોસ્વામી શ્રીવિઠ્ઠલનાથજી મહારાજશ્રીના પુત્ર શ્રીયદુનાથજી બાવાશ્રીને માથે વિરાજે છે.

(૪) છોટે મદનમોહનજી :

આ સ્વરૂપ બંગાળી ઘાટ ઉપર વિરાજે છે. અહીં કુલ ત્રણ સ્વરૂપો વિરાજે છે : શ્રીમદનમોહનજી, શ્રીદ્વારકાનાથજી તથા શ્રીમથુરાનાથજી. ત્રણ સ્વરૂપો ગોસ્વામી શ્રીવ્રજરમણલાલજી મહારાજશ્રીના લાલ ગો. શ્રીપ્રાણવલ્લભજી મહારાજના માથે વિરાજે છે.

(૫) શ્રીનાથજીનું મંદિર :

આ મંદિર માણેકચોકમાં આવેલું છે. માંડવીવાળાં શ્રીયમુના બેટીજીને માથે વિરાજે છે. આ મંદિરમાં જ્યોતિષને લગતા ઘણા યંત્રો જોવા મળે છે.

(૬) શ્રીગોવર્ધનનાથજીનું મંદિર :

આ મંદિર સતીબુર્જ પાસે આવેલું છે. તિઘરા શ્રી કમળાબેટીજી (શ્રીછગુબા)ને માથે બિરાજે છે, સંપ્રદાયના પ્રખર પંડિત શ્રીબલભદ્રલાલાજી પાસે, અહીં ઘણા જ વિદ્વાનો આવતા. હું તથા મારા પિતાશ્રી શાસ્ત્રાચર્ચા માટે ઘણા વખત જતા હતા.

(૭) શ્રીગોવર્ધનનાથજીનું મંદિર :

આ મંદિર સ્વામીઘાટ ઉપર આવેલું છે. હાલમાં અહીં શ્રીઠાકોરજી વિરાજતા નથી.

(૮) સતઘરા : (શ્રીનાથજીની ચરણચૌકી)

સંવત ૧૬૨૩ ના કારતક માસમાં શ્રીગુસાંઈજી સપરિવાર પધાર્યા હતા. આપશ્રીની સેવક ગઢાની રાણી દુર્ગાવતીના અતિ આગ્રહથી નવા કલાત્મક ભવ્ય મંદિરમાં આપશ્રી બિરાજ્યા હતા. સાતે બાળકો સાથે વિરાજ્યા હોવાથી આ સ્થાનને 'સતઘરા' કહેવાય છે. સંવત ૧૬૨૩ મહા વદિ ૭ ને ગુરુવારે શ્રીગુસાંઈજી ગુજરાતમાં પધાર્યા હતા. આ સમયે શ્રીગુસાંઈજીના જ્યેષ્ઠ પુત્ર શ્રીગિરધરજી શ્રીગિરિરાજની સેવામાં ઉપર પધાર્યા. તે દિવસે પ્રસન્ન થઈને પોતાની ઈચ્છા અનુસાર મથુરામાં શ્રીનાથજીબાવા પધાર્યા તે જ દિવસે શ્રીનાથજીને પાટ બેસાડ્યા. તે દિવસથી મહા વદ ૭ નો દિવસ બધાં જ પુષ્ટિમાર્ગીય મંદિરોમાં તથા

વૈષ્ણવોમાં પાટોત્સવ તરીકે મનાય છે.

આ સમયે ઘરમાં બિરાજતા શ્રીનવનીતપ્રિયજી વગેરે સ્વરૂપો માટે વહુ બેટીજીઓ શ્રીઠાકોરીજી માટે રાજભોગની સામગ્રી સિદ્ધ કરી રહ્યાં હતાં તે જ સમયે શ્રીનાથજી પધાર્યાની વધાઈ સાંભળી, હર્ષમાં આવી રોટીમાં ખાંડ પધરાવી ખરમંડાની સામગ્રી સિદ્ધ કરી, ખીરની સાથે શ્રીનાથજી વગેરે સર્વ સ્વરૂપોને ભોગ ધર્યો. આ પ્રથા-પ્રણાલિકાનું પાલન આજે પણ સતઘરામાં ભોગ ધરતી વેળા કરવામાં આવે છે.

સતઘરા :

શ્રીગુસાંઈજીના સાત લાલજી આ સ્થાનમાં શ્રીગુસાંઈજી સાથે રહેતા હતા, આથી મહા વદિ ૧૦ શ્રીનાથજીબાવા ત્યાં પધાર્યા તે ભાવાવેષમાં વહુ બેટીજીઓએ રોટીમાં ખાંડ પધરાવી ખરમંડાની સામગ્રી ધરી. આ સર્વનો ભાવ આજે પણ જળવાઈ રહ્યો છે. શ્રીગિરિધરજીએ રાજભોગ પછી પોતાનું સર્વસ્વ શ્રીનાથજીને અર્પણ કરી દીધું. આ શ્રીનાથજી પ્રત્યેનો પ્રેમ અને ત્યાગની ભાવનાનું પ્રતીક છે.


એક બેટીજીએ પોતાની વાળી રાખી હતી તે વાળી શ્રીનાથજીબાવાએ માગી લીધી અને ફાગના દિવસો હોવાથી વહુબેટીઓ સાથે પ્રત્યક્ષ હોળી ખેલ્યા હતા. શ્રીનાથજીએ પોતાના શ્રીહસ્તથી નૂતન પદ્ધતિથી ચાદર ઓઢાડી હતી. આજે પણ વલ્લભકુળનાં વહુબેટીજીઓને સાડી ઉપર ચાદર ઓઢવાની પ્રથા ચાલુ છે.

પોતાના ઘેર શ્રીનાથજી પધાર્યા છે એવા સમાચાર મળતાં શ્રીગુસાંઈજી તરત જ મથુરા પધારવા રવાના થયા. આ વિગત શ્રીનાથજીને મળતાં આપે શ્રીગિરિધરજીને આજ્ઞા કરી કે ગોવરધન કાકાજી (શ્રીગુસાંઈજી) અહીં પધારે તે પહેલાં મને ગિરિરાજ પર પધરાવો. આથી શ્રીગિરિધરજીએ કરેલી પ્રથમ રીત પ્રમાણે વૈશાખ સુદિ ૧૪ નૃસિંહ જયંતિના દિવસે રાજભોગ અને શયનભોગ સાંજના એકસાથે આવે છે. સતઘરા શ્રીનાથજીની ચરણચોકીના નામથી ઓળખાય છે. અહીં

દૂધઘરનો ભોગ ધરાય છે. વૈષ્ણવોએ આ સ્થાનમાં દર્શન કરવા અવશ્ય જવુ જોઈએ. દર્શન કરતાં આપણને ૪૦૦ વર્ષ પહેલાના ગૌરવપૂર્ણ ઈતિહાસનું સ્મરણ થાય છે. અહીં શ્રીનાથજી, શ્રીનવનીતપ્રિયજી, શ્રીગુસાંઈજી, સાત બાળકો, વહુજી બેટીજીઓ સંયુક્ત બિરાજતાં હશે

તે સમય કેવો દિવ્ય અને અલૌકિક હશે !

આ સિવાય શ્રીયમુનાજીનું મંદિર જે વિશ્રામઘાટ ઉપર આવેલું છે, ગત શ્રમ નારાયણનું મંદિર જે રામાનુજ સંપ્રદાયનું મંદિર છે તે પણ ત્યાં આવેલું છે. શ્રીઆદિવરાહજીનું મંદિર માણેકચોકમાં આવેલું છે. આ મૂર્તિસ્વરૂપ-સત્યયુગનું કહેવાય છે. શ્રીબિહારીજીનું મંદિર સંવત ૧૮૫૬ ના અરસામાં શ્રીપ્રાણનાથ સ્વામીજીએ બંધાવેલું છે. આ મંદિરની પાછળના ટીંબા ઉપર ગતશ્રમનું મંદિર છે. અહીં ટેકરામાંથી શ્રીગોવરધનધર-શ્રીકૃષ્ણની અત્યંત પ્રાચીન મૂર્તિ (સ્વરૂપ) મળી આવ્યું હતું. ત્યાંથી હનુમાન ગલીમાં થઈને શત્રુઘ્નના મંદિરે દર્શન કરીને બાજુમાં ગોપાલજીના મંદિરે (ચોબાજીની ગુરુગાદી) થઈને બિહારીજીન મંદિર, શ્રીપદ્મનાભજીનું મંદિર, મથુરાદેવી, દીર્ઘ વિષ્ણુ કેશવદેવજી, મયૂરાદેવી, મથુરેશ્વર મહાદેવ વગેરે નાનાં મોટાં સેંકડો મંદિરો છે, તેનાં દર્શન કરીને પરિક્રમા આગળ વધે છે. શ્વેતવરાહજી થઈને ગતશ્રમ નારાયણના જૂના મંદિરે થઈ વિશ્રામઘાટ થઈને શ્યામઘાટમાં શ્રીશ્યામજીના મંદિરે (છીતસ્વામીના વંશજ ચલાવે છે ત્યાં) થઈ પંચકોશી-મથુરાની અંતર્ગૃહી પૂરી થાય છે.



પરિક્રમાના નિયમો

દરેક પરિક્રમા કરનારે નીચેના નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું છે :

(૧) યાત્રામાં વૈષ્ણવોએ વહેલી સવારે ઊઠી શૌચ દંતધાવન સ્નાન કરી ધોયેલાં વસ્ત્ર પહેરી પછી યાત્રા કરવી જોઈએ. (૨) પરિક્રમા પગે ચાલીને જ કરવી. (૩) બને ત્યાંસુધી વાહનનો ઉપયોગ ન કરવો. (૪) ચામડાંના જોડા (પગરખાં ચંપલ પહેરવાં નહિ), કંતાનના સપાટ જોડા પહેરી શકાય, પરંતુ ખુલ્લા પગ રાખવાથી વ્રજરજની સાથે સીધો સબંધ થઈ શકે છે. (૫) હજામત કરાવવી નહિ. (૬) નખ રુવાટાં કાપવાં નહિ. લીલાંવૃક્ષ કાપવાં નહિ. પરિક્રમામાં જે જે તીર્થ કે દેવસ્થાન આવે તેનો ત્યાગ કરવો નહિ. (૭) પરિક્રમા યાત્રા દિવસે જ કરવી. (૮) પરિક્રમા દરમ્યાન એક વખત સાત્ત્વિક ભોજન લેવું. (૯) અતિથિ વૈષ્ણવોનો જે બને તે યોગ્ય સત્કાર કરવો. (૧૦) ક્રોધ, અસભ્યતા, સંસારની લૌકિક વાસનાઓનો ત્યાગ કરવો. (૧૧) ધોબીનાં ધોયેલાં કપડાં પહેરવાં નહિ. (૧૨) કુંડમાં સાબુનો ઉપયોગ કરવો નહિ. (૧૩) કોઈ બિમાર થાય, સૂતકી-આશૌચવાળાં થાય, બહેનો માસિક ધર્મમાં હોય તેમણે સૌએ શુદ્ધ થયા પછી યાત્રા કરવી જોઈએ. (૧૪) બ્રહ્મચર્ય સંયમ અને સદાચારવાળી સેવામાં ચિત્ત પરોવવું. (૧૫) ગોસ્વામી આચાર્યશ્રીની આજ્ઞાનું સંપૂર્ણપણે પાલન કરવું, જેનાથી લીલાસ્થાનોનાં દર્શન કરી સ્વરૂપાનંદનો અનુભવ થયા છે. યાત્રા દરમ્યાન પાંચ હજાર વર્ષ પહેલાંના પ્રસંગો જાણે આજે જ ન બન્યા હોય તેવી લીલાનો અનુભવ થાય છે.

કમલ લિયે કમલ મેં, માલા લીની સંગ,
ચલિ ગિરિવર ધરનકોં, મોહિત કોરી અનંગ.

વિશ્રામઘાટ બેઠક


યાદશી ભાવના યસ્ય સિદ્ધિર્ભવતિ તાદશી.

આ અગાઉ દિલ્હીના બાદશાહ સિકંદર લોદીના શાસનકાળમાં તેના સૂબા મારફતે મથુરામાં વિશ્રામઘાટ ઉપર એક યંત્ર મૂકવાની વિગત જણાવી છે. મથુરામાં એવી જાહેરાત કરી હતી કે જે હિન્દુ આ યંત્ર નીચેની જગ્યાએથી પસાર થશે તેની ચોટલીની જગ્યાએ દાઢી ઊગી જશે. આ વિગત ઉજાગર રચોબાએ તથા બીજા ચોબાઓએ દુઃખ હૃદયે શ્રીમહાપ્રભુજીને કહી-યમુનાજી દર્શન અને પાન બન્ને બંધ થવાથી ઊહાપોહ વધી ગયો હતો. શ્રીમદ્ વલ્લભાચાર્ય શ્રીમહાપ્રભુજીના પ્રતાપબળથી આ યંત્ર નિષ્ફળ ગયો. વિશ્રામઘાટનું પ્રવેશદ્વાર ખુલ્લું થઈ ગયું. વાસુદેવ છકડા, કેશવ ભટ્ટ કાશ્મીરી તથા ચોબાઓને લઈને શ્રીમહાપ્રભુજીએ દિલ્હીના દરેક દરવાજા ઉપર પોતાના યંત્રો લગાડાવ્યા. જે કોઈ આ યંત્રવાળા દરવાજાની નીચેથી પસાર થયા તેની દાઢી કપાઈ ગઈ અને ચોટલી ઊગી ગઈ. સેંકડો મુસ્લિમો હિન્દુ બની ગયા. સિકંદર લોદીએ શ્રીમહાપ્રભુજીના સેવકોને બોલાવ્યા અને ચર્ચા કરી.

નીડરતાથી આ સેવકોએ જણાવ્યું કે ' દરેક વ્યક્તિને પોતાનો ધર્મ પાળવાનો સ્વતંત્ર અધિકાર છે. અમો કોઈનું પણ ધર્મ પરિવર્તન ઈચ્છતા નથી. અમને પણ અમારો ધર્મ નિર્ભયતાથી પાળવાની તક મળવી જોઈએ.

'આપના સૂબાએ આપના હુકમથી મથુરામાં યંત્ર લગાડ્યો તેનું આ પરિણામ છે.' સિકંદર લોદીએ પોતાના માણસોને મોકલીને વિશ્રામઘાટ ઉપરનો યંત્ર ઉઠાવી લીધો. શ્રીમહાપ્રભુજીના સેવકોએ દિલ્હીના યંત્રો ઉઠાવી લીધા. શ્રીમહાપ્વભુજીના સેવકો કેટલા નીડર અને નિઃસ્પૃહ હતા તેનો આ યંત્રના પ્રસંગથી સૌને ખ્યાલ આવશે. સિકંદર લોદી યવન હોવાથી શ્રીમહાપ્રભુજી સન્મુખ ન જઈ શક્યો પરંતુ પોતાના પ્રસિદ્ધ ચિત્રકાર હોનહારને મોકલી સુંદર ચિત્ર દોરી લાવવા આજ્ઞા કરી. ત્રણ વખત હોનહાર ચિત્ર ન દોરી શક્યો. વૃક્ષોની ઘટામાંથી બહાર આવી દીનતાથી વંદન કર્યું, નિરભિમાની થયો. શ્રીમહાપ્રભુજીની આજ્ઞા અને આશીર્વાદથી ચોથી વખત સુંદર ચિત્ર બન્યું. આ ચિત્ર દિલ્હીના રાજખજાનામાં દર્શન માટે પધરાવ્યું.

સમય જતાં જહાંગીર બાદશાહના હાથમાં દિલ્હીનું શાસન આવ્યું. કિશનગઢના રાજા નાગરીદાસજી, જેઓ શ્રીમહાપ્રભુજીના સેવક હતા, તેમણએ લડાઈમાં ખૂબ મદદ કરી જીત અપાવી, આથી જહાંગીરે ખુશ થઈ જે માગે તે ભેટ સોગાદ આપવાનું કહ્યું. આ તક જોઈને કિશનગઢના રાજાએ શ્રીમહાપ્રભુજીનાં ચિત્રજીની માગણી કરી. આથી જહાંગીરે આ ચિત્રજી ભેટ આપ્યાં. કિશનગઢનરેશે સોનાની ફ્રેમમાં મઢાવી ત્યાંના મંદિરમાં પધરાવ્યું તે હાલ ત્યાં છે. શ્રી ઠાકોરજીના સ્વરૂપની ભાવનાથી ત્યાં સેવા થાય છે. ભાવિક ભક્તો ત્યાં દર્શનનો લાભ લે છે. આ સ્વરૂપ હાલ પૂ.ગોસ્વામી શ્રીશ્યામમનોહરજી મહારાજ, મોટા મંદિર, (હાલ જુહુ, વિલેપાર્લા) વાળાના માથે બિરાજે છે. કિશનગઢ જયપુર અને અજમેર થઈને જવાય છે.



મથુરાની અંતર્ગૃહી

મથુરાથી મધુવન

મથુરાની અંતર્ગૃહી પરિક્રમા પૂરી કરીને રાત્રિ મથુરામાં મુકામ કરી યાત્રા બીજા દિવસે સવારે મધુવન તરફ પ્રયાણ કરે છે.

માર્ગમાં શિવતાલ કુંડનું પાન કરી શિવતાલ બિહારીનાં દર્શન કરે છે. ત્યાંથી આગળ જતાં ધ્રુવજી તથા નારદ ઋષિના સમાગમનું સ્થળ આવે છે. અહીં બંનેનો વાર્તાલાપ થયો છે. શ્રીમદ્ભાગવતના ચતુર્થ સ્કંધ-અધ્યાય ૪-૮-૯-૧૦ માં ધ્રુવજીના તપની અને વરદાનની કથા છે. લવણાસુરની ગુફા આવે છે. ધ્રુવટીલા સ્થાનમાં ધ્રુવજીને નારાયણનાં દર્શન થાય છે તે દર્શન કરી પરિક્રમા મધુવન ગામમાં પ્રવેશે છે. ત્યાં મધુવનવિહારીનાં દર્શન કરી શ્રીકૃષ્ણકુંડમાં પાન કરી શ્રીમહાપ્રભુજી તથા શ્રીગુસાંઈજીની બંને બેઠકોએ દર્શન કરી ઝારી ચરણસ્પર્શ કરી મુકામ ઉપર સૌ જાય છે.

શિવતાલનું સંવત ૧૮૦૭ માં બનારસના રાજ્યમાન્ય રહીશ પટ્ટણીમલ્લે અષ્ટકોણનું સુંદર મંદિર બંધાવ્યું છે. એક હજાર વર્ષ પહેલાં આ સ્થાનમાં શ્રીશિવજીએ તપશ્ચર્યા કરી હતી. અહી ભૂતેશ્વર ક્ષેત્રપાળ છે. મધુવનમાં શ્રી મધુવનિયા ઠાકોરજીનું પ્રાચીન મંદિર છે. શ્રીકૃષ્ણના પ્રપૌત્ર શ્રીવજાનાભના ઠાકોરજી ચર્તુભુજસ્વરૂપે બિરાજે છે. ભાદરવા સુદિ ૧૧ના રોજ આ સ્થાનમાં મેળો ભરાય છે. પહેલાં શ્રીયમુનાજીનો પ્રવાહ મધુવનમાં થઈને વહેતો હતો. શ્રીકૃષ્ણ ભગવાને પોતાની ગોચારણલીલા અહીં કરી છે. મધુનામના દૈત્યનો ભગવાને અહીં નાશ કર્યો હતો, આથી આપનું નામ મધુસૂદન કહેવાય છે. મધુવનની બેઠકની

જોડે એક મર્યાદામાર્ગનું મંદિર છે, ત્યાં ગાયો છે. ઈટાલીના પાર્લામેન્ટના સભ્ય બહેનની કુ. દીકરીએ ઘણાં વર્ષો સુધી અહીં નિયમ લઈને તપ કર્યું હતું. આવાં અન્ય સ્થળે પણ વિદેશી બહેનોએ વ્રજભૂમિમાં તપ કર્યું છે. સફેદ વસ્ત્રો પહેરી, જાડી રોટલી અને ગાયનું દૂધ, બાફેલા બટાકા-આ સિવાય કંઈ આહાર કરતાં નથી. ચટાઈ ઉપર રહે છે. સૂવાનું પણ ત્યાં જ. વ્રજનો મહિમા બીજાઓને મન પણ ઘણો છે. પૂ. ગોસ્વામી રસિકરાયજી મહારાજ પોરબંદરવાળાને માથે આ બેઠકજી બિરાજે છે. આ સ્થાનમાં જ્યારે શ્રીમહાપ્રભુજીએ ભાગવતપારાયણ કર્યું ત્યારે શ્રી મધુવનિયા ઠાકોરજી કથા શ્રવણ કરવા પધારતા હતા. બાર વનમાં આ પ્રથમ વન છે.

ધનિ મધુવનકી માધુરી
ધનિ મધુકર ધનિ મોર,
મિલ રહે મહા મીતસો
ધનિ મૃગી માલ ચકોર.

આનો સાર એ છે કે મધુવન, ભ્રમર, મોર, મૃગ અને ચકોર પક્ષી પોતાના પ્રાણપ્રિય શ્રીઠાકોરજીને તૃપ્ત કરે છે, તેથી તેમને ધન્યવાદ છે.

શ્રીસ્વામિનીજી એક વખત સમાધિમાં બેઠાં. પોતાની સખીઓને શ્રીઠાકોરજી તથા કોઈ પણ વ્રજભક્તોને અંદર આવવાની મનાઈ કરી. શ્રીઠાકોરજી એ કોનું તપ કરે છે તે જાણવા અંદર પધાર્યા. શ્રીસ્વામિનીજી સમાધિદશામાં હતાં. પછી શ્રીસ્વામિનીજીએ શ્રીઠાકોરજીને વ્રજભક્તો સાથે દર્શન આપવા વિનંતિ કરતાં આપશ્રીએ તે પ્રમાણે દર્શન આપ્યાં.

મધુવનથી તાલવન

મુકામ મધુવનમાં રાખીને, પરિક્રમા તાલવન, જે બાર વનમાં બીજા નંબરનું વન છે. ત્યાં તાડનાં ઘણાં વૃક્ષો પ્રાચીન સમયમાં હતાં. ધેનુકાસુર દૈત્ય ગધેડાનું રૂપ લઈને ત્યાં રહેતો હતો, કોઈને પણ તાડીનાં ફળ ખાવા દેતો ન હતો, આથી પ્રભુએ શ્રીબળદેવજી-બડે ભૈયા શ્રીદાઉજી દ્વારા ચગડોળ માફક ફેરવીને ધેનુકાસુરનો સંહાર કર્યો. તાલવનમાંના તાડીનાં ફળ સૌ વ્રજભક્તોને ખાવાની છૂટ મળી ગઈ. એકલા ન ખાવું, પણ વહેંચીને ખાવું તે મુખ્ય સિદ્ધાંત છે. અહીં દાઉજીનું મંદિર છે. બલભદ્રકુંડ છે ત્યાં દાઉજીનો આશ્રય શ્રુતિરૂપા-તામસી સખીનો નિકુંજ છે.

તાલવનથી કુમુદવન

બાર વન પૈકી આ ત્રીજું વન છે.

અહીં શ્રીકપિલદેવજીનું મંદિર તથા જલવિહારીની જગ્યા છે. કૃષ્ણકુંડ ઉપર શ્યામ તમાલના વૃક્ષ નીચે શ્રીમહાપ્રભુજીની બેઠક છે. અહીં શ્રીનાથજીએ વેણુનાદ કરી વ્રજ ભક્તોને બોલાવ્યા હતા. શ્રીઠાકોરજીને વ્રજભક્તો દૂધ, દહીં વગેરે સામગ્રી આરોગાવતા.

કુમુદવનમાં શ્રીમહાપ્રભુજીએ દિવ્ય દૃષ્ટિ આપી કુમુદ અને કુમુદિની સહિત જલવિહાર મહેલ સહિત બે ઘડી સુધી સેવકોને દર્શન કરાવ્યાં. શ્રીસ્વામિનીજીના મનોરથથી અહીંયાં કુમુદા અને કુમુદિનીને આજ્ઞા કરી બે કુંડ તૈયાર કરાવી કુમુદા અને કુમુદિની સહચરીને આજ્ઞા કરી તેથી આ વનનું નામ કુમુદવન પડ્યું છે. અહીંથી થોડેક દૂર કદમખંડી છે. આ બેઠકજી ગો. શ્રીવિઠ્ઠલનાથજી મહારાજના પુત્ર શ્રીયદુનાથજી બાવા શ્રીમથુરાવાળાની માલિકીની છે. અહીં લાલ કદમનો બાગ છે, આથી આ સ્થાનને લાલવન કહે છે. બેઠકજીની બાજુમાં શ્રીકપિલદેવજીનું મંદિર છે. અહીં કપિલ ભગવાનનું તપશ્ચર્યાનું સ્થાન છે. શ્રીકપિલદેવજીએ તપ કર્યું છે. અહીં શ્રીકપિલદેવની મૂર્તિ બિરાજે છે. કુમુદવનથી લાલવન થઈ મધુવનમાં પરિક્રમા આવીને રાત્રિ મુકામ કરે છે. ત્રીજા દિવસનો ક્રમ અહીં પૂરો કરી ચતુર્થ-ચોથા દિવસની પરિક્રમા આવે છે.

રસ્તામાં ગિરિધરપુરા ગામ આવે છે. અહીં દુર્ગાદેવીનાં દર્શન છે. જ્યારે શ્રીકૃષ્ણ ભગવાન ગાયો ચરાવવા પધારતા હતા ત્યારે આ દેવીએ ભગવાનનું પૂજન કર્યું હતું. વધુમાં કહ્યું હતું કે 'જ્યારે આપશ્રી ગિરિરાજજીને ધારણ કરશો ત્યારે હું વીજળીરૂપે તડાકા કરીશ તેની મને ક્ષમા આપજો. ઈન્દ્રરાજા આપને શરણે આવશે.'

દુર્ગાદેવીની આજ્ઞાથી આ ગામનું નામ ગિરિધરપુરા પડ્યું છે. ત્યાંથી આગળ શાંતનકુંડનું સ્થાન છે. ઊંચા ટેકરા ઉપર શાંતનું-બિહારીનું મંદિર છે. શાંતનું રાજાએ પોતાને પુત્ર-સંતાન ન હોવાથી આ સ્થાનમાં તપ કરેલું. આ તપથી તેમને ત્યાં પુત્રજન્મ થયો. આ પુત્ર તે ભીષ્મપિતામહ. તેઓ આજીવન બ્રહ્મચારી રહ્યા છે. કૌરવોના સરસેનાપતિ અને દાદાભીષ્મ તરીકે પ્રસિદ્ધ છે. શ્રીમદ્ભાગવતના પ્રથમ સ્કંધના નવમા અધ્યાયમાં ભીષ્મસ્તુતિનો સુંદર પ્રસંગ છે. ગંગાકિનારે બાણની શય્યા ઉપર લગભગ બે મહિના તપ કરેલું. પ્રભુએ સન્મુખ દર્શન આપ્યાં. શ્રીમદ્ભાગવતના પહેલા સ્કંધના ભીષ્મસ્તુતિના શ્લોકો મનનીય છે. શાંતનું રાજાએ અહીં શ્રીઠાકોરજી તથા શ્રીબળદેવજીને સતુવાનો ભોગ ધર્યો હતો. અહીં શાંતનુબિહારીજી, શ્રીબળદેવજી તથા શ્રીગિરિધરજીનાં મંદિરો છે. આ કુંડનું એવું માહાત્મ્ય છે કે જે સ્ત્રીને પુત્ર ન થતો હોય અથવા જન્મ્યા પછી જીવતો ન હોય તેવી બહેનોએ આ કુંડમાં શુદ્ધ મનથી સ્નાન કરવું અને મંદિરની પાછળ જ્યાં ચોતરો છે ત્યાં ગાયના ગોબર (છાણ)નો સાથિયો કરે તો તેની મનઃકામના-મનની ઈચ્છા સિદ્ધ થાય છે, પુત્રજન્મ થાય છે.

હતિયા (દતિયા) ગામે થઈને પરિક્રમા આગળ જાય છે. હતિયા ગામમાં ભગવાને દંતવકત્ર દૈત્યને માર્યો છે. હતિયા (દતિયા) ગામથી પાંચમા દિવસે પરિક્રમા ગણેશરા ગામ ગંધર્વકુંડ થઈ આગળ જાય છે. રસ્તામાં ખચેરા ગામ આવે છે ત્યાં શ્રીઠાકોરજીએ માસી પૂતનાને મારી હતી. તેણીને ખેંચીને આગળ જ્યાં લાવ્યા તે સ્થાન હાલનું ખચેરા ગામ છે. અહીં ખચેરાકુંડ છે. ત્યાંથી આગળ પરિક્રમા બહુલાવનમાં આવે છે. આ વન એ બાર વનમાં ચોથું વન છે. અહીં બહુલા ગાયનું, બહુલાવિહારીજીનું અને બલભદ્રજીનું મંદિર છે. કૃષ્ણકુંડ ઉપર વડના વૃક્ષની નીચે શ્રીમહાપ્રભુજીની બેઠક છે. તેની બાજુમાં એક ગાય અને એક સિંહ સામસામાં ઊભાં છે, પાસે શ્રીઠાકોરજી ગાયો ચરાવતા હતા ત્યારે એક સિંહ આવ્યો તેને જોઈને ડરથી બધી ગાયો નાસી ગઈ, પરંતુ એક ગાય, જેનાથી નાસી શકાયું નહિ, તેની પ્રભુએ રક્ષા કરી.

સિંહ આ ગાયની જરા પણ ઈજા કર્યા વિના ચાલ્યો ગયો. ત્યારથી બધા ગામના લોકો આ ગાયનું પૂજન કરવા લાગ્યા. કાળક્રમે-સમય જતાં આ ગાયનું મરણ થયું. ગામલોકોએ પથ્થરની સુંદર ગાય બનાવી તેની પ્રતિષ્ઠા કરાવી. તે જ ભાવનાથી મંદિરમાં આજે પણ ગાય અને

સિંહ અને શ્રીઠાકોરજી ત્રણેનાં સ્વરૂપો પૂજાય છે. લોકો પોતાની મન:કામના પૂર્ણ કરવા આ ગાયને ઘાસ પાણી નીરતા હતા.

એક વખત શ્રીમહાપ્રભુજી પધાર્યા. આપશ્રીએ શ્રીકૃષ્ણકુંડ ઉપર મુકામ કરી ત્રણ દિવસ સુધી શ્રીમદ્‌ભાગવત પારાયણ કર્યું. તે અરસામાં ત્યાંના હાકેમે ગાયની પૂજાવિધિ બંધ કરાવી. મુસ્લિમોને મુસલમાન હાકેમે કહ્યું કે 'પથ્થરની ગાય જો ઘાસ અને દાણા ખાય તો હું ગાયનું પૂજન ચાલુ કરાવું.' શ્રીમહાપ્રભુજીએ આ વાત સાંભળી સૂબાને પોતાની પાસે બોલાવ્યા અને બહુલા ગાયની પથ્થરની મૂર્તિ પાસે ઘાસ અને દાણા મંગાવી આજ્ઞા કરી કે 'મૂર્તિના પૂછડા પાછળ મૂકો'. ઘાસ અને દાણા મુકાઈ જતાં પથ્થરની ગાય જીવતી બની ગઈ, મુખ ફેરવીને ઘાસ-દાણા ખાઈ ગઈ. આ ચમત્કાર નજરે જોયા પછી હાકેમ શ્રીમહાપ્રભુજીના ચરણકમળમાં નમી પડ્યો. શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે 'ગાયની પૂજા બંધ કરવાથી હવે પછીથી બીજા જન્મમાં તારો અંગીકાર થશે.' ત્યાર બાદ જ્યારે હાકેમનો દેહ છૂટ્યો અને તેનો જન્મ ગોપાલપુરમાં (ગિરિરાજની બાજુમાં) થયો ઢીંમરને ત્યાં તે જન્મ્યો. તેનું નામ મેહા ઢીંમર હતું. તે શ્રીગુસાંઈજીનો સેવક થયો. આ રીતે હાકેમ માટે શ્રીમહાપ્રભુજીનું આજ્ઞાવચન સિદ્ધ થયું. આ સ્થળે વૈષ્ણવો બહુલાને ચંદ્રાવલીજીનું સ્વરૂપ તથા સિંહને શ્રીઠાકોરજીનું સ્વરૂપ માને છે. આગળ ત્યારથી ચાંદીની ગાય અને ચાંદીના સિંહનું દાન આપવામાં આવે છે. સંવત્ ૧૯૫૯માં શ્રી દેવકીનંદનાજીઆચાર્ય મહારાજશ્રીએ વ્રજયાત્રા પુરી કરેલી. શ્રીવલ્લભાચાર્યજી મહારાજશ્રીએ નિયમ લીધા હતા.

૮૨ વર્ષ પહેલાં સંવત ૧૮૯૦માં તથા તે પછીથી વ્રજયાત્રા શરૂ થઈ છે. સંવત ૧૮૬૧માં શ્રીવલ્લભજી મહારાજ, લક્ષ્મણજી મહારાજ ચતુર્થ પીઠ ઉપર ગોદ પધાર્યા. તેઓશ્રીએ પરિક્રમા કરી હતી.

કામવનમાં આજે પણ દશેરા-વિજયાદશમીએ ત્યાં રાખેલાં શસ્ત્રો વગેરેની પૂજનવિધિ થાય છે.

સંવત ૧૯૫૯માં શ્રીદેવકીનંદઆચાર્યજીની પરિક્રમામાં મુંબઈના ભાટિયા વૈષ્ણવ શેઠ શ્રીનરસિંહ ખટાઉ તથા શેઠ શ્રીપ્રાગજી સૂરજી- તેમના મનોરથથી ૪૦ હજાર વૈષ્ણવો પરિક્રમામાં આવ્યા હતા. સુંદર વ્યવસ્થા હતી. શ્રીગોકુલચંદ્રમાજીના સ્વરૂપને યાત્રામાં મથુરાથી કામવન સુધી પધરાવ્યા હતા. આજે પણ તે જગ્યાઓનાં ચિહ્ન દેખાય છે.

સકના ગામે બલભદ્રજીનો કુંડ છે અને ત્યાં ગોરેદાઉજીના દર્શન થાય છે. પછી તોષ અને જખન આ બે ગામ આવે છે. તોષ ગામમાં શ્રીરાધારમણજી અને શ્રીગોપાલજીનાં મંદિર આવે છે તથા તોષકુંડ છે. આગળ ચાલતાં વિહારકુંડ આવે છે. આ કુંડમાં વિશાખા સાથે પ્રભુએ જલક્રીડા કરી હતી. કદમખંડી તથા ચરણચિહ્ન આ બન્ને જોવા લાયક સ્થળો છે. આગળ જતાં જીખિન ગામ આવે છે ત્યાં રેવતીકુંડ અને દાઉજીનું મંદિર છે. આગળ રસ્તામાં રાલ ગામ આવે છે. શ્રીયમુનાજીની નિકુંજનો પ્રારંભ અહીંથી થાય છે. અહીં બલભદ્રજીનું મંદિર અને બલભદ્રકુંડ છે. ત્યાંથી આગળ જતાં વિશાખાકુંડ આવે છે. તે પછી તોષ ગામ આવે છે. ભગવાનને ગાયો ચારતાં તૃષા લાગી હતી. પ્રભુએ અહીં જલપાન કરી તરસ છિપાવી હોવાથી તરસકુંડ નામ પડ્યું છે. તોષ નામના ભગવાનના શંખના નામ ઉપરથી આ ગામનું નામ તોષ પડ્યું છે. અહીંથી આગળ જતાં જસોતિ-બસોધી (વરાંતી ગામ) આવે છે. આ ગામમાં સૂર્ય કુંડ છે. મથુરામાં શ્રીગોપાલલાલજી મહારાજશ્રીને દાઉજીનું જે સ્વરૂપ મળ્યુ હતું તે આ કુંડમાંથી પ્રગટ થયું હતું. હાલ મથુરામાં બંગાળી ઘાટ ઉપર ગો.શ્રીવિઠ્ઠલનાથજી મહારાજના પુત્ર ગો. શ્રીયદુનાથજી બાવાશ્રીના માથે બિરાજે છે. અહીંથી આગળ ચાલતાં વસંતકુંડ, લલિતાકુંડ તથા રાજકદમ વૃક્ષમાં મુકુટનું ચિહ્ન છે.


અહીંયાં વડનું એક પ્રાચીન વૃક્ષ છે, જ્યાં રાધાકૃષ્ણ પ્રથમ ઝૂલ્યાં હતાં. પ્રભુ જ્યારે અહીં ગાયો ચારવા પધાર્યા હતા ત્યારે અહીં વસંતપંચમી હતી. સખીઓએ છાક આરોગાવી હતી. ત્યાંથી અડીંગ ગામ આવે છે. અહીં ભગવાને અરિષ્ટાસુરને માર્યો હતો. મથુરાથી નાસીને આવેલા કંસ રાજાના આઠેય ભાઈઓને શ્રીબળદેવજીએ અહીં માર્યા છે. પ્રભુએ અહીં અડીઅડીને પોતાનાં દાન લીધાં છે, આથી આ ગામનું નામ અડીંગ પડ્યું છે.

શ્રીવલ્લભાચાર્યજી શ્રીમહાપ્રભુજીના સેવક અદ્‌ભુતદાસ અને કૃષ્ણદાસ અધિકારી અહીં ભેગા થયા છે. અહીં શ્રીનાથજીએ આજ્ઞા કરી કે બંગાળી સેવક શ્રીગિરિરાજજીની સેવા કરે છે ત્યાં દેવીનં છૂટું સ્વરૂપ શ્રીગિરિરાજજીની સાથે બેસાડે છે, ભોગ ધરાવે છે અને પછી ચોટીમાં (ચોટલીમાં) પાદડું મૂકી દે છે. બધી ભેટ બંગાળમાં શ્રીકુંડ ઉપર મોકલી દે છે, માટે તેમનાં દર્શન કરવાની આજ્ઞા દૂર થઈ. કૃષ્ણદાસ અધિકારીએ

આ બંગાળી સેવકોને દૂર કરવાની આજ્ઞા અડીંગમાં આપી છે. ૮૪ વૈષ્ણવોની વાર્તામાં આ વિગત છે.

ધર્મદાસ નામના અંધ બ્રાહ્મણને જોયો. બ્રાહ્મણ ગભરાઈ ગયો. શ્રીગુસાંઈજી નીચે ઊતર્યા, નેત્ર ઉપર જળ છાંટ્યું, તે દેખતો થઈ ગયો. પછી શ્રીગુસાંઈજીને ત્યાં ગોપાલપુર બ્રાહ્મણ ગયો. શ્રીગુસાંઈજીને વિનંતી કરી કે મને શરણે લ્યો. પછી આપે શ્રીનાથજીનાં દર્શન કરાવ્યાં અને શરણે લીધો. વધુ વિગત ૨૫૨ વૈષ્ણવોની વાર્તામાં-૧૩૦ મી વાર્તામાં છે. જિજ્ઞાસુઓને વાંચી લેવું.

અહીંથી આગળ મુખરાઈ ગામ આવે છે. અહીં રાધિકાજીનાં માતામહી (માનાં મા-દાદીમા)ના નામ ઉપરથી મુખરાઈ નામ પડ્યું છે. અહીં કૃષ્ણકુંડ, બાજની શિલા, મુખરાદેવી અને મોક્ષવિહારીનું મંદિર આવે છે. અહીં નારદજીએ મુખરાને ઉપદેશ આપી મોક્ષ અપાવ્યો હતો. ત્યાંથી રાધાકૃષ્ણકુંડ ઉપર જ્યાં આચાર્યશ્રી મહાપ્રભુજી બિરાજે છે ત્યાં મુકામ આવે છે.



કુસુમ સરોવર

મુકામ ૬ ઠ્ઠો - દિવસ સાતમો

અહીં શ્રીકૃષ્ણકુંડ શ્રીઠાકોરજીએ વેણુથી ખોદ્યો છે. શ્રીરાધિકાજીએ નખથી રાધાકૃષ્ણકુંડ ખોદ્યો છે. આ સ્થાનમાં આઠ સખીઓના આઠ કુંડ છે. આઠે સખીઓનાં અલગ અલગ મંદિરો છે. રાધાકૃષ્ણ અને ગોવિંદદેવજીનાં મંદિરો છે. ચૈતન્ય સંપ્રદાયના રાધારમણનાં મંદિરો છે. અહીં કાયમ રાધકૃષ્ણ રમણ કરે છે.

ભરતપુર-મહારાજાએ અઢળક દ્રવ્ય ખર્ચી કુસુમસરોવરનું સુંદર સ્થાન બંધાવ્યું છે. ભગવાન શ્રીકૃષ્ણે બળદનું રૂપ લઈ આવેલા અરિષ્ટાસુર નામના રાક્ષસને અહીં માર્યો હતો. ગામલોકોએ પ્રભુને વિનંતી કરી કે આપ શુદ્ધ થાઓ, ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને બંસીથી અને શ્રીરાધિકાજીએ નખથી આ બે કુંડ ખોદીને બનાવ્યા છે. અહીં દંપતીને સ્નાન કરવાનું ઘણું માહાત્મ્ય છે. સ્નાન કરવાથી સર્વ મનઃકામના પૂર્ણ થાય છે.

આસો વદિ ૮ના રોજ મધ્યરાત્રિએ સ્નાન કરવાથી ઘણીજ મનઃકામના પૂર્ણ થઈ આનંદ અનુભવે છે. ૧૦૮ તીર્થો અહીં પધારે છે. ભક્તકવિશ્રી દયારામભાઈએ આ પ્રસંગ માટે ગાયું છે કે

દેખી કૃષ્ણબટ હરિજન ફૂલે.
વહાં હરિ પ્રથમાં હિંડોળા ઝૂલે।
તહાં ગૌઘાટ જાઉં બલથરકી
જહાં બેઠક શ્રીવલ્લભબરકી।।

રાધાકૃષ્ણકુંડ

વ્રજભૂમિનું આ હાર્દસમું અલૌકિક દિવ્ય ધામ છે. અહીં

શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી અને શ્રીગોવર્ધનનાથજીની ત્રણ બેઠક છે.

બહાર શ્રીમહાપ્રભુજીની સંધ્યાવંદનની બેઠક છે. કુલ ૪ બેઠકો છે. શ્રીમહાપ્રભુજી અહીં એક માસ સુધી બિરાજ્યા હતા.

આ ઉપરાંત ગોપીકુંડ અને નારાયણકુંડનાં સ્થાન છે. શ્રીગોપીજનોને અહીં વેણુનાદ કરીને બોલાવ્યાં હતાં. અહીંથી યાત્રાનો મુકામ કુસુમ-સરોવર તરફ જાય છે.

કુસુમ-સરોવર

આ વિશાળ સરોવર વ્રજની અંદરના કરતાં દર્શનીય અને મનોહર સ્થાન છે. આ સરોવર ભરતપુર-નરેશે મોટા ખર્ચે બંધાવ્યું હતું. આ સ્થળને શ્રીઠાકોરજીનું લીલાની સખીના સ્થાન તરીકે વર્ણન કરવામાં આવે છે. આ સરોવર ઘણું જ ઊંડું છે. કોઈ પણ સમયે આ સરોવર સુકાયું નથી. આ સ્થાનને કુસુમવન અને કુસમોખર પણ કહેવાય છે. છ પોખરોમાં કુસુમોખરનું સ્થાન પ્રથમ છે. અહીં પાંચ પાંડવનાં વૃક્ષો છે. અહીં નારદજી અને ઉદ્ધવજીનો પ્રભુ સાથે સંતસમાગમ થયો હતો. બંનેનાં નામોથી નારદકુંડ અને ઉદ્ધવકુંડ છે. રાસક્રીડા વખત શ્રીરાધિકાજી માટે શ્રીકૃષ્ણ ભગવાને વેણી ગૂંથી છે. આમ આ સ્થળનો મહિમા વિશેષ છે. બાજુમાં ગ્વાલપોખર છે. ભરતપુરના મહારાજે બંધાવેલી છત્રીના, સ્થાનમાં નારદજીએ તપ કર્યું હતું. ત્યાં શ્રીબળદેવજીનાં દર્શન થાય છે. કુસુમસરોવર નારદકુંડથી શ્રીગિરિરાજજીનાં દર્શન થાય છે. આગળ ગ્વાલપોખરના સ્થાને પ્રભુએ છાક આરોગ્યા હતા. અહીં શ્યામતલાઈ થઈ સખીતરા ગામ આવે છે. તે ચંદ્રાવલીજીનું સાસરું છે એમ કહેવાય છે. પછી માનસીગંગા આવે છે. અહીં વત્સાસુર દૈત્યને ભગવાને માર્યો છે. ગોપસખીઓએ ભગવાને કહ્યું કે આપે દોષથી મુક્ત થવા ગંગાસ્નાન કરવું જોઈએ.

પોતાના મનથી માનસીગંગા ઉત્પન્ન કરી. આની ત્રણી બાજુ એવા પથ્થરના ઘાટ આવેલા છે. મથુરાના કર્નલ સાહેબે કસુમસરોવર તથા સમસ્ત વ્રજમાં પશુ પક્ષીના શિકાર નહિ કરવા સને ૧૮૦૫ અને સને ૧૮૬૬માં શાહી ફરમાનો બહાર પાડ્યાં હતાં. માનસીગંગાની ચોથી બાજુએ શ્રીગિરિરાજજી છે. તે વચ્ચે પણ બિરાજે છે. અહીં લાખો રૂપિયાના ખર્ચે ભરતપુરના મહારાજાએ કલાત્મક સ્થાન બનાવ્યું છે. અહીં રહી શકાય

તેવો સુંદર મહેલ છે. રાજવી એક વખત દિલ્હી ઉપર ચઢાઈ લઈ ગયા ત્યાં પાણીની ખોટ પડી. લશ્કર ગભરાયું ત્યારે રાજાએ શ્રીગિરિરાજજી અને શ્રીગોવર્ધનનાથજીને વિનંતી કરી, જેથી પુષ્કળ વરસાદ થયો. પરિણામે રાજાની જીત થઈ. દિલ્હીથી લૂંટ ચલાવી ગાડાં વગેરે દ્વારા સઘળું દ્રવ્ય લાવ્યા તે પછી રાજમાતાએ આજ્ઞા કરી કે આ દ્રવ્ય ભરતપુરમાં ન ખરચાય. ગિરિરાજજીના આશીર્વાદથી આ દ્રવ્ય કુસુમસરોવર, માનસીગંગા અને ડીગના મહેલમાં ખર્ચ કરવામાં આવ્યું હતું. માનસીગંગાના કિનારા ઉપર ગિરિરાજજીનું મંદિર છે. અહીં મુગટ-આકૃતિનાં દર્શન થાય છે. દૂધથી સ્નાન કરાવી ભોગ ધરાય છે. કિનારા ઉપર શ્રીહરિદેવજીનું મંદિર છે. સંવત ૧૬૩૭માં ઓરછાના રાજા ભગવાનદાસે આ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. મૂળ મંદિર શ્રીકૃષ્ણના પ્રપૌત્ર શ્રીવજ્રનાભે બંધાવ્યું છે. મંદિર ભવ્ય અને પ્રાચીન કલાકારીગરી વાળું સુંદર અને વિશાળ છે. અહીં દર આસો વદ અમાસે મોટો મેળો ભરાય છે. રાત્રિનાં અસંખ્ય દીપમાળદીવાની ઝાંખી થાય છે. ભરતપુરનરેશ તરફથી દીપમાળ માટે મોટા પ્રમાણમાં ઘી અપાય છે. આ સિવાય ગૃહસ્થો તરફથી ઘણું જ દ્રવ્ય આવે છે. દીવાની સંખ્યા ગણી શકાય નહી તેટલી બને છે. માનસીગંગાના વલ્લભઘાટ ઉપર ચકલેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે. આ મહાદેવની બાજુમાં છોકરનાં વૃક્ષો નીચે શ્રીમહાપ્રભુજીની બેઠક છે.

જતીપુરા

આ બેઠક શ્રીપંચમપીઠાધીશ્વરને માથે બિરાજે છે. આની બાજુમાં શ્રીકૃષ્ણચૈતન્ય સમ્પ્રદાયની બેઠક છે. સેવકોને શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ માનસીગંગાના દૂધમયસ્વરૂપે દર્શન કરાવ્યાં હતાં. અહીં શ્રીકૃષ્ણ ચૈતન્ય મહાપ્રભુએ શ્રીવલ્લભાચાર્ય મહાપ્રભુજીને કહ્યું કે ગાયના શીંગડાની અણી ઉપર સરસવનો દાણો રહે તેટલી ઘડી પણ જો સત્સંગ કરે તો જીવ કૃતાર્થ થાય છે. ત્યારે શ્રીવલ્લભાચાર્યજી મહાપ્રભુજીએ પણ કહ્યું જો ભગવદ્‌ભજન ન થાય તો આસુરાવેશ થાય છે. શ્રીવ્રજયાત્રાનો મર્મ સમજાવ્યો હતો. ત્યારથી ચૈતન્ય મહાપ્રભુના અનુયાયીઓ વૃન્દાવન માનસીગંગા અને રાધાકૃષ્ણકુંડની પરિક્રમા કરે છે. શ્રીગુસાંઈજીની બીજી બેઠક સામેના ઘાટ ઉપર છે. શ્રીમહાપ્રભુજી જ્યારે શ્રીમદ્‌ભાગવતનું પારાયણ કરતા હતા ત્યારે તે શ્રવણ કરવા રોજ શ્રીચકલેશ્વર મહાદેવ પધારતા હતા. વ્રજમાં મહાદેવજી ચાર રાત્રિ સત્સંગ કરવા પ્રકટ થયાં

હતા. તેમાંથી આ એક છે-પુષ્ટિસ્વરૂપે.

આથી ગોસ્વામી બાલકો અહીં દર્શન કરવા પધારે છે. શ્રીગિરિરાજજીની પરિક્રમા ગોવર્ધનથી શરૂ થાય છે. શ્રીગિરિરાજજીના પથ્થરમાંથી અજ્ઞાનથી કોઈ પણ અણસમજણથી ચોરી કરીને લે છે તો તરત જ ચમત્કાર થાય છે. પરિક્રમા દરમિયાન કોઈ આવી ભૂલ કરે તો વરસાદ પડે છે, તંબુ અર્ધા નમી જાય છે. ગોસ્વામી બાળકો બહાર આવી દરેક તંબુએ કહેવડાવે છે કે કોઈની ભૂલથી શ્રીગિરિરાજજી ચોર્યા હોય તો એ સોંપી દેવા. પછી પંચામૃત સ્નાન કરાવી દૂધથી અભિષેક કરાવી ભોગ ધરી, આરતી (નિરાજન) કરી,અપરાધની ક્ષમા માગવી પડે છે. તે પછી બધું સરખું થઈ જાય છે.વરસાદ બંધ પડે છે. દર વર્ષે પરિક્રમામાં આવો એકાદ વરસાદ દ્વારા બનાવ બને છે, માટે આવી ભૂલ કોઈથી ન થાય તેની પૂર્ણ કાળજી રાખવી. દાનઘાટી બાજુમાં શ્રીદાનીરાયનું મંદિર, હરદેવજીનું મંદિર, (મનીષા) દેવી તથા બ્રહ્મકુંડ છે. વ્રજમાં પ્રાચીન પાંચ ઠાકોરજી બિરાજે છે. હરદેવજીનું માનસીગંગા ઉપર, શ્રીકેશવ દેવજી મથુરામાં, શ્રીબળદેવજી દાઉજીમાં, ગોવિંદદેવ રાધાકૃષ્ણકુંડ ઉપર, મધ્યમાં શ્રીનાથજી-આ બધાં પ્રાચીન સ્વરૂપો છે.

દાનઘાટી ઉપર શ્રીઠાકોરજીનાં કામળી ઓઢેલી લાકડી લીધેલી આ સ્વરૂપે રાજા આશકરણજીએ દર્શન કર્યા હતાં. શ્રીઠાકોરજી વ્રજ ભક્તોને દહીં વેચવા જતાં રોકે છે, દહીનું દાન માગે છે. શ્રીગોપીજનો સાથે આજે પણ આ લીલા દાનઘાટી ઉપર થાય છે.

કબને ભયો હે દાન, મટુકી ફોરત હરખાતો
તોરત યહ બાત મેં જાની (૧)
નંદરાયકી કાન કરત હું ઔર જસોદા રાની
આશકરનપ્રભુ મોહન નાગર ગુણસાગર અભિચારી।(૨)

૨૫૨ વૈષ્ણવની વાર્તામાં ૭૩મી વાર્તામાં આ વિગત છે.

દાનઘાટી છાક આઈ ગોકુલ તે કાવરભર
રાવલ કી રાવરેને રાખી સવાઘેર।(૧)

''સોભા મથુરામંડલકી, ચરનસરન હોં તાકી,
મથુર રમણી નિસદિન પોષત જિયેં ભરોસે જાકી.''

જાન તો જબહી દેહો નંદજીકી આન ખેહો
ભોજનકી રહી કછુ આખો એક બેર (૧)
કનક બેલા કરમેં લિયે રાજત ગિરિરાજ
બાંટત મેવા હસિ હસિ હેરત ચહુ ફેર ધરન
સકલ પાક પરમાનંદ આરોગત
પરમાનંદ! પરમાનંદ ટોક કરત સુબલ ટેર ટેર ।। (૩)

આજે પણ અહીં દાનનો રાસ થાય છે. અહીં દાન બિહારીનું મંદિર છે. દાનઘાટીથી મથુરા જતાં પાકી સડક બંધાતી હતી ત્યારે શ્રીગિરિરાજજીની પ્રત્યક્ષ આજ્ઞા થઈ ત્યારે બંધાઈ છે. સરકાર અને વ્રજ ભક્તો વચ્ચે સમજૂતી થતાં દાનઘાટીએ નામ કાયમ રહ્યું છે.

પરિક્રમાના આચાર્યશ્રી શ્રીવલ્લભકુળના બાળકો તથા વૈષ્ણવો ભાવપૂર્વક શ્રીગિરિરાજની સ્તુતિ કરે છે. આ ગિરિરાજધાર્યષ્ટક સ્તોત્ર નીચે પ્રમાણે છે :

શ્રી ગિરિરાજધાર્યષ્ટકમ્

ઈન્દ્રવજ્રા-છંદ

ભક્તાભિલાષા-ચરિતાનુસારી,
દુગ્ધાદિચૌર્યેણ યશોવિસારી।
કુમારતાનંદિતઘોષનારી,
મમ પ્રભુ:શ્રીગિરિરાજધારી ।। (૧)

નિજભક્તની ઈચ્છાને અનુસરનારા, બાલલીલામાં દૂધ વગેરેની ચોરી કરીને યશનો વિસ્તાર કરનારા, વ્રજવનિતાઓને આનંદ પમાડનારા એવા ગિરિરાજધારી શ્રીકૃષ્ણ એ જ મારા પ્રભુ છે. (૧)

વ્રજાંગનાવૃંદાવિહારી,
અંગૈર્ગૃહાગારતમોપહારી।
ક્રીડારસાવેશતમોભિસારી,
મમ પ્રભુ, શ્રીગિરિરાજધારી।। (૨)

વ્રજની ગોપીઓના યૂથમાં હંમેશાં વિહાર કરનારા, શ્રીઅંગના તેજથી ઘરના આંગણાના અંધકારને દૂર કરનારા, રાસક્રીડાના રસના આવેશથી અજ્ઞાનને હરવાવાળા એવા ગિરિરાજધારી શ્રીકૃષ્ણ એ જ મારા પ્રભુ છે. (૨)

વેણુસ્વનાનંદિતપન્નગારી,
રસતલાનૃત્યપદપ્રચારી।
ક્રીડન્ વયસ્યાકૃતિદૈત્યમારી,
મમ પ્રભુ: શ્રીગિરિરાજધારી।। (૩)

વેણુનાદથી મયૂરોને નચાવનારા, રસાતલમાં પણ નૃત્યપદને પસારનારા, ક્રીડામાં જ વત્સાસુર દૈત્યનો સંહાર કરનારા એવા ગિરિરાજધારી શ્રીકૃષ્ણ એ જ મારા પ્રભુ છે. (૩)

પુલિંદદારાહિતશંબરારી,
રમાસહોદારદયાપ્રકારી।
ગોવર્ધને કંદફલોપહારી,
મમ પ્રભુ: શ્રીગિરિરાજધારી।। (૪)

પુલિંદીઓના હિતને માટે શિંબટ નામના દૈત્યને મારનારા, લક્ષ્મીજી ઉપર સદા પરમ દયા કરનારા, ગોવર્ધન પર્વતમાં કંદ અને ફળોને આરોગનારા એવા ગિરિરાજધારી શ્રીકૃષ્ણ એ જ મારા પ્રભુ છે. (૪)

કલિન્દજાકૂલદુકૂલહારી,
કુમારિકાકામકલાવિતારી।
વૃન્દાવને ગોધનવૃન્દચારી,
મમ પ્રભુ: શ્રીગિરિરાજધારી।। (૫)

શ્રીયમુનાજીના તીર ઉપર કુમારિકાઓનાં ચીર હરનારા, તેમને કામકલાપૂર્વક મનોરથોનું દાન કરનારા, વૃંદાવનમાં ગાયોના વૃંદમાં ફરનારા એવા ગિરિરાજધારી શ્રીકૃષ્ણ એ જ મારા પ્રભુ છે. (૫)

વ્રજેન્દ્રસર્વાધિકશર્મકારી,
મહેન્દ્રગર્વાધિકગર્વહારી।
વૃન્દાવને કનદફલોપહારી,
મમ પ્રભુ: શ્રીગિરિરાજધારી।। (૬)

શ્રીનંદરાયજીનું સર્વથી અધિક કલ્યાણ કરનાર, ઈન્દ્રના પરમ ગર્વને દૂર કરનારા, વૃંદાવનમાં કંદ અને ફળોને આરોગનારા એવા ગિરિરાજધારી શ્રીકૃષ્ણ એ જ મારા પ્રભુ છે. (૬)

અધમ ઉદ્ધારન કારન, ભૂ પર ભાગ્યન તે દરસાઈ,
મહિમા અપરંપાર કહા કહૂં વેદ પુરાન ન ગાઈ.

મન:કલાનાથતમોવિહારી,
વંસીરવાકારિતતત્કુમારી।
રાસોત્સવોત્ફુલ્લરસાબ્ધિસારી,
મમ પ્રભુ: શ્રીગિરિરાજધારી।।(૭)

મનમાં રહેલા અજ્ઞાનરૂપ અંધકારને દૂર કરનાર ચંદ્ર જેવા, બંસીના સ્વરથી વ્રજકુમારિકાઓને બોલાવનાર, રાસમહોત્સવમાં ઉછળી રહેલ રસસાગરમાં વિહાર કરતા એવા ગિરિરાજધારી શ્રીકૃષ્ણ એ જ મારા પ્રભુ છે. (૭)

મત્તદ્વિપોદ્ધમગતાનુકારી,
ભુક્તપ્રસૂનાદ્ભુતહારધારી।।
રામોરુસંસ્પર્શકરપ્રસારી,
મમ પ્રભુ: શ્રીગિરિરાજધારી।।(૮)

ઉત્તમ ગજેન્દ્રના સરખી ચાલ ચાલનારા, પગની પાની સુધી ઝૂકી રહેલાં પુષ્પોના દિવ્ય હારવાળા, લક્ષ્મીના વક્ષસ્થલ ઉપર સ્પર્શ કરવા માટે પોતાના કરમકમલને લંબાવી રહેલા એવા ગિરિરાજધારી શ્રીકૃષ્ણ એ જ મારા પ્રભુ છે. (૮)

આગળ શ્રીહરદેવજીનું મંદિર આવે છે. અહીંથી ઋણમોચન, પાપમોચન, ગોરોચન, ધર્મરોચન કુંડો આવે છે. ત્યાંથી આગળ જતાં શ્રીમહાપ્રભુજીના પરમકૃપાપાત્ર પરમ ભગવદીય કુંભનદાસનું જમનાવતા ગામ આવે છે. પ્રથમ શ્રીયમુનાજી અહીં બિરાજતાં હોવાથી આ સ્થળ જમનાવતા તરીકે પ્રસિદ્ધ છે. હાલ અહીં શ્રીયમુનાજીનાં દર્શન થતાં નથી. અહીં કુંભનંકૂપમાં કુંભનદાસજીની ગામમાં બેઠક છે. બેઠકમાં શ્રીગુસાંઈજી અને શ્રીકુંભનદાસજીનાં ચિત્રજી બિરાજે છે. કુંભન તળાવે છે (તળાવ કૂપ), કુંભનદાસજીનું ખેતર છે. શ્રીકુંભનદાસજી પાનના પડિયામાં જળ લઈ તિલક કરતા હતા. આરસી ન હતી, આથી જયપુરના રાજા માનસિંહે પોતાની સોનાની રત્નજડિત આરસી સ્વીકારવા વિનંતી કરી, પણ કુંભનદાસજીએ સવિનય ના પાડી. ફરી વાર વિનંતી કરી તેની પણ ના પાડી. શહેનશાહ અકબર પાસે આ વાત કરી ત્યારે અકબર વૈષ્ણવના હિન્દુ વેષે તિલક કરીને ગયા. ફત્તેહપુર સિક્રીમાં બોલાવ્યા ત્યારે કુંભનદાસજીએ નીડરતાથી પદ ગાયું છે કે

"ભક્તનકો કહા સીકરી સોં કામ ?
આવત જાત પન્હૈયા તૂટી, બિસર ગયો હરિનામ. ૧
જાકો મુખ દેખત દુઃખ ઉપજે, તાકો કરનો પડ્યો
પ્રનામ." વગેરે

નીડરતાનું આ પદ સાંભળ્યા પછી અકબર બાદશાહ હતાશ થઈ ગયા.

પ્રસંગ-૨. એક વખત કુંભનદાસજી શ્રીનાથજીનાં દર્શન કરવા ગયા હતા. તે વખતે તેમના ખેતરનો પાક પક્ષીઓ ખાઈ ગયાં હતાં, આથી પુત્રવધૂએ રીસે ભરાઈ ભોજન ન આપ્યું. શ્રીઠાકોરજીને નિદ્રા કેમ આવે ? આપશ્રી સ્વયં સુવર્ણ પાત્રમાં ભોજન અને સુવર્ણ ઝારી લઈ પધાર્યા, કુંભનદાસજીને ભોજન કરાવી જળપાન કરાવ્યું તે પછી વાસણો ત્યાં જ રહેવા દઈ શ્રીઠાકોરજી પધારી ગયા. પુત્રવધૂએ આ બીના જાણીને દુઃખ અનુભવ્યું. આથી આવાં વ્રજનાં ૮૪ કોશ પરિક્રમાનાં પવિત્ર સ્થળોનાં દર્શન કરવાથી પ્રભુની દિવ્ય લીલાઓનું સ્મરણ થાય છે. વાર્તાઓ એ દૃષ્ટાન્તકથાઓ નથી, પણ પ્રભુના સાક્ષાત્કાર થયેલા ભક્તોના પ્રભુ સાથેના સત્ય અનુભવનું વર્ણન છે.

નોંધ : જિજ્ઞાસુઓએ ૮૪ વૈષ્ણવની ૮૩મી વાર્તામાંથી વધુ વિગત વાંચી લેવા વિનંતી છે.



પટરાની પ્યારી શ્રી યમુના, શ્રી બ્રજરાજ લલાકી,
રાસવિલાસ મહાસુષ દેની, અદ્‌ભુત કેલિ કલાકી,
'ઈચ્છારામ' ગિરધરકી જીવન, સોભા શ્રી મયુરાકી."

ચંદ્રસરોવર

અહીંથી આગળ બસાઈ ગામ આવે છે. અહીંથી આગામી મુકામ ચંદસરોવર ઉપર આવે છે. આ સ્થળને પરમ રાસસ્થલી કહેવામાં આવે છે. ચંદ્રમાનાં કિરણો ચંદસરોવર ઉપર પડતાં હોવાથી તેનું નામ ચંદસરોવર પડયું છે. ચંસરોવર ઉપરનો ઘાટ ભરતપુર નરેશે સુંદર બંધાવ્યો છે. આ સ્થળ સારસ્વત કલ્પનું છે. શ્રીકૃષ્ણ ભગવાને છ માસ સુધીની રાત્રિ નિર્માણ કરી અહીં મહારાસ કર્યો હતો, તેથી આ સ્થળને પરમ રાસસ્થળી કહે છે. કાળે કરી આજકાલ આ સ્થળ પારસોલી ગામ તરીકે બોલાય છે. રાસનો ચોતરો અહીં છે. શ્રીમદ્‌ભાગવત દશમ સ્કંધ પૂર્વાર્ધ અધ્યાય ૨૯ થી ૩૩ માં આ મહારાસનું વર્ણન છે. સ્કંદપુરાણમાં લખ્યું છે કે

"અહો વૃન્દાવનં રમ્યં યત્ર ગોવર્ધનો ગિરિઃ"

સારસ્વત કલ્પમાં ગોવર્ધનની આજુબાજી ૬૪ કિ.મી.માં વૃન્દાવન હતું. અહીં શ્રીયમુનાજી બિરાજતાં હતાં. અહીં શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી, શ્રીગિરિધરજી, શ્રીગોકુલનાથજી આ ચાર બેઠક છે. બહારના ભાગમાં શ્રીગુસાંઈજીની વિપ્રયોગની બેઠક છે. તેમજ છેલ્લે દાઉજીની બેઠક છે. જ્યારે કૃષ્ણદાસ અધિકારીએ શ્રીગુસાંઈજીના ૬ માસ માટે દર્શન બંધ કર્યા ત્યારે શ્રીગુસાંઈજીએ પ્રભુનો વિયોગ-વિપ્રયોગ અનુભવ્યો હતો. દરરોજ શ્લોક લખીને સેવક રામદાસ સાથે મોકલતા હતા તેનો જવાબ શ્રીનાથજી બાવા પાનનાં બીડા કરાવી પત્રમાં જવાબ લખીને મોકલતા હતા. આ પત્ર વાંચીને શ્રીગુસાંઈજી જળમાં ઘોળીને પી જતા હતા. આપશ્રીએ (શ્રીગુસાંઈજીએ) લખેલા વિજ્ઞપ્તિના પત્રો છપાઈ ગયા છે, પરંતુ શ્રીનાથજીએ આપેલા જવાબની કોઈ વિગત મળતી નથી.

સૂરદાસજી :

ભક્ત સૂરદાસજી ચંદસરોવર ઉપર રહેતા હતા. આ સ્થળને સૂરકુટિ કહે છે. સૂરદાસજીએ ૧૦૫ વર્ષ સુધી આયુષ ભોગવ્યું છે. તેમની અંતિમ પળમાં શ્રીગુસાંઈજી પધારે છે. આપે આજ્ઞા કરી કે પુષ્ટિમાર્ગનું ''જહાજ'' જાય છે, જેનું કોઈ લેણું હોય તે લઈ લો. તે જ વખતે સૂરદાસજીએ નીચેનું સુપ્રસિદ્ધ ગીત ગાયું છે :

દઢ ઈન ચરનન કેરો ભરોસો,
દઢ ઈન ચરનન કેરો ભરોસો.
શ્રીવલ્લભનખચન્દ્રછટા બિનુ
સાધન ઓર નહીં યા કલિમેં
જાસુ હોય નિવેરો.
સૂર કહા કહે દ્વિવિધ આંધરો,
બિના મોલકો ચેરો.''

ચન્દસરોવરથી નારાયણસરોવર, લક્ષ્મીકૂપ, ક્ષીરસાગર અને બલભદ્રકુંડ છે. થોડેક દૂર કૃષ્ણકુંડ છે. શ્રીબલદેવજી, શ્રીચતુર્ભુજદાસજી અને શ્રીસાક્ષીગોપાલનાં મંદિરો છે. શ્રીકૃષ્ણકુંડને એવું માહાત્મ્ય છે કે જેને કોઢ (કુષ્ઠ રોગ) થયો હોય તે જો આ કુંડમાં શ્રદ્ધાપૂર્વક સ્નાન કરે છે તો તેને આ રોગ મટી જાય છે. અહીંથી વચ્છગામ થઈ આન્યોર જવાય છે. પહેલાં પરિક્રમા આ રસ્તે જતી હતી, હાલ જતી નથી. બ્રહ્માજીએ ગાયો અને વાછરડાંનું હરણ કર્યું છે તે લઈને બ્રહ્માજી પોતે દૂર ગયા છે. શ્રીબળદેવજીએ વાછરડાં પર જ્ઞાનચક્ષુથી જોયું તો આ વાછરડાં બળદેવજીને શ્રીકૃષ્ણરૂપે દૂર દેખાયાં. ત્યાં સંકર્ષણકુંડ છે. ત્યાંથી રાબડીકુંડ આવે છે.

અન્યોર : આન-ઓર, હજી વધારે સામગ્રી લાવો, હજી વધારે લઈ આવો. સંવત ૧૫૫૫ માં ફાગણ સુદ ૧૧ શ્રીમહાપ્રભુજી ઝારખંડમાં બિરાજતા હતા ત્યારે શ્રીનાથજી બાવાએ આજ્ઞા કરી કે વ્રજમાં શીઘ્ર પધારો, મને પાટ બેસાડો અને મારી સેવાનો ક્રમ ચાલુ કરો. શ્રીનાથજીનાં દેવદમન, ઈન્દ્રદમન અને નાગદમન આમ ત્રણ નામો છે. ''દેવદમન'' સ્વરૂપ શ્રીનાથદ્વારામાં છે, નાગદમન-વડોદરામાં ઘડિયાળી પોળ-શ્રીનાથજીની શેરીમાં, શ્રીઈન્દ્રદમનનું સ્વરૂપ ઉજ્જૈનમાં બિરાજે છે.
બહત શ્રી વિશ્રામ ઢિંગ, નિત સકલ સુખકી રાસ,
ચાર પદારથ દાન દાતા, ભક્તિ મુક્તિ અનુસાર.''

ચંદસરોવર પારસોલીનો પ્રસંગ

શ્રીનાથજી અને કુંભનદાસજીનો અતુટપ્રેમ

૮૪ વૈષ્ણવમાં કુંભનદાસજીની વાર્તા-૮૩ પ્રસંગ : ૪

એક સમય ચંદ સરોવર પાસે પરાસોલીમાં કુંભનદાસજીને શ્રીજીએ આજ્ઞા કરીકે કુંભનદાસ બીજા સમાવોની માફક તમે પણ મને કંઈ સામગ્રી આરોગાવો. શ્રીજી બાવાની રૂચી મુજબ જુવાર, મહેરી (ઘેંશ), દહીં, દૂધ, બેજરની રોટી-ટેટીનું શાક અને અથાણું-સામગ્રી તૈયર કરવા માંડી. જુવારનો લોટ તથા દુધ ન હતાં તે ભત્રીજીને જમનાવતા જઈ લાવવાની આજ્ઞા કરી. ભત્રીજી લઈ આવી. સમાવોની છાક આવી તેની સાથે કુંભનદાસજીની સામગ્રી પણ આરોગવામાં આવી. શ્રીજી સખાઓ સહિત આરોગ્યા, જેમાં કુંભનદાસજીની સામગ્રી પોતાની નજીક રાખી. એ પ્રસંગે શ્રીજીનું મુખારવિંદ આનંદમય જોતાં કુંભનદાસજીએ સારંગ રાગમાં કીર્તન ગાયું.

''વ્રજમેં બડો મેવા હૈ ટેંટી
જાતે હોત હે સાગ-સંધાને ઓર બેજરકી રોટી.'' (૧)
''લે લે દલિયા બિનન નિકસી બડે ગોપકી બેટી
કુંભનદાસ લાલ ગિરધર સો બટે ગઈ જે ભેટાભેટી.'' (૨)

અત્યારે ગામમાં દહીં કટોરો છે. શ્રીઠાકોરજીએ છાક આરોગ્યા છે.

''ગિરિ પર ચઢ ગિરિવરધર ટેરે''

આ છાકના કીર્તનનો ભાવ આ સ્થળમાં સમાયેલો છે.

શ્રીવલ્લભાચાર્યજી શ્રીગિરિરાજજી ઉપર પ્રથમ શ્રીનાથજીને આ સ્થળે-આન્યોરમાં મળેલા છે. અહીં શ્રીઆચાર્યજી મહાપ્રભુજીનાં ચરણચિહ્ન છે અને આચાર્ય ચક્રચૂડામણિ શ્રીમહાપ્રભુજીની બેઠક સદ્દુ પાંડેના ઘરમાં છે. આ બેઠક હાલમાં એમના વંશજ નાનજીભાઈ વૈષ્ણવને માથે બિરાજે છે. શ્રીમહાપ્રભુજીએ અહીં અન્નકૂટનો ભોગ ધરેલો અને શ્રીઠાકોરજીએ સ્વહસ્તે તે ભોગ આરોગ્યો હતો. અહીં દહીંકટોરાનાં તથા દાઉજીનાં દર્શન છે, સંકર્ષણકુંડ છે. શ્રીમહાપ્રભુજીએ શ્રીઠાકોરજીને ગાયો પ્રિય હોવાથી પોતાના શ્રીહસ્તની સોનાની અંગૂઠી વેચી ગાયોનું અહીં વિનિયોગ કરેલું છે, ત્યારથી શ્રીનાથજીનું નામે ગોપાલ પ્રસિદ્ધ થયું છે. શ્રીગુસાંઈજીએ ગોપાલ ભગવાનના નામથી નામ ગોપાલપુર પાડયું છે.

આમ પુષ્ટિમાર્ગના પ્રત્યેક વૈષ્ણવ મંદિરમાં અને વૈષ્ણવોને ઘેર ગાયોની સેવા કરવાનું મહત્ત્વ છે. શેઠ શ્રીપુરુષોત્તમદાસ કાશીવાળાની ૮૪ વાર્તામાં પણ ગાયોની સેવાનુ મહત્વ બતાવ્યું છે. શેઠ જાતે જ ગોબર ભરતા (વાસીદું વાળતા) ગૌશાળા સાફ કરતા હતા. કીર્તનમાં પણ :

ઈત ગાય ઉત ગાય
ગોવિંદકૂં ગાયન મેં બસવો હી ભાવે...

વગેરે ઘણું વર્ણન છે. વેદની ઋચાઓમાં તથા અનેક શાસ્ત્ર પુરાણ ગ્રન્થોમાં ગૌસેવાને ઘણું મહત્ત્વ આપ્યું છે. કુમારિકા-દીકરીઓ પણ ગાયોનું પૂજન કરી ગૌવ્રત કરે છે.

ગાવો મે અગ્રત: સન્તુ
ગાવો મે સન્તુ પૃષ્ઠત:।
ગવાં મધ્યે વસામ્યહમ્

ભારતની આર્યસંસ્કૃતિની પ્રત્યેક ઉન્નતિમાં ગાયોનો મોટો ફાળો છે.

ગોપાલપુરમાં શ્રીઠાકોરજીએ શ્રીદાઉજી ગ્વાલબાલ સખાઓની મંડળી સહિત છાક આરોગ્યા છે. આ સ્થળે ખડાઉ પાદુકાજીનું ચિહ્ન છે.


શ્રીનંદરાયજીના કુળની એક ગાય શ્રીનાથજીના મુખારવિંદમાં દૂધનો સ્રાવ કરતી હતી. તે છિદ્રશિલા છે. ત્યાં પ્રાકટ્ય સ્થળે મંદિર છે.

શ્રીમહાપ્રભુજીના સેવક ભાઈલાલ કોઠારીના જમાઈ શ્રીગુસાંઈજીની કૃપાથી મૂક (મૂંગા) ગોપાલદાસજી આપની પ્રસાદી બિડી લેવાથી વાચાળ

થયા, ભક્તકવિ થયા છે. આ ગોપાલદાસજીએ નવ કડવાં વલ્લભાખ્યાનનાં લખ્યાં છે. દરેક મંદિર, ભગવદ્‌વાર્તાઓ, સત્સંગમંડળોમાં તે ગવાય છે. આ ગોપાલદાસજીએ વલ્લભાખ્યાનમાં ગાયું છે કે-

ગિરિરાજને આસ્વાદ દીધો
ધરી કોમળ ચરણ,
હરખે તે સામા આવિયા
શ્રીગોવર્ધનઉદ્ધરણ.

ત્યાંથી આગળ ચાલતાં ગોવિંદબિહારીજીનું મંદિર તથા દાઉજીનું મંદિર છે તેની પાસે ગૌરીકુંડ છે. ત્યાંથી આગળ જતાં ભક્તસંત શ્રીચતુરાનાગાની સમાધિનું સ્થાન છે. ગંધર્વકુંડ અને ગંધર્વવૃક્ષ છે. સંવત્ ૧૬૭૬ માં ઓડછાના રાજા વિરસિંહદેવે એ કુંડ પાકો બનાવ્યો છે. કુંડની સામે શ્રીગિરિરાજ ઉપર જતાં શ્રીનાથજીની મુકુટટોપી બિરાજે છે. શ્રીસ્વામિનીજીએ વિરહ-અવસ્થામાં શ્રીગિરિરાજજીની શિલા ઉપર લખેલ શ્રીકૃષ્ણપ્રેમામૃત સ્તોત્રના હસ્તાક્ષર તથા શ્રીનાથજીની ચૌદ છડીઓનાં ચિહ્નો છે. આગળ જતાં સિંદુરીશિલા આવે છે. ત્યાં ઉપર આંગળી ઘસવાથી સિંદુર જેવા ઘેરા લાલ રંગની ઝાઈ થાય છે. અહીં શ્રીગિરિરાજ ઉપર થઈને જતીપુરા જવાનો જે માર્ગ છે તે ગોવિંદઘાટી તરીકે ઓળખાય છે.



ગોવિંદકુંડ

આ સ્થાન ઉપર ઈન્દ્રરાજાએ ભગવાનની ઉપર ગાયના દૂધનો અભિષેક કર્યો હતો.

શ્રીગિરિરાજજી રત્નધાતુમય છે. શ્રીગોવિંદકુંડ દૂધથી ભરેલો છે. આવી ભાવના છે. આથી ઘણા ભાવિક શ્રદ્ધાળુ ભક્તોને આ મુજબનાં દર્શન પણ થયેલાં છે. ત્યાં શ્રીમદ્વલ્લભાચાર્યજીની બેઠક છે અને શ્રીગુસાંઈજીની બેઠક છે. બાજુમાં બંગાળી લોકો શ્રીનાથજીની ભાવપૂર્વક સેવા કરે છે. ગોવિંદકુંડમાંથી શ્રીગોવિંદજી ઠાકોરજીનું સ્વરૂપ પ્રકટ થયું હતું. અહીં રાસનો ચોતરો છે. વ્રજની લીલાઓ આધિદૈવિક સ્વરૂપની છે. ભગવાનની સ્તુતિનુ ઈન્દ્રે કરેલા અભિષેકનું વર્ણન શ્રીમદ્ભાગવતના દશમા સ્કંધમાં છે. ૨૭ સ્કંદપુરાણમાં પણ ગોવિંદકુંડનું માહાત્મ્ય સુંદર વર્ણવ્યું છે. શ્રીમહાપ્રભુજીએ આ પ્રસંગનું વર્ણન શ્રીગિરિરાજધાર્યષ્ટક આ પૂર્વે આપ્યું છે તેમાં કર્યું છે.

અહીંથી આગળ પૂંછરી ગામ આવે છે. પૂંછરીનો લોઠા નામનો એક ગોપ જે ક્ષેત્રપાલ તરીકે કહેવાય છે. તેનું એક મંદિર છે. શ્રીકૃષ્ણ ભગવાને જ્યારે પોતાના શ્રીહસ્તની ટચલી આંગળી ઉપર ગોવર્ધનને ધારણ કર્યો ત્યારે પૂંછરીનો લોઠા નામનો ગોપ પર્વતના છેડા ઉપરના ભાગ ઉપર બેસી ગયો હતો. ભગવાને તેના બળની પ્રસ્પ્રશંસા કરી તેને ઉઠાડ્યો અને વચન આપ્યું કે આ સ્થાન ઉપર તારી પૂજાવિધિ થશે. ત્યારથી આ મહિમા ચાલુ થયેલો છે. શ્રીગિરિરાજજીનું મુખ માનસીગંગામાં છે, તથા તેનું પૂંછ અહીં છે. અહીં શ્રીકૃષ્ણ તથા બળદેવજીનાં મંદિર છે. અહીં શ્રીકૃષ્ણદાસ અધિકારીના સ્મારકરૂપ કૂવાનું નિશાન છે. બાજુમાં એક તળાવ છે. ત્યાંથી આગળ ચાલતાં નવલકંડ અને નવલબિહારીજીનં

મંદિર છે. અહીંયાં સ્વર્ગની અપ્સરાઓએ નૃત્ય કર્યું હતું. આથી અપ્સરાકુંડ કહેવાય છે. અપ્સરાબિહારીનાં અહીં દર્શન છે. અહીં બાજુમાં રામદાસની ગુફા છે. અહીં મુકુટનાં દર્શન થાય છે.

શ્રીમહાપ્રભુજીએ શ્રીનાથજીને નાનું મંદિર બંધાવી ત્યાં પધરાવ્યા ત્યારે શ્રીનાથજીની સેવા રામદાસને સોંપી હતી. ૮૪ પૈકી ૪૮મી વાર્તામાં આ પ્રસંગ વિસ્તારથી વર્ણવ્યો છે. આગળ ચાલતાં હરજીકુંડ આવે છે. અહી શ્રીગુસાંઈજીનું સમાધિસ્થાન છે. અહીંથી વૃક્ષોની સઘન ઘટા અને નિકુંજોમાં થઈ અપ્સરાકુંડ ઉપર જવાય છે. સૃષ્ટિના સૌન્દર્યનો અહીં ખ્યાલ આવે છે. ઢુંક (નીચા નમેલા) દાઉજીનાં અહીં દર્શન છે.

ગોવિંદસ્વામીની કદમખંડી, રત્નસિંહાસન ઘાટી કાજળી (કાજળ આંજેલી) શિલાનાં દર્શન, ઐરાવતકુંડ, સુરભિકુંડ, ચરણઘાટી વગેરે આવે છે. સુરભિકુંડના તટ ઉપર અષ્ટસખાઓ પૈકી પરમાનંદદાસજીનું સ્થાન છે. આ કુંડ ઉપર શ્રીબાલકૃષ્ણલાલજીનું મંદિર છે. હાલ આ સ્વરૂપ મંબઈ ભૂલેશ્વર મોટા મંદિરમાં વિરાજે છે. સુરભિકુંડ ઉપરનું આ મંદિર ઘણું જ વિશાળ છે. જીર્ણોદ્ધાર કરવાની જરૂર છે. અહીં પરિક્રમાનો મુકામ પાંચથી સાત દિવસનો થાય છે.

પાંચ-સાત દિવસના મુકામમાં એક દિવસ શ્યામઢાકમાં થાય છે. સુરભિકુંડથી લગભગ ત્રણ માઈલ-પાંચ કિલોમીટર દૂર શ્યામઢાક આવે છે. અહીં શ્યામ તલાઈ, ગોપાલન સાગર અને શ્રીનાથજીનો જલઘરો છે. શ્રીનાથજીની બેઠકજી છે. શ્રીગુસાંઈજી છાક લઈને પધાર્યા તે બેઠકજી પણ સાથે જ છે. એક વખત શ્રીનાથજી શ્રીગોવિંદસ્વામી ખેલતા હતા તે વખતે ઉત્થાપનનો સમય થયો. શ્રીગુસાંઈજી સ્નાન કરી શ્રીગિરિરાજજી ઉપર પધાર્યા તે જોઈ શ્રીનાથજીએ એકદમ શ્યામઢાક ઉપરથી કૂદકો માર્યો. આથી વાઘો (વસ્ત્ર) ફાટ્યો અને ચીંદરડી વૃક્ષમાં ભરાઈ ગઈ. શ્રીગુસાંઈજીને આ વાતની ખબર પડવાથી આજ્ઞા કરી કે ઉત્થાપન પહેલાં ત્રણ વખત ઘંટાનાદ અને ત્રણ વખત શંખનાદ કરવા, ત્યાર બાદ એક ઘડી પછી કમાડ ખોલવાં. આ શ્યામઢાક નાનાં નાનાં વૃક્ષોથી રળિયામણું લાગે છે. ત્યાંનાં કદમ્બનાં પાન પડિયા (દૂના-દડિયા) ના આકારનાં છે. શ્રીઠાકોરજીએ છાકલીલા કરી હતી તેનું સંસ્મરણ થાય છે.

વર્ષો પહેલાં અહીં શ્રીયમુનાજીનો પ્રવાહ હતો. અહીં ગોપાલસાગર અને ગોપતલાઈનાં દર્શન કરી સુરભિકુંડ ઉપર મુકામ પાછો આવે છે.

પહેલા દિવસનો ક્રમ અહીં પૂરો થાય છે.

બીજો દિવસ :

બીજા દિવસે બિલછુકુંડ અને બિલછુબિહારીનું મંદિર આવે છે. અહીં શ્રીરાધિકાજી જળમાં વિહાર કરતાં હતાં. ચરણના શણગારરૂપ બિલછુ જળમાં પડી ગયો. બિલછુ કુંડમાંથી તે દાગીનો (અંગુઠા સાથેની આંગળીનો શણગાર) શોધવા સાધન ન મળ્યું, આથી ભગવાન શ્રીકૃષ્ણે પોતાના શ્રીહસ્તથી જળમાંથી ખોબો ભરી બિલછુ બહાર કાઢી શ્રીહસ્તથી શ્રીરાધાજીને ધર્યા, આથી આ કુંડનું નામ બિલછુકુંડ છે. અહીં બિલછુનું દાન થાય છે. શ્રીઠાકોરજી અને શ્રીરાધિકાજીના વિહારનું આ સ્થાન છે. ત્યાંથી આગળ જતાં એક ચોતરા ઉપર બે વૃક્ષ સાથે સાથે છે. શ્રીવ્રજભક્તોએ આ વૃક્ષોને પૂછ્યું કે તમોએ શ્રીઠાકોરજીને ક્યાંય જોયા ?એકે હા કહ્યું, એકે ના કહ્યું, આથી બે વૃક્ષોના નામ જાન અને અજાન પડયાં છે. ત્યાંથી આગળ જતાં ગુલાલકુંડ આવે છે. અહીંયાં હોળીખેલનાં દર્શન થાય છે અને હોળી, ખેલનો રાસ થાય છે. અહીં ઘણો જ આનંદ આવે છે. કુંડ ઉપર શ્રીમહાપ્રભુજીની બેઠક છે. શ્રીગિરિરાજજીથી ગુલાલકુંડ જતાં ગુલાલનો ભાસ થાય તેવી રેતીનાં દર્શન થાય છે. શ્રીઠાકોરજીના વિવાહના આનંદના ઉત્સવ તરીકે અહીં હોળીખેલ થાય છે.

પ્રચલિત પદમાં ગાયું છે. કે 'ગુલાલકુંડ રંગીલા શ્રીનાથજી હોળી ખેલતા.' અહીં શ્રીવલ્લભકુળના બાળકો સાથે અતિ આનંદ આવે છે. અહીં બીજા દિવસની શ્રીગિરિરાજજીની પરિક્રમાનો ક્રમ પૂરો થાય છે.

ત્રીજો દિવસ :

ત્યાંથી આગળ હરજીકુંડ આવે છે. હરજી ગ્વાલના નામ ઉપરથી આ કુંડનુ નામ હરજીકુંડ છે.

અહીંથી આગળ ગિરિરાજજીની તળેટી આવે છે. ત્યાં નિત્યલીલા તથા ગોસ્વામી બાળકોના સમાધિસ્થાનની શિલાઓ-દેરીઓ છે. અહીં ગોસ્વામી બાળકો, વહુજી બેટીજીઓના અસ્થિ પધરાવવામાં આવે છે. કેટલીક શિલાઓ ઉપર છત્રી બાંધવામાં આવી છે.

મુખારવિંદ :

અહીંથી આગળ શ્રીગિરિરાજજીના મુખારવિંદનાં દર્શન થાય છે.

શ્રીગિરિરાજજીને દૂધથી સ્નાન કરાવી જળથી ફરી સ્નાન કાવી તિલક, ધોતી, ઉપરણો, વસ્ત્ર વગેરે ધરી પછી ભોગ ધરાવવામાં આવે છે. અહીં શ્રીનંદરાયજીએ દર વર્ષે થતી ઈન્દ્રરાજની પૂજાવિધિ બંધ કરી શ્રીગિરિરાજજીનું પૂજન કર્યુ હતું. ત્યારથી આ પ્રથા ચાલુ છે. નિત્ય સાંજનાં અહીં મનોહર શૃંગાર ધરાવવામાં આવે છે અને શયનમાં શ્રીનાથજી બાવાનાં દર્શન થાય છે. એવી ભાવના છે કે શ્રીનાથજી બાવા નિત્ય શયન કરરા અહીં પધારે છે. ભાવાત્મક સ્વરૂપ છે.

શ્રીમુખારવિંદની બરાબર સન્મુખ શ્રીઆચાર્યજી મહાપ્રભુજીની બેઠક છે. ત્યાં ઝારી ચરણસ્પર્શ થાય છે. તેની બાજુમાં દાઉજી મહારાજની બેઠક છે. તેની પાછળ ભટ્ટજી મહારાજનું મંદિર છે. આ શ્રી ઈચ્છારામ ભટ્ટજી પેટલાદ (ગુજરાત)ના વિદ્વાન હતા, ભક્ત કવિ શ્રી દયારામના માર્ગદર્શક ગુરુ હતાં. અહીં શ્રીગુસાંઈજીના સેવ્ય પ્રભુ શ્રીમદનમોહનજી બિરાજે છે. તે ઉપરાંત શ્રીબાલકૃષ્ણજી, દાઉજી તથા નંદરાયજીનાં સ્વરૂપો બિરાજે છે. વળી શ્રીભટ્ટજી મહારાજની બેઠક અને પાદુકાજી બિરાજે છે. પોતાના મનોરથથી નિ.લી. ગોસ્વામી શ્રીદ્વારકેશલાલજી મહારાજના પુત્ર ગો. શ્રીમાધવરાયજીએ છપ્પનભોગ ધર્યો હતો. ડાકોરમાં તથા દ્વારકામાં છપ્પનભોગ કર્યા છે. આજે પણ ડાકોરમાં ભટ્ટજી મહારાજનું અન્નક્ષેત્ર ચાલે છે. શ્રીરણછોડરાયજીને દૂધની સામગ્રી ધરાવી નિત્ય બ્રાહ્મણો તથા સાધુઓને પ્રસાદ લેવડાવે છે.


શ્રીગોકુલચંદ્રમાજીનું મંદિર અહીંયાં છે. અહીંથી નજીકમાં શ્રીમદનમહનજીનું મંદિર છે. ત્યાંથી આગળ શ્રીમથુરેશજીનું મંદિર છે. ગોદમાં શ્રીનવનીતલાલજી અને શ્રીબાલકૃષ્ણલાલજી બિરાજે છે. આ મંદિર પ્રથમપીઠાધીશ્વર પૂજ્યપાદ ગોસ્વામી શ્રીરણછોડરાયજી મહારાજને માથે બિરાજે છે.

શ્રીગોવર્ધનનાથજીનું એ સ્વરૂપ ભીતર બિરાજે છે. અહીં શ્રીગુસાંઈજીની બેઠક છે. આ બેઠકજીમાં એક વખત શ્રીગોકુલનાથજીની વિનંતીથી શ્રીમહાપ્રભુજીએ શ્રીનાથજીને સવાશેર ભાત (વ્રજનો તોલ)નો અન્નકૂટ આરોગાવ્યો હતો, તેનાં શ્રીગુસાંઈજીએ શ્રીગોકુલનાથજીને તથા શ્રીશોભાબેટીજીને દર્શન કરાવ્યાં હતાં. આ મંદિરમાં શ્રીગિરિધરજીની બેઠક પણ છે. અહીં શ્રીનાથજીનું સ્વરૂપ કલકત્તાથી પધરાવ્યું છે તે બિરાજે છે. બજારમાં શ્રીગોવર્ધનનાથજીનું મંદિર છે. આ મંદિર પૂ. ચતુર્થપીઠાધીશ્વર

ગોસ્વામી શ્રીદેવકીનંદનજી મહારજશ્રીને માથે બિરાજે છે.

આ મંદિરમાં શ્રીગોકુલનાથજીની બેઠક છે. આ બેઠકમાં શ્રીગોકુલનાથજીના ઘરના સેવકોથી જ ઝારી ચરણસ્પર્શની સેવા થાય છે. શ્રીગોકુલમાં બિરાજતા આચાર્યશ્રી પ્રતિ વર્ષ ગોવર્ધનપૂજા કરવા અહીં પધારે છે ત્યારે આ મંદિરમાં બિરાજે છે. કારતક સુદ ૧ (બેસતા વર્ષે) સૌથી પ્રથમ શ્રીગોવર્ધનપૂજા એમના તરફથી થાય છે. ત્યાર પછી અન્ય ગોસ્વામી બાળકો પૂજન કરે છે. પછીથી શ્રીગોકુલનાથજીનું મંદિર દંડવતી શિલા પાસે છે ત્યાં અન્નકુટના દર્શન થાય છે. આ મંદિરની બાજુમાં શ્રી મહાપ્રભુજીના અનન્યસેવક શ્રીદામોદરદાસ હરસાનીની બેઠક આવેલી છે. આ બેઠક ગુપ્ત છે. ત્યાં દંડવત્ કરી, દંડવતી શિલાને દંડવત્ કરી આગળ જતાં હનુમાનજીનં મંદિર આવે છે. ત્યાંથી આગળ જતા અજાત વૃક્ષો છે. તે પછી શ્રીગોકુલનાથજીનો બગીચો છે. ત્યાર બાદ ગોવર્ધન ગામ આવે છે. ગોવર્ધન ગામ અને માનસીગંગાની પરિક્રમા કરી શ્રીમહાપ્રભુજીની બેઠકે થઈ ઉદ્ધવકુંડ, શ્રીઉદ્ધવજીની બેઠક, ગુલ્મલતા આવે છે. અહીંવનલતાનું એવું સુંદર સ્થળ છે જે અવર્ણનીય છે.એ કાયમ પલ્લવિત રહે છે.

અહીં ગુલાબી રંગ પ્રકાશે છે. દૂરના માણસને ત્યાં ગુલાબના બગીચાનો ભાસ થાય છે. સમગ્ર ૮૪ કોસની પરિક્મા, જે લીલી વ્રજયાત્રા કહેવાય છે. તેનં આબેહૂબ સ્વરૂપ આજે પણ અહીં દેખાય છે. નાસ્તિકના જીવનમાં આસ્તિકતા જન્માવે તેવું આ પ્રેરણાસ્થળ છે.



રાધાકુંડ

રાધાકુંડ ગામ, શ્રીયમુનાજીની નહેર, શ્રગિરિરાજજીની પાંચ પાંડવ, છઠ્ઠા નારાયણનું વૃક્ષ,અષ્ઠ સખીના કુંડ, શ્યામતમાલ વૃક્ષમાં શાલિગ્રામ, ગોપકૂવા, રાધાકૃષ્ણકુંડ, શ્રીમહાપ્રભુજી શ્રીગુસાંઈજી, શ્રીગોકુલનાથજી ત્રણે બેઠકોએ દર્શન કરી, કુસુમસરોવર, દાનઘાટી, આન્યોર ગામ, ભગવદીય શ્રીસદુપાંડેના ઘરમાં શ્રીમહાપ્રભુજીની બેઠકના દર્શન, ગોવિંદકુંડનું પાન, પછી શ્રીમહાપ્રભુજીના ગોવિંદકુંડ ઉપર દર્શન, પૂંછરી ગામ, આસરા કુંડ, રામદાસની ગુફા, સુરભિકુંડ, ઐરાવત કુંડ, ગોવિંદસ્વામીની કદમખંડી, રુદ્રકુંડ, શ્રીગિરિરાજજીના મુખારવિંદનાં દર્શન કરવાં. આ ગિરિરાજજીની પરિક્રમાની વૈષ્ણવો બધા-માનતાઓ રાખેછે.

પ્રભુ તેમની મનોકામના પૂર્ણ કરે છે. આ સ્થાનનો એવો અલૌકિક પ્રભાવ છે કે બારેમાસ કોઈ પણ ઋતુમાં ૧૦૦ માણસો રાત્રે તથા દિવસે પરિક્રમા કરતા જ હોય છે. તેમની અનન્યભાવના હોય છે.

સમસ્ત ૮૪ કોસની પરિક્રમામાં શ્રીગિરિરાજજીનું સ્થાન અલૌકિક છે. આ સ્થાનનો મહિમા અવર્ણનીય છે, અનુભવ અગમ્ય છે.

પરિક્રમા અનેક પ્રકારની થાય છે :

(૧) પગે ચાલીને કરવી તે

(૨) દંડવતી પરિક્રમા - આ પરિક્રમામાં જમીન ઉપર લાંબા થઈ હાથ લાંબા કરી નિશાન મૂકી ફરીથી ઊભા થઈ દંડવત્ કરી ફરીથી બંને હાથ લંબાવી નિશાની મૂકી દંડવતી પરિક્રમા થાય છે. આવી પરિક્રમા કરતા દસથી પંદર દિવસ થાય છે.

(૩) આવી ૧૦૮, ૨૭, ૯, ૭૫ની સંખ્યામાં દંડવત્પ્રણામ કરી પથ્થરની નિશાની મૂકીને પછી એ પરિક્રમા કરે છે. આટલી સંખ્યામાં

દંડવત્પ્રણામ કર્યા પછી એક દંડવત્પ્રણામ કરે છે. આ રીતની પરિક્રમામાં લગભગ દોઢથી બે માસ થાય છે.

(૪) દૂધની ધારા સાથેની પરિક્રમા થાય છે.

આ પરિક્રમામાં લગભગ ૬૦ થી ૭૦ લીટર દૂધ કુલ રાખવું પડે છે.

(૫) ધૂપ લઈને પણ પરિક્રમા થાય છે.

ઉપયુક્ત કોઈ પણ રીત-પ્રકારથી કરવામાં આવે તો પણ તે પરિક્રમામાં અષ્ટાક્ષર મંત્ર 'શ્રીકૃષ્ણ: શરણં મમ'નો જપ સતત ચાલુ રાખવો જોઈએ.

આ પિરક્રમા છ રીતે થાય છે :

(૧) સાત કોસની-લગભગ ૨૩ કિ.મી.ની રાધાકુંડથી પૂંછરી સુધીની થાય છે.

(૨) નવ કોસની-જેમાં ચન્દસરોવરનો ભાગ વધારાનો હોય છે, રાધાકુંડથી ચન્દસરોવર સાથે પૂંછરી સુધી.

(૩) પાંચ કોસની-જેમાં ગોવર્ધનથી રાધાકૃષ્ણકુંડનો ભાગ બાદ કરવામાં આવે છે. માનસીગંગાથી પૂછરી સુધી શ્રીગિરિરાજજીની ધ્યાનથી પરિક્રમા કરવામાં આવે તો શ્રીગિરિરાજજીનો સાક્ષાત્કાર થાય છે.

(૪) ૧૨ કોસી-રાધાકુંડથી પૂંછરી, ચન્દસરોવર, શ્યામઢાક અને ગુલાલકુંડ સહિત.

(૫) ૧૬ કોસી-જમુનાવતા.

(૬) ૨૦ કોસી-જમુનાવતા, બચ્છગામ, શ્યામતભાઈ, ટોડનો ઘનો, બહેજ અને માધુરી ઉપરાંત રાધાકૃષ્ણકુંડથી પૂંછરી સુધીની ચન્દસરોવર, શ્યામઢાક, ગુલાલકુંડ સાથેની પરિક્રમા.

આ છ પ્રકારની પરિક્રમા પૈકી પહેલી ત્રણ પ્રચલિત છે. તે પ્રકારનો મોટી સંખ્યા લાભ લે છે.

શ્રીગિરિરાજજી પહેલાં ૯ કોસ ૩૦ કિ.મી. લાંબા, ૭ કોસ-૨૩ કિ.મી. ઊંચા, ૪ કોસ-૧૫ કિ.મી. પહોળા હતા. શ્રીગિરિરાજજીની છાયા પહેલાં ૨૪ થી ૨૭ કિ.મી. દુર મથુરા નગરી સુધી પડતી હતી.

જ્યારે શ્રીનાથજી અહીંથી મેવાડ પધાર્યા ત્યારે દંડવતીશિલાની ઊંચાઈ જમીનથી છ ફૂટ ઉપર હતી. હાલમાં ત્રણ ચાર ફૂટ ઊંડે છે. આથી ભવિષ્યનાં કોઈ કાળે શ્રીગિરિરાજજી ક્રમશ: જમીનમાં સમાઈ જશે.

ભક્તકવિ અષ્ટસખામાંના શ્રીસૂરદાસજીએ ગાયું છે કે

અબ તો સાચો કલિયુગ આયો,
પુત્ર પુતા કો કહ્યો ન માનત,
કરત આપ મન ભાયો. ૧
પુત્રી બેચ પિતા ધન ખાવત,
દિન દિન મોલ સવાયો,
યાતેં બરખા અલ્પ ભયેરી,
કાલે સતજુગ આયો. ૨
છીપત ગોવર્ધન ઘટત વૃન્દાવન,
યમુનાનીર છિપાયો,
'સૂરદાસ' પ્રભુ ! યા કલિજુગમેં
કાહે મોહિ જિવાયો ? ૩

શ્રીગિરિરાજજી વ્રજમાં પધાર્યા તે સંબંધી એક લેખ નીચે મુજબ લખ્યો છે.

શાલ્મલિ દ્વિપમાં શ્રીપુલસ્ત્યઋષિ આ પૃથ્વીની પરિક્રમા માટે દ્રોણાચાર્યને ત્યાં પધાર્યા. સુંદર રમ્ય સ્થળ લતા કુંજ વાયુ જોઈ તપોભૂમિ લાયક છે એમ માની પશુ પક્ષી જ્યાં કલ્લોલ કરીને રહે છે તે દ્રોણાચાર્યના પુત્ર શ્રીગોવર્ધનને કાશી નગરીમાં પધરાવવા વિનંતી કરી. ગોવર્ધને કહ્યું કે મને નીચે ન મૂકશો. જો નીચે મૂકશો તો હું ત્યાં જ રહીશ. આ શરતે કાશી લઈ જવા વ્રજભૂમિમાં રહીને સહાયભૂત થવાની ઈચ્છાથી શ્રીગિરિરાજજીએ ભાર વધાર્યો, શરત ભુલાઈ ગઈ, પુલસ્ત્યઋષિએ પર્વતની નીચે મૂકી દીધો, ફરીથી કાશી પધરાવવા પ્રયત્ન કર્યો, પરંતુ ગોવર્ધને કહ્યું કે તમો વચનભંગ થયા છો, કરાર પૂરો થયો છે. પુલસ્ત્યઋષિએ નારાજ થઈ શાપ આપ્યો કે નિત્ય તલભાર ઘટશો, કલિયુગ પૂર્ણ થતાં તમારો નાશ થશે.

આ ઉપરથી ખાત્રી થાય કે શ્રીગિરિરાજનું પ્રમાણ ઘટતું જાય છે. આ શ્રીગિરિરાજજીની પરિક્રમા કોઈ પણ ભક્ત અનન્ય શ્રદ્ધાથી કરે તો તેને પરિક્રમા દરમ્યાન નીચેના ચાર પૈકી એક સ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે : ૧. ગાય, ૨. સાપ, ૩. કૂતરો, ૪. સિંહ

મારી અલ્પબુદ્ધિ પ્રમાણે સંવત ૨૦૦૬માં ભરતપુરના મહારાજાએ શ્રીગિરિરાજજીની દંડવતી પરિક્રમા કરી હતી. તે એક મહિને પૂરી થઈ

હતી, મેં નજરે દર્શન કર્યાં છે. હું સાતકોસીમાં હતો.

સંવત ૨૦૦૬ નિ.લી. મુંબઈ-મદ્રાસ મંદિરવાળા શ્રીકૃષ્ણજીવનજી મહારાજશ્રીએ ત્રણ પરિક્રમાઓ સાથે કરી હતી. હું સાથે હાજર હતો. અમો આઠ જણાં હતાં. એક રાધાકૃષ્ણના અનન્ય ભક્ત હતા. તેઓ વારંવાર રાધેશ્યામ, શ્યામ શ્યામ, શ્યામ, શ્યામ, સતત નામસ્મરણ કરતા હતા. શ્રીગિરિરાજજી, જતીપુરા, આન્યોર પૂંછરી વગેરે ગામોમાં ફરતા હતાં. ત્રણ વખત નામોચ્ચરણ કરતા હતા. જે ભાઈ-બહેન આવકારથી બેસાડે ત્યાં બાજરાનો રોટલો અને ટેટીનું શાક અથવા જે કાંઈ તૈયાર પીરસે તે લેતાં હતાં. પીંચ ઘેરથી ન મળે તો ઉપવાસ કરતાં હતાં, પણ મળતું જ હતું.

સંવત ૨૦૦૬ માં અમદાવાદવાળા ગો. શ્રીનટવરગોપાલજી મહારાજશ્રીએ અગિયાર દિવસમાં દંડવતી પરિક્રમા કરી હતી.

આ રીતે છેલ્લાં પાંચ હજાર વર્ષો અગાઉ શરૂ થયેલી અને ૫૦૦ વર્ષથી ક્રમથી રખાતી તથા લગભગ ૨૦૦ વર્ષોથી ૨૬ મુકામો અને ૪૫ દિવસના ક્રમથી ચાલતી પરિક્રમા અહીં પૂરી થાય છે.

મુકામ ૪ થો-દિવસ ૧૨ મો

જતીપુરામાં શ્રીગિરિરાજજીના મુખારવિંદથી આગળ ચાલતાં રસ્તામાં નાભિકમળનું ચિહ્ન શિલામાં છે તેને ટૂંડી કહેવાય છે. ત્યાંથી આગળ દંડવતીશિલા ઉપર થઈને ગિરિરાજ ઉપર શ્રીગોવર્ધનનાથજીના મંદિરે જવાય છે. શ્રીવલ્લભકુળના આચાર્યશ્રીની આજ્ઞા લઈને જ શ્રીગિરિરાજજીના સ્વરૂપથી ઉપરના ભાગમાં પ્રાચીન શ્રીનાથજીના મંદિરે જઈ શકાય છે. આ મંદિર રૂપિયા ચાર લાખના ખર્ચે બંધાયેલું હતું. અહીં શ્રીનાથજીબાવા ૧૫૧ વર્ષ સુધી બિરાજ્યા હતા, આ સ્વરૂપ હાલમાં મેવાડમાં શ્રીનાથદ્વારમાં બિરાજે છે. લાખો ભક્તો ત્યાં દર્શને જાય છે. શ્રીગિરિરાજજી ઉપરના મંદિરે શ્રીનાથજીબાવાનાં ચરણ છે. ઉપર જતાં સિંહપોળ આવે છે, ત્યાંથી પચાસ પગથિયાં ચઢતાં મંદિરનો ભાગ આવે છે, જેને કૃષ્ણભંડાર તરીકે ઓળખવામાં આવે છે. નીચે ટાંકા જેવું છે જે અનાજના, ઘી, તેલ વગેરેના ભંડારો-કોઠારો હોવાનું કહેવાય છે. નિજમંદિરમાં શ્રીનાથજીનો ભોગ-અને શય્યામંદિર આવેલું છે. શય્યામંદિરમાં ગુફા છે. આ ગુફા મેવાડ સુધી જવાય તેવો રસ્તો છે એમ કહેવાય છે. અહીં હિંડોળાના ભવ્ય મનોરથ થાય છે. આ સ્થળે શ્રીઆચાર્યજી

મહાપ્રભુજી તથા શ્રીગુસાંઈજી પ્રભુચરણના સમયના ઠાકોરજી બિરાજતા હતા. આની પાછળ ઊતરતાં આન્યોર ગામ અને ગોવિંદકુંડ આવે છે.

મુકામ પાંચમો-દિવસ ૧૨ મો

શ્રીગિરિરાજજીના મુખારવિંદ ઉપર શ્રીવલ્લભકુળના બાળકો તરફથી મનોરથ થાય છે. જ્યારે છપ્પનભોગનો મનોરથ હોય ત્યારે સુરભિકુંડ ઉપર શ્રીબાલકૃષ્ણલાલજીના મંદિર અને બેઠકજીની પાસે થાય છે.

આ પ્રસંગે આજુબાજુનાં ગામોમાંથી દૂર દૂરથી આવતા યાત્રાળુઓની ઘણી ભીડ થાય છે. પરિક્રમાના સંયોજક મનોરથી આચાર્યશ્રી દ્વારા દર્શન કરનારાઓ માટે ખાસ બંદોબસ્ત થાય છે. વ્યવસ્થા સારી રહે છે. જગ્યા વિશાળ છે. શ્રીવલ્લભકુળના આચાર્યશ્રી તરફથી બીજે દિવસે સઘળા યાત્રાળુ વૈષ્ણવોને મહાપ્રસાદ લેવડાવવામાં આવે છે અને સુરભિકુંડ ઉપર શ્રીગિરિરાજજીની તળેટીમાં વૈષ્ણવો પ્રસાદ લેવા બેસે છે. ગોસ્વામી આચાર્યશ્રી પધારે છે. આ વખતે વૈષ્ણવોને ઘણો જ આનંદ થાય છે. વૈષ્ણવો પ્રત્યે પ્રસાદ લેવડાવવાનો જે રિવાજ-શિષ્ટાચાર છે તે મહાપ્રસાદનું માહાત્મ્ય બતાવે છે. દરેકે પોતપોતાની ઈચ્છાથી યથાશક્તિ છપ્પનભોગનો પોતાનો ફાળો આપી પ્રસાદ અંગીકાર કરવો જ જોઈએ એવો મહિમા છે. ઓછી સમજણ હોય તેવાઓ એમ પણ બોલે છે કે દ્રવ્ય આપીને મહાપ્રસાદ લઈએ છીએ, પરંતુ આ ભાષા બરાબર નથી. પ્રસાદનો ભાવ સમજરાની જરૂર છે. રાજા પાસે, દેવમંદિરે, જ્યોતિષી અને વિદ્વાન પાસે ખાલી હાથે ન જવાય તેવી પ્રણાલિકા ઘણી પ્રાચીન છે. પુષ્ટિમાર્ગમાં આપણું કંઈ છે જ નહિ, જે કંઈ છે તે પ્રભુનું જ છે. પ્રભુ અંગીકાર કરે છે આવી ઊંડી સમજણ હોવી એ સૌના માટે જરૂરી છે. મહાપ્રસાદ અલૌકિક છે. ગોસ્વામી આચાર્યો પ્રવચનો દ્વારા અધરામૃતનું પાન કરાવે છે. એ અહોભાગ્ય ગણાય. અહીંથી મુકામ ડીગ તરફ જાય છે.

વ્રજની ૮૪ કોસની પરિક્રમાની પવિત્ર ભૂમિમાં સુંદર વૃક્ષો રસ્તાની બંને બાજુઓએ દેખાય છે. હજી પણ દરેક સ્થાનના આગેવાનો અને મુખ્ય વૈષ્ણવ ભેગા મળી વિચારે તો ઘણું થઈ શકે. પ્રભુ સૌને શુભ ભાવના અર્પે અને ભાવી પેઢીને સારા રસ્તા, સારાં વૃક્ષોની ઘટાનો લાભ મળે એ જ અભ્યર્થના.

જતીપુરાથી મુકામ ડીગ

મુકામ-આઠમો-દિવસ ૧૪ મો

જતીપુરામાં સાત દિવસનો મુકામ કર્યા પછી આનંદજનક વાતાવરણમાંથી જવાનું ગમતું નથી, પરંતુ ક્રમ મુજબ જવાનું હોવાથી ૧૪મે દિવસેથી આઠમા મુકામે ડીગ તરફ યાત્રા જાય છે. રસ્તામાં જતીપુરાથી ગુલાલકુંડ થઈ ગાંઠોલી થઈ ડીગ મુકામે પહોંચાય છે. ગાંઠોલી ગામે શ્રીઠાકોરજીએ ગોપીજનોને યુગલ સ્વરૂપનાં વસ્ત્રની ગાંઠબાંધી વિવાહખેલનો ઉત્સવ કર્યો હતો તેના સ્મરણરૂપે તેનું નામ ગાંઠોલી પડેલું છે.

શ્રીગિરિરાજજી ઉપર જ્યારે મ્લેચ્છોનો ઉપદ્રવ હતો ત્યારે શ્રીનાવજીબાવા સ્વેચ્છાએ પાડા ઉપર બિરાજી સાથે રામદાસજી અને ચતુર્ભુજદાસજી વગેરેને લઈને ટોડના ઘનામાં પધાર્યા હતા. અહી ચતુરા નાગાને દર્શન આપ્યાં હતાં. અહયાં રસ્તામાં કાંટા અને ગોખરુ ઘણા હતા અને વનમાંથી કંકોડા (કંટોલાં) વીણી લાવી તેનું શાક અને શીરો આ સામગ્રી શ્રીનાથજીબાવાને ધરી હતી. અહી રામકુંડ છે અને ચોકમાં એક ચોતરો છે. આ પ્રસંગ સંવત ૧૫૫૨ના શ્રાવણ સુદિ તેરશ ને બુધવારે બન્યો હતો. મુસલમાન લશ્કર આ તરફ નથી એ સમાચાર મળ્યા આથી ફરીથી શ્રીનાથજીબાવાને શ્રીગિરિરાજજી ઉપર પધરાવ્યા હતા. હાલમાં પણ પરિક્રમા સમયે ટોડના ઘનામાં શીરો અને કંકોડાં (કંટોલા)ના શાકની સામગ્રી સિદ્ધ કરી આરોગાવાય છે.

આ સ્થળે સઘનવન, કુંજઘટા અને વનલતાઓ હોવાથી ટોડના ઘનાનું સ્થાન સુંદર છે. અહીં શ્રીનાથજીની બેઠક છે. આ બેઠક સંવત ૨૦૧૬માં જીર્ણોદ્ધારનો શિલાલેખ છે. હાલ અહીં ખેતી થાય છે.

બહજ ગામ

ટોડના ઘનાથી આગળ સૂર્યકુંડ અને બલભદ્રકુંડ થઈને બહજ ગામ આવે છે. શ્રીરાધાકૃષ્ણ, દાઉજી અને રેવતીકુંડનાં દર્શન આવે છે. અહીંથી યાત્રાનો મુકામ ડીગ આવે છે.

ડીગ યાત્રાનો મુકામ

૮ આઠમો-દિવસ ૧૫ મો

ભરતપુરના રાજા બનસિંગે આ ગામ વસાવ્યું હતું. ભરતપુરના રાજા જવાહરસિંગ દિલ્હીના બદશાહની સાથે લડાઈમાં ગયા ત્યાંથી ધન લૂંટી લાવી અહીં વસવાટ કરેલો ત્યારે તેમનાં માતુશ્રીએ કહ્યું કે તમે આસુરી દ્રવ્ય લઈને ભરતપુરમાં આવશો નહિ, તે દ્રવ્ય લઈને વ્રજમાં જાઓ. શ્રીયમુનાજીના ઘાટ, કુંડ અને સરોવર બંધાવો. આસુરી ધનથી બુદ્ધિ મલીન થતી અટકશે. માતુશ્રીની આજ્ઞા શિરોમાન્ય ગણીને લૂંટેલું બધું જ ધન વ્રજમાં કુંડ, સરોવરસ ઘાટ અને ભવન બાંધવામાં વાપરી નાખ્યું. ભરતપુરના મહારાજને વ્રજેન્દ્રની પદવી મળી હતી. ડીગમાં જીગભરન, ગોપાલભવન તેમજ શાહી મહેલનાં કમાડના દરવાજા, ફુરારાઓ, રૂપસાગર અને ગોપાલ વગેરે સ્થળો જોવા લાયક છે. શ્રીદુઉંજીનું મંદિર, બાલાજી, સાક્ષી ગોપાલ વગેરે મંદિરો છે. ડીગથી આગળ યાત્રામાં દેવીનું મંદિર, તપ્તકુંડ, હરદ્વાર, હરકી પેઢી, જન્મોત્રી, ગંગોત્રી વગેરે દર્શન અને પાન કરી પર્વત ઉપર ચઢવામાં આવે છે. અહીં રાધાકૃષ્ણ ગૌર સ્વરૂપે છે. બાણાવળી પાંડુપુત્ર અર્જુનની શિલા પાસે કેદારનાથ છે. મહાદેવજી, પાર્વતીજી, ગણેશજી છે. પાછળ પાંચ પાંડવોની ખંડિત પ્રતિમાઓ છે. નીચે તપ્તકુંડ છે. અહી સ્નાન કરવાથી પાપ બળી જાય છે. રાસ સમયે શ્રીરાધાજી શ્રીઠાકોરજીની કાંધ ઉપર બેસવા ગયાં ત્યારે આપે બદરીનાથ અને દાજીને આ સ્વરૂપનાં દર્શન કરાવ્યાં હતાં. અહીંથી એકાદ માઈલ આગળ ઉદ્ધવકુંડ, નારદકુંડ અને સુગન્ધીશિલા આવે છે. આ સ્થળને હરદ્વાર કહે છે. અલકનંદા અને ભાગીરથી બે નાળાં આવે છે. ત્યાંથી એક માઈલ દૂર લક્ષ્મણઝૂલા નામનું સ્થળ ગાઢ જંગલમાં આવે છે. ત્યાંથી આગળ ગંગોત્ર-જન્મોત્રીના પહાડ આવે છે. ત્યાંથી પરમદશ ગામ આવે છે. આ ગામ ભગવાનના સખા શ્રીદામાનું ગામ છે. અહીં શ્રીદામાજીનું મંદિર તથા કૃષ્ણકુંડ છે. ત્યાંથી આગળ નયન સરોવર આવે છે, ત્યાં નયનબિહારીનાં દર્શન કરી યાત્રા મુકામે આવે છે.

ટોડના ઘનાનો પ્રસંગ

ચતુરા નાગા નામના ભક્ત ટોડ ગામની જંગલની ઝાડીમાં તપ કરતા હતા. શ્રીગિરિરાજજી ઉપર તેઓ કદી પગ મૂકતા નહિ, આથી એમને દર્શન આપવાને માટે શ્રીનાથજીબાવા પાડા ઉપર બિરાજીને ટોડ ગામની ઝાડીમાં પધાર્યા. આ વખતે રામદાસજી, સદુપાંડે તથા કુંભનદાસજી વગેરે ભક્તો સાથે હતા. ચતુરા નાગાએ દર્શન કરીને સારો ઉત્સવ માન્યો. કંકોડાં વીણી લાવી તેનું શાક બનાવ્યું અને શીરો કરીને શ્રીનાથજીબાવાને ભોગ ધર્યો. શ્રીનાથજી બાવાએ કુંભનદાસજીને કાંઈ કીર્તન ગાવા આજ્ઞા કરી તે વખતે કુંભનદાસજીએ ગાયું કે :


''ભાવત હૈ તોહીં ટોડકો ઘનો.
કાંટે લગે, ગોખરુ ટૂટે, ફડયૌ જાત યહ તનો. ૧
સિંહ કહા લોંકરીકૌ ડર યહ કહા બાનિક બન્યો,
'કુંભનદાસ' તુમ ગોવર્ધનધર, વહ કૌન રાંડ ઢેઢનીકો
બન્યો. ૨ *(રાગ સારંગ)*

આ પ્રસંગ સંવત ૧૫૫૨ શ્રાવણ સુદ તેરસ બુધવારના રોજ બન્યો હતો આજે પણ પુષ્ટિમાર્ગીય હવેલીઓમાં શીરો અને કંટોલાંનું શાક દર શ્રાવણ સુદ ૧૩ ને દિવસે શ્રીઠાકુરજીને ધરાય છે.

ડીગ યાત્રાનો મુકામ ૯ મો - દિવસ ૧૬ મો

પંચમપીઠાધીશ્વર નિ. લી. શ્રીદેવકીનંદનાચાર્યજીની મહારાજ- બાપાશ્રી સમય બિરાજતા હતા. સ્થળ રમણીય છે. અહીં શ્રીદેવકીનંદનાચાર્યજીની બેઠક છે. આ સ્થળનો વિકાસ નિ. લી. ચતુર્થ પંચમપીઠાધીશ્વર શ્રીવલ્લભલાલજી મહારાજશ્રીએ કર્યો છે. આમ તો નિવાસનો અહીં મહેલ છે. એક સુંદર કૂવો અને બગીચો છે. આયુર્વેદિક દવાખાનું છે. અહીં આયુર્વેદના ગ્રન્થોના આધારે દેશી દવાઓ તૈયાર કરવામાં આવે છે. આ સ્થળની બન્ને બાજુએ પહાડ હોવાથી સ્થળ સમણીય છે. વર્તમાન પંચમપીઠાધીશ્વર ગોસ્વામી શ્રીગોવિન્દલાલજી મહારાજશ્રી ઘણા સમયથી અવારનવાર અહીં બિરાજવા પધારે છે. હતા આ સ્થળનાં જળવાયુ ઘણાં અનુકૂળ છે. કામવનથી તથા ડીગ તરફથી અહીં અવાય છે. બસ દ્વારા તથા ચાલીને પણ જઈ શકાય છે. શ્રીકામવન આવતાં માર્ગમાં ઈન્દ્રોલી ગામ અને ઈન્દ્રકુપ આવે છે. ઈન્દ્રરાજાએ આ

જગ્યાએથી શ્રીગિરિરાજજી ઉપર ચઢાઈ કરી હતી. અહીંથી ઈન્દ્ર એક ગાય હરી ગયો હતો, પરંતુ તે ગાય બળવાન હોવાથી તે ગાય શ્રીઠાકોરજી પાસે પાછી આવી હતી. ત્યાં ઈન્દ્રકુંડ છે. અહીંથી યાત્રાનો મુકામ કામવન આવે છે.



કામવન

મુકામ ૧૦ મો - દિવસ ૧૭ મો

કામવન એ સારસ્વત કલ્પના સમયનું વૃન્દાવન મનાય છે. ૧૨ વનમાંનું આ પાંચમું વન છે. પાંડવોએ પોતાના વનવાસનો કાળ અહીં વિતાવ્યો હતો. શ્રીઠાકોરજીનાં પાંચ વર્ષના બાલ્યકાળના સમય દરમિયાન અહીં ખેલેલાં હતા. પૃથ્વીમાં જેટલાં તીર્થ છે તે બધાં જ તીર્થ અહીં આવી જાય છે. સકલ કામના એ પૂર્ણ કરે છે તેથી તેને કામ્યવન-કામવન કહે છે. મહાભારતના સમયનું કામ્યવન એ જ આ કામવન છે. શ્રીગિરિરાજથી કામવન સુધી ૨૦ કોસમાં-૬૪ કિ.મી.માં પહેલાં વૃન્દાવન હતું. તેથી કામવનને પ્રાચીન સમયનું વૃન્દાવન કહે છે. કામવન, નંદગામ, બરસાના અને ગોવર્ધન સુધીનો વિશાળ વનપ્રદેશ એ જ પ્રાચીન વૃન્દાવન હતું. ભગવાન શ્રીકૃષ્ણ ગોપ ગોવાળો સાથે અહીં ગોચરણલીલા કરતા હતા. કામવન એ ચોરાશી તીર્થોનો રાજા છે. કામવનની આજુબાજુમાં ૮૪ કુંડો હતા. પણ તે કાચા હોવાથી પુરાઈ ગયા છે.

એક વખત યશોદા માએ શ્રીકૃષ્ણ ભગવાનને પોઢવાના સમયે હાલરડું ગાવા માંડ્યું અહીં શ્રીઠાકોરજીએ શ્રીરામચન્દ્રજીના સ્વરૂપની ઝાંખી કરાવી હતી. કામવનની આજુબાજુમાં લંકાકુંડ વગેરે રામાવતારની લીલાના સમયનાં દર્શન કરાવ્યાં હતાં. નારદ પુરાણમાં આ સ્થળનું સારું વર્ણન છે.

અહીંયાં શ્રીગોકુલચન્દ્રમાજી પંચમનિધિનું સ્વરૂપ બિરાજે છે. કામવનમાં બીજું શ્રીબાલકૃષ્ણજીનું સ્વરૂપ બિરાજે છે. શ્રીગોકુલચન્દ્રમાજીનું સ્વરૂપ મહાવનના એક બ્રહ્માંડઘાટે શ્રીયમુનાજીમાંથી ચાર સ્વરૂપો પ્રાપ્ત થયાં હતાં તે શ્રીમહાપ્રભુજીને આ ચારે સ્વરૂપો સોંપ્યાં

હતાં. શ્રીમહાપ્રભુજીએ તેમાંના શ્રીનવનીતપ્રિયજી ધાવનને, શ્રીલાડીલેશજી જીયાદાસ સુરી ક્ષત્રીયને, શ્રીલલિત દેવાકપૂરને અને શ્રીગોકુલચન્દ્રમાજી નારાયણદાસ બ્રહ્મચારી જેઓ ગોકુલ-મહાવનમાં રહેતાં હતાં ત્યાં પધરાવી આપ્યું હતું. તે પૈકી નારાયણદાસ બ્રહ્મચારીને ત્યાં બિરાજતું શ્રીગોકુલચન્દ્રમાજીનું શ્યામ સ્વરૂપ બે વેણુ સહિત ભુજાવાળા ચરણો સ્થાપન દક્ષિણ ચરણકમલ ઉન્નત, નીચી દૃષ્ટિ ભૂમિ ઉપર એવું કૃપાવાળું દર્શન થાય છે. આ સ્વરૂપ મહારાસનું છે. આ સ્વરૂપ જ ગોકુલમાં શ્રીમહાપ્રભુજીને બ્રહ્મસંબંધ મંત્રની આજ્ઞા કરી હતી. શ્રીમહાપ્રભુજીને ઠકરાણી ઘાટ ઉપર ગોકુલમાં આ સ્વરૂપથી જ સર્વ પ્રથમ દર્શન આપ્યાં હતાં. આપશ્રીએ તેવું વર્ણન મધુરાષ્ટકમાં કર્યું છે.

પરમ કૃપાળુ શ્રીગુસાંઈજીના પંચમ પુત્ર શ્રીરઘુનાથજીના હિસ્સા (ભાગ-વહેંચણી)માં આ સ્વરૂપ આવ્યું છે. કામવન એ શ્રીયશોદાજીનું પિયર છે. અહીં શ્રીઠાકોરજી એ વ્રજભક્તોના મદનો નાશ કર્યો હતો. અહીં સપ્તમ નિધિ શ્રીમદનમોહનજીનું મંદિર છે. આ સ્વરૂપ શ્રીઅગ્નિકુંડમાંથી પ્રગટ થયું છે. શ્રીગુસાંઈજીના સાતમા લાલજી શ્રીઘનશ્યામલાલજીને આ સ્વરૂપ મળ્યું છે. હાલ આ સ્વરૂપ પીઠાધીશ્વર શ્રીઘનશ્યામલાલજી મહારાજને માથે બિરાજે છે.

આ ઠાકોરજી શ્રીમહાપ્રભુજીના શ્રીનરહર જોશીના છે. આ સિવાય બીજાં મંદિરો છે : (૧) શ્રીબાલકૃષ્ણજીનું, (૨) શ્રીમદનમોહનજી, છોટાં સ્વરૂપ શ્રીગોકુલનાથજીનાં છે. (૩) શ્રીબાલકૃષ્ણદાસજીનું, આ સ્વરૂપ શ્રીરઘુનાથજીનું છે.

કામવનની પરિક્રમા

વિમલકુંડ ચાતુર્માસમાં આ સ્થળોમાં વ્રજનાં બધાં જ તીર્થો આદિ સ્વરૂપે બિરાજે છે, પરંતુ અભિમાનથી પુષ્કરરાજ તીર્થ ત્યાં પધાર્યા નહિ. ભારતમાં બ્રહ્માજીનું આ એક જ મંદિર છે. આ મંદિરમાં બ્રહ્માજીની મૂર્તિ પૂજાય છે. વિશાળ કુંડ છે. ત્યાં બધાં જ યાત્રાળુઓ સ્નાન કરી, આચમન કરી દાન પુણ્ય કરે છે.

ભગવાન શ્રીકૃષ્ણે આજ્ઞા કરીને વિમલકુંડ ઉત્પન્ન કર્યો છે. વિમલ નામની પવિત્ર સ્ત્રીને પ્રકટ કરી પ્રભુએ વિહાર કર્યો છે, ત્યારથી અહીં વિમલાદેવી બિરાજે છે. આ વિમલકુંડમાં સ્નાન કરવાથી સાથ વાર પુષ્કરરાયમાં સ્નાન કરવાનુ ફળ મળે છે. આથી વિમલકુંડને તીર્થરાજ


કહેવામાં આવે છે. નંદરાયજી વગેરે ગોપ અને શ્રીગોપીજનોએ વિમલકુંડમાં
સ્નાન કરી વિમલાદેવીનું પૂજન કર્યું હતું. અહીં વિમલાદેવીનું મંદિર અને
ચતુર્ભુજદેવનાં મંદિર છે. અહીંના જળમાં શ્રીયમુનાજીના જળમાં છે તેવા
મોટા કાચબાઓ હોવાથી આ જળ સ્વચ્છ રહે છે. અહીંથી આગળ
મધુસૂદનકુંડ આવે છે ત્યાં શીતલામાતાનાં દર્શન થાય છે. યશોદાજીએ
શીતલાદેવીનું પૂજન કરી મધુસૂદન ભગવાનને અર્પણ કર્યું હતું.

અહીં યશોદાકુંડ છે ત્યાં જન્માષ્ટમીનો ઉત્સવ કર્યો હતો અને
છપ્પનભોગની લીલા કરી હતી. ત્યાંથી આગળ લંકાકુંડ આવે છે. બે
કુંડની વચ્ચે સેતુ બાંધેલો છે. અહીં આગળ રામેશ્વરજી અને હનુમાનજીનું
મંદિર છે. અહીં પ્રભુએ શ્રીરામાવતારની લીલા પ્રકટ કરેલી. નંદ-યોશોદા-
ગોપ વગેરેને દર્શન કરાવ્યાં હતાં. પંચકુટિ લંકાદેવી, લંકેશ્વર હનુમાન
મહાદેવજી છે. આ બધાંનાં દર્શન રામાવતારની સ્મૃતિ તાજી કરાવે છે.
અહીં બે મોટાં વડનાં ગંજાવર વૃક્ષ છે. અહીં વ્રજભક્તો આંખમિચામણીના
ખેલ ખેલેલા હતા. આગળ ચક્રતીર્થ છે. શ્રીઠાકોરજીએ ગ્વાલબાલના
રક્ષણની તથા તેમને જે કંઈ જોઈએ તે આપવાની ચક્રને આજ્ઞા કરી
હતી. આગળ ચરણપહાડી આવે છે. વ્રજના પાંચ નાના મોટા પર્વતોમાં
આ પર્વતની ગણના છે. પહાડી ઉપર પ્રભુનાં ચરણચિહ્ન પડેલાં હોવાથી
તે ચરણ-પહાડી તરીકે ઓળકાય છે. પહાડી ઉપર ચઢવા માટે પગથિયાં
છે તે ચઢીને શ્રીઠાકોરજીના એક આખા ચરણના તથા એક અર્ધા ચરણનાં
ચિહ્નનાં દર્શન થાય છે. બારીકાઈથી આખી ચરણપહાડીમાં જોઈએ તો
ઘણાં સ્થળે ચરણનાં દર્શન થાય છે. અહીથી નજીક એ ગુફા છે ત્યાં
લુકલુકકુંડ છે અને લુકલુક કન્દરા છે. આ ચરણપહાડી ઉપર ઊભા રહી
શ્રીઠાકોરજીએ વેણુનાદ કરી વ્રજભક્તોને દર્શન આપ્યા હતાં તેમજ આઠ
દિશામાં સંતાઈ જઈ આંખમિચામણી ખેલતા હતા. પાછળની બાજુએ
ઊતરતાં મહાદધિકુંડ આવે છે. અહીં ઠાકોરજી દહીં આરોગી મુખ પ્રક્ષાલન
કરતા હતા. આથી આ કુંડમાં વૈષ્ણવો ભાવથી બધાં આચમન કરે છે.
અહીં બાજુમાં છટંકી-પાંચ્છેરીનાં બે પથ્થરોનાં દર્શન થાય છે. એમ કહેવાય
છે કે પ્રભુ ગોપીજનોને ઘેર માખણ ચોરી ગોપબાળકો સાથે બંદરોને દહીં
તથા માખણ લૂંટાવતા હતાં. યશોદાજીને શ્રીગોપીજનોએ કનૈયાની દહીં
માખણની ચોરીની ફરિયાદ અહીં કરી હતી. શ્રીયશોદામાતા પોતાના
ઘરમાંથી ત્રાજવા લાવીને કહે છે કે 'ગરીબનીકો જાયો હૈ તેરો જો બિગાડ

કિયો સો તો મોહી આજ તાલ-તોલ.' વગેરે.

શ્રીયશોદામાતા પોતાના લાલા ઉપર વાત્સલ્ય લાવીને કહે છે કે આ પુત્ર કે જેનું મોટી મોટી ઉંમરે પ્રાકટ્ય થયું છે તે તમારા બધાંના મહાન પુણ્યથી થયું છે. આ લાલને તમો કોઈ દોષ ન દેશો. તમારું નુકસાન થયું હોય તેથી અધિક જેટલું જોઈએ તેટલું લઈ જાઓ. શ્રીનંદરાયજીના ઘરની ભાવના અને ઉદારતા આમાં જોવામાં આવે છે. અહીંથી આગળ જતાં નંદરાયજીની બેઠક ગોપાલકુંડ અને મનસા (મનીષા) કુંડ આવે છે. અહીં મનીષાદેવીનાં દર્શન છે. તે ભક્તોની મનઃકામના પૂર્ણ કરે છે. શ્રીકૃષ્ણ ભગવાન પૂર્ણ પુરુષોત્તમ છે એવું જ્ઞાન લલિતાજીએ કરાવ્યું હતું. આગળ જતાં દેવીકુંડ, ગયાકુંડ, મોરકુંડ આવે છે, જ્યાં ઠાકોરજીએ મોરની સાથે મયૂરનૃત્ય કર્યું હતું.

અહીંથી આગળ ચૈતન્ય સમ્પ્રદાયના ગોપીનાથજી તથા
ગોવિંદદેવજીનાં મંદિરો આવેલાં છે. શ્રીગોપીનાથજીને બે સ્વામિનીજી
જગન્નાથજીનું મંદિર બાદમાં આવે છે. એ ભવ્ય, વિશાળ અને સુંદર છે.
અહીંથી ૮૪ સ્તંભનું સ્થાન આવે છે. આ સ્થાન ઘણું પ્રાચીન અને શિલ્પ-
સ્થાપત્યવાળું છે. કોતરકામ બહુ જ ઝીણું છે. ઘણી મૂર્તિઓ કંડારેલી છે.
વિધર્મીઓ દ્વારા ઘણી મૂર્તિઓ ખંડિત થયેલી છે. આગેવાનો અને
પ્રતિનિધિ મંડળો દ્વારા પુરાતત્વખાતુ સુરક્ષિત કરે અને સારો ખર્ચ કરે
તેમ કરવાની ખાસ જરૂર છે. ત્યારબાદ ચૈતન્યના સંપ્રદાયના
શ્રીમદનમોહનજી અને શ્રીરાધાકૃષ્ણનાં મંદિરો આવે છે. પછી પુષ્ટિમાર્ગીય
બન્ને નિધિસ્વરૂપોનાં સ્થાનનાં દર્શન કરી, દંડવત્ કરી મુકામ ઊપર યાત્રા
આવે છે.



શીતળા દેવીનું માહાત્મ્ય

એકવાર શ્રીકૃષ્ણે જ્યારે કોઈ દૈત્યને માર્યો ત્યારે શ્રીયશોદામાતાએ કહ્યું કે તેં દૈત્યને માર્યો ? ભગવાને જવાબ દીધો કે જ્યારે દૈત્ય મને મારવા આવ્યા ત્યારે એક બુઢ્ઢી ડોશીએ મારો બચાવ કર્યો હતો. ત્યારથી વ્રજમાં શીતળાદેવીનો મહિમા ચાલ્યો છે. આગળ સૂરજ કુંડ, ગોપાલકુંડ આવે છે. સુરભિકુંડ શ્રીકુંડ પણ કહેવાય છે. અહીં શ્રીમહાપ્રભુજીની બેઠક છે. અહીયાં એક બ્રહ્મપિશાચ રહેતો હતો. જે કોઈ બેઠક ઉપર સૂઈ જાય તેનું તે ભક્ષણ કરતો હતો. શ્રીમહાપ્રભુજી આ સ્થળે પધાર્યા, પોતાના અનુયાયીઓ સાથે રાત્રે વિશ્રામ કર્યો. એક વૈષ્ણવ તે વખતે આ કુંડ પર શ્રીઠાકોરજીના વાઘા (વસ્ત્ર) ધોતો હતો તેના છાંટા ઊડવાથી બ્રહ્મરાક્ષસની મુક્તિ થઈ. શ્રીમહાપ્રભુજીએ જણાવ્યું કે ''આ પિશાચ પૂર્વ જન્મમાં બ્રાહ્મણ હતો તથા કામવનનો રાજા હતો. તેણે બ્રાહ્મણોને પૃથ્વી દાનમાં આપી હતી. પછી બુદ્ધિભ્રષ્ટ થતાં તેણે આપેલું દાન પાછું લીધું આથી બ્રાહ્મણોએ શાપ આપ્યો, આ કારણે તે બ્રહ્મરાક્ષસ થયો હતો.'' ૨૦૦ વર્ષ સુધી વ્રજમાં રહેવા છતાં તેની મુક્તિ થઈ નહિ, પરંતુ શ્રીમહાપ્રભુજીના વસ્ત્રના જળના છાંટાથી તેનો ઉદ્ધાર થયો. આ શ્રીમહાપ્રભુજીનો પ્રકટ પ્રતાપ છે. અહીંથી બાજુમાં શ્રીગુસાંઈજીની બેઠકજી પણ બિરાજે છે. એક વખત શ્રીગુસાંઈજીના પરમકૃપાપાત્ર ભગવદીય મધુસૂદનદાસ ત્યાં સેવા કરતા હતા અને દૂધ ઉપર જ રહેતા હતા, શ્રીસર્વોત્તમજીના પાઠ કરતા હતા. તેમણે વ્રત લીધઓું હતું કે જો શ્રીમહાપ્રભુજી પ્રત્યક્ષ દર્શન દે તો જ વ્રત છોડવું. શ્રીગુસાંઈજીએ વ્રત છોડવા માટે ઘણું સમજાવ્યા અને શ્રીમહાપ્રભુજી ને પરિશ્રમ આફી હઠાગ્રહ ન કરવા કહ્યું, પરંતુ મધુસૂદનદાસે માન્યું નહિ શ્રીગુસાંઈજી અહીંથી આગળ પધાર્યા. ત્યાર પછી છ-માસ

શ્રીમહાપ્રભુજીએ સ્વયં પધારી કહ્યું કે મારા વંશના બાળક જ્યાં બિરાજતા હોય ત્યાં દર્શન કરવાં એ મારાં દર્શન સમાન છે. અભેદબુદ્ધિ રાખી શ્રદ્ધાપૂર્વક દર્શન કરવાથી મારા સ્વરૂપે દર્શન થશે અને સર્વોત્તમજી સ્તોત્રનો પાઠ એ વૈષ્ણવો માટે ગાયત્રીસ્વરૂપ છે એમ જણાવ્યું. શ્રીસર્વોત્તમ છે. સ્તોત્રમાં શ્રીગુસાંઈજી એ પણ આજ્ઞા કરી છે. કે શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી અને શ્રીવલ્લભકુળ, ત્રણે એક જ સ્વરૂપ છે. આથી વૈષ્ણવોમાં ભેદની રીતથી બચી જવું. અહીં શ્રીગોકુલનાથજીની બેઠક છે. ત્યાં આપશ્રીએ બિરાજી ભાગવતપારાયણ કર્યુ હતાં. ચોથી બેઠક શ્રીમહાપ્રભુજની સંધ્યાવંદનની છે. આ પાંચે બેઠકો એકી સાથે બિરાજે છે, તે ઉપરાંત ગોસ્વામી શ્રી ૧૦૮ શ્રીદેવકીનંદનાચાર્યજી-બાપાશ્રીના પિતૃચરણ શ્રીગોવિંદ મહાપ્રભુજીની બેઠકજી છે. અહીં સુંદરકુંડ તેમજ આગળના ભાગમાં રમ્ય વૃક્ષોની લતાપતાકાથી આહલાદક સ્થળ છે. આ કુંડમાંથી જે માટી નીકળે છે તે માખણ જેવી કોમળ હોય છે, તેથી વ્રજની બધી બેઠકોએ અહીંથી રજ જાય છે. આ બેઠકજી પંચમ પીઠાધીશ્વર ગોસ્વામીજી ૧૦૮ શ્રીગોવિંદલાલજી મહારાજશ્રીના માથે બિરાજે છે. ઝારી ચરણસ્પર્શ સેવાનો પ્રકાર સારી રીતે ચાલે છે. આથી આગળ ઘસની ખિસલની શિલાઓ આવે છે. અહીં પ્રભુ સખાઓ સાથે ખિસલ ખિસલ ખેલતા હતા.

શ્રીગિરિરાજ ઉપર ઈન્દ્રે ચઢાઈ કરી ત્યારે ઈન્દ્રની સેનાએ અહીં રાતદિવસ મુકામ કર્યો હતો. અહીંથી ભોળાસુરની ગુફા આવે છે. આ ગુફા ઈન્દ્રસેન પર્વતના ઊંચા ભાગમાં છે. માયાવીઓના આચાર્ય મયાસુરનો પુત્ર ભોળાસુર કોઈ વખતે મનુષ્યનો વેષ ધારણ કરી ગોપબાળકોને ઉપાડી જઈ પર્વતની ગુફામાં પૂરી રાખતો હતો અને મોટી શિલાથી ગુફાનું મુખ ઢાંકી દેતો હતો. શ્રીકૃષ્ણ ભગવાને ગોપબાળકોને લઈ જતા જોયા આવી ભોળાસુર દૈત્યનો નાશ કર્યો અને ગોપબાળકો વગેરે સૌને ગુફામાંથી બહાર કાઢ્યા. આ વખતે ભગવાનના શ્રીકંઠનું આભૂષણ તૂટી ગયું હતું. તેના પદકનાં ચિહ્નો પહ .ી શિલા ઉપર દેખાય છે. શિલામાં મુકુટ, કુંડળ અને પાઘના પેચનાં દર્શન થાય છે. શ્રીબળદેવજીનાં શ્રીહસ્તનાં તથા બાળચરણના ચિહ્નનાં દર્શન થાય છે તથા દક્ષિણ ચરણનાં ચિહ્નનાં દર્શન થાય છે એમ કહેવાય છે. આગળ ચાલતાં કૃષ્ણકુંડ, ભોજનથાળી અને ભોગકટોરો આવે છે. અહીંયાં ત્રણ

ઠેકાણે પથ્થરની શિલામાં કટોરાનાં તથા થાળીનાં ચિહ્નોનાં દર્શન થાય
છે. ગોસ્વામી બાળકોને છાક આરોગવાનું અહીં માહાત્મ્ય છે. આ સ્થળે
થાળી-વાટકા, મેવા-દૂધપાક વગેરે ભરીને અથવા એમ ને એમ પોતાના
તીર્થગોર-ચોબાજીને દાન અપાય છે. અહીં શ્રીઠાકોરજી છાક આરોગ્યા
તા. અહીં આગળ ચાલતાં યક્ષકુંડ, ગોપાલકુંડ, ચરણકુંડ અને શ્રીકુંડ
તથા ગરુડકુંડ આવે છે. અહીં ગરુડજીનાં દર્શન થાય છે. ત્યાર પછી
ચન્દ્રભાગાકુંડ, શ્રીદાઉજી અને ચન્દ્રભાગેશ્વર મહાદેવનાં મંદિર આવે છે.
આગળ જતાં બળદેવજી-રેવતીજીનાં દર્શન તથા કામવનની રક્ષા કરી
રહેલા કામેશ્વર મહાદેવનાં દર્શન થાય છે. આ મહાદેવની સ્થાપના
શ્રીકૃષ્ણના પ્રપૌત્ર શ્રીવજ્રનાભે કરી હતી. અહીંથી આગળ શ્રીશેષશાયી
અને ધર્મરાજાનાં મંદિરો આવે છે. શ્રીઠાકોરજીએ ધર્મરાજાને આજ્ઞા કરી
હતી કે મારા ભક્તો ઉપર તમારાં આજ્ઞા અને પ્રભાવ ચાલશે નહિ. જ્યારે
વેણુનાદ સાંભળી ધર્મરાજા દર્શન કરવા આવેલા ત્યારે આ આજ્ઞા
ફરમાવેલી હતી. તેની પાસે જ ચિત્રગુપ્તનાં દર્શન થાય છે. આગળ જતાં
પાંચ પાંડવ, કર્મરાજ, વરાહભગવાન, પંચમતીર્થ, પાંડવકુંડ, દ્રૌપદીજી,
કુંતાજી, મૃગીકુંડ, ચારે યુગોના મહાદેવજી અને મનઃકામનાકુંડ વગેરે
તીર્થોનાં દર્શન અને પાન આવે છે. અહીં કામવનની યાત્રા પૂર્ણ થાય છે.
કામવનની આજુબાજુ ૩૦૦ કુંડ આવેલા છે. તે ઉપરાંત અન્ય દર્શનીય
સ્થાનો અનેક છે. કામવનમાં પ્રભુએ ભક્તોની અનેક કામનાઓ પૂર્ણ
કરી તેથી તે કામ્યવન-કામવન કહેવાય છે. કામવન ૮૪ તીર્થોનો રાજા
છે. કામવનમાં શ્રીકૃષ્ણ ભગવાને પાંચ વર્ષની વયના થયા ત્યાંસુધી
અનેકવિધ લીલાઓ કરેલી છે. વધુ લીલાઓ માટે સુરભિકુંડ શ્રીકુંડ
અને વિમલકુંડ પ્રખ્યાત છે. એક વખતે વ્રજભક્તોને મનોરથ થયો કે
શ્રીઠાકોરજી અમારા શણગાર કરે. શ્રીઠાકોરજીએ તેમના મનોરથ પૂર્ણ
કરવા વૈશાખ સુદ ૧૫, પૂનમની રાત્રિએ કામવનમાં પધારી વેણુનાદ
કરી વ્રજ ભક્તોને તેડાવ્યાં. જેટલાં રૂપ વ્રજભક્તોનાં હતાં તેટલાં રૂપ
ધારણ કરી પ્રભુએ શ્રીહસ્તથી શણગાર કરી સર્વ વ્રજભક્તોના મનોરથ
પૂર્ણ કર્યા. વ્રજભક્તોએ શ્રીઠાકોરજીને શીતલ સામગ્રી આરોગાવી
પોતાનો મનોરથ સિદ્ધ કર્યો.

કામવન પરિક્રમામાં શ્રીનાથજીનાં ધ્વજાજીની પધરામણી

સંવત ૧૮૭૯માં શ્રીનાથદ્વારામાં છપ્પનભોગનો મનોરથ થયો તે
સમયે નાથદ્વારમાં બિરાજતા તિલકાયિત શ્રીગોસ્વામી શ્રીદામોદરજી
મહારાજશ્રીએ ધ્વજાજી-આરોહણની પ્રથા શરૂ કરી હતી. એમ કહેવાય
છેકે ધ્વજાજીમાં શ્રીનાથજીની ભાવના સમાયેલી છે. આ ધ્વજાજીની સાથે
શ્રીનાથજી બાવાનાં ચિત્રજી ગાદીજી ઉપર ભાવનાથી પધરાવવામાં આવે
છે.


ધ્વજાજી અને ચિત્રજી ત્યાં ભાવથી પધરાવવામાં આવે છે. વૈષ્ણરો
ભોગ સામગ્રી ધરીને ચરણસ્પર્શ પ્રદક્ષિણા નિરાજન ભેટ વગેરે ભાવથી
કરી શકે છે. શ્રીનાથદ્વારા (મેવાડ)માં આપણાથી ચરણસ્પર્શ ન થાય,
જ્યારે ધ્વજાજી અને શ્રીનાથજીનાં ચિત્રજીને ગાદીજી ઉપર પધરાવીને
આદરભાવથી સેવા કરી ચરણસ્પર્શ કરી શકાય છે, તેથી અલૌકિક
સુખનો આનંદ મળે છે અને શ્રીનાથજીના સ્વરૂપના પ્રતીકનો પ્રત્યક્ષ
આનંદ હોય તેવો અનુભવ થાય છે. શ્રીનાથજીનાં સાત ધ્વજાજી સાત
રંગનાં હોય છે એનો ભાવ શ્રીગુસાંઈજીનાં સાત બાળકો તથા પુષ્ટિમાર્ગીય
નિધિનાં સાત સ્વરૂપ (સાત ગાદી) છે. શ્રીનાથજીબાવા એ પુષ્ટિમાર્ગના
આરાધ્યા ઈષ્ટદેવ છે, આપણું સર્વસ્વ છે. કોઈ પણ દેશનું પ્રતીક એ
તેનો ધ્વજ છે. આ જ રીતે શ્રીનાથજીના ધ્વજાજી પુષ્ટિમાર્ગનું પ્રતીક છે.
આ પ્રતીકની ઝાંખી કરીને વૈષ્ણવોનું હૃદય અત્યંત પુલકિત બને છે. આ
ધ્વજાજીનાં દર્શન કરીને જીવન ધન્ય ધન્ય બને છે, કારણ કે શ્રીનાથજીનાં
સર્વ રૂપ, ગુણ અને લીલાઓનું સઘળું સામર્થ્ય શ્રીધ્વજાજીમાં પ્રવેશ
પામેલ છે, તેથી શ્રીનાથજીનાં દર્શનથી જ આનંદ અનુભવાય તેટલો જ
આનંદ અને ફળ શ્રીજીનાં ધ્વજાજીનાં દર્શનથી અવશ્ય પ્રાપ્ત થાય છે.

શ્રીહરિનો જેના ઉપર અનુગ્રહ હોય અને ગુરુની જેના ઉપર કૃપા
હોય તેને આ લાભ અવશ્ય મળે છે. શ્રીનાથજીનાં સાત ધ્વજાજીના સાત
રંગના અલગ અલગ ભાવ છે. આ ભાવનાનું વર્ણન શ્રીહરિરાયજી
મહાપ્રભુજીએ સુંદર રીતે કર્યું છે તથા શ્રીકૃષ્ણાવતી બહુજીએ ધ્વજાજી
સંબંધી સારાં પદોની રચના કરી છે. પહેલાં ધ્વજાજી છે તેમાં
શ્રીનાથજીબાવાનો ભાવ છે (૨) બીજાં ધ્વજા પીળાં છે તે શ્રીસ્વામિનીજીનું
પ્રતીક છે. (૩) ત્રીજાં ધ્વજા શ્યામ છે તેમાં શ્રીયમુનાજીની ભાવના છે.
(૪) ચોથાં ધ્વજા શ્વેતરંગની છે તેમાં શ્રીચન્દ્રાવલીજી સખીનો ભાવ થાય

છે. (૫) પાંચમાં ધ્વજા લીલાં છે તે રાધાની ભાવનાનું સ્વરૂપ છે. (૬) છઠ્ઠા ધ્વજાજી જાંબલી રંગનાં છે તેમાં શ્રીગિરિરાજજીની ભાવના છે. (૭) સાતમાં ધ્વજાજી ગુલાબી છે તેમાં શ્રીગોપીજનોનો ભાવ રહેલો છે. ઉપર પ્રમાણએના સાત રંગનાં સાત ધ્વજાજી સાત ભાવથી બિરાજે છે, શ્રીધ્વજાજીની ભાવનામાં શ્રીનાથજી બાવાના પરિકરની ભાવના સમાયેલી છે. ભાવાત્મક સ્વરૂપનું જેટલું વર્ણન કરીએ તેટલું ઓછું છે. પુષ્ટિમાર્ગ ભાવાત્મક માર્ગ છે. સ્નેહપૂર્ણ શ્રીઠાકોરજીની સેવા અને જપ સ્તોત્રપાઠ નામસ્મરણ બંનેને આ માર્ગમાં ખુબ મહત્ત્વ આપ્યું છે. ભાવનગર (સૌરાષ્ટ્ર) માં શ્રીનાથજીનાં ધ્વજાજીને પધરાવવા વૈષ્ણવ મનોરથી અને સૌના સહકારથી સંવત ૨૦૩૯ ફાગણ વદ ત્રીજ ગુરુવાર તા. ૩૧-૩-૮૩થી ફાગણ વદ ૧૦ ગુરુવાર તારીખ ૭-૪-૮૩ સુધી આઠ દિવસનો ભરચક કાર્યક્રમ યોજાયો હતો. પૂજ્યપાદ પંચમપીઠાધીશ્વર ગોસ્વામીશ્રી ૧૦૮ શ્રીગોવિંદલાલજી મહારાજશ્રીના અધ્યક્ષપદે સુંદર આયોજન થયું હતું. આ મનોરથમાં પૂજ્ય ગોસ્વામીશ્રી ગિરિધરલાલજી બાવાશ્રી કામવન-ઉત્તરસંડા, જિલ્લો ખેડા, પૂજ્ય ગોસ્વામીશ્રી દ્વારકેશલાલજી બાવાશ્રી નવનીતલાલજી બાવાશ્રી તથા છબીલાજીની હવેલી-ભાવનગર-પૂજ્ય ગોસ્વામીજી મુરલીધરજી બાવાશ્રી, શ્રીનવનીતપ્રીયલાલજીની હવેલી ઘાટકોપર, મુંબઈ આ ચારે ભ્રાતાઓના અપૂર્વ ઉત્સાહ અને પરિશ્રમથી ભાવનગરનો શ્રીધ્વજાજીના મનોરથનો લાખો વૈષ્ણવોએ લાભ લીધો હતો. સમિતિઓના સહકારથી સુવેનીર સચિત્ર બહાર પાડયું હતું. ઘણી સુંદર વિગત છપાઈ છે. અઢી વર્ષ જેટલા અલ્પ સમયમાં બીજા વખત આવા દિવ્ય પ્રસંગનો સૌને લાભ મળે છે.

કામવન-વ્રજમાં પ્રથમ વખત
શ્રીનાથજીના ધ્વજાજીની પધરામણી

પૂજ્યપાદ પંચમપીઠાધીશ્વર ગોસ્વામી શ્રી ૧૦૮ શ્રીગોવિંદલાલજી મહારાજશ્રી નિજેચ્છા દ્વારા નિજ ભક્તો અને પરિક્રમાવાસી તથા સમસ્ત વૈષ્ણવ સૃષ્ટિ ઉપર કૃપા કરી વ્રજમંડળમાં પ્રથમ વખત શ્રીનાથજીનાં ધ્વજાજીને પધરાવવાનો અલૌકિક આનંદનો લાભ મળે છે. કામવનમાં ત્રણ દિવસ સુધી શ્રીગોકુલચન્દ્રમાજી ઠાકોરજીના તથા શ્રીનાથજીનાં ધ્વજાજીના મનોરથો-મહોત્સવો યોજાશે.



કામવનથી બરસાના

મુકામ ૧૧મો - દિવસ ૨૩મો

કામવનથી પરિક્રમા બરસાના તરફ પ્રયાણ કરતાં માર્ગમાં કર્ણકુંડ આવે છે, જ્યાં શ્રીસ્વામિનીજીનાં કુંડલ જતાં રહ્યાં હતાં, જ્યાં શ્રીઠાકોરજીએ ખોબો ભરીને કુંડલ આપ્યાં છે. અહીં નજીકમાં સુનહેરાની કદમખંડી ને પનિહારીકુંડ, ઝૂલાનું સ્થાન, કાકા વલ્લભજીની બેઠક, ગોપાલકુંડ અને ગોપાલજીનાં દર્શન, ચિત્રવિચિત્ર શિલા, છપ્પન કટોરા, દેહકુંડ, લલિતાજીની બેઠક, ઊંચો ગામ, દાઉજીનું મંદિર વગેરે થઈ યાત્રાનો મુકામ બરસાના આવે છે.

કનવારો ગામ :

અહીં શ્રીકૃષ્ણ બળદેવે કહાના નામના ગોપ(ગ્વાલ)ને દર્શન આપ્યા હતા. અહીં કૃષ્ણકુંડ, બળદેવજીની સુખશય્યા અને હિંડોળાનું સ્થાન છે. ત્યાંથી આગળ ચાલતાં સ્વર્ણપ્રસ્થ પર્વત આવે છે. પર્વતની નીચે ઊતરતાં પનિહારીકુંડ આવે છે. અહીંનું જળ બહુ શીતલ છે. અહીંથી આગળ ચાલતાં કદંબનાં વૃક્ષોની નિકુંજ આવે છે, જેને સુનહેરાની કદમખંડી કહે છે. અહીં સુનહેરી સખીએ યુગલસ્વરૂપને સોનેરી વસ્ત્રાભૂષણો ધરાવી બે સ્તમ્ભો ઉપર ઝૂલો બંધાવી ઝૂલાનો મનોરથ સિદ્ધ કર્યો હતો. અહીં રાસચીતરો, શ્રીકૃષ્ણકુંડ અને ગોપાલમંદિર છે. શ્રીઠાકોરજીને પ્રિય એવા મોર અહીં મોટી સંખ્યામાં મળે છે. અહીં કાકા વલ્લભજીની બેઠક છે. આપશ્રી કામવનમાં શ્રીગોકુલચન્દ્રમાજીની સેવામાં પહોંચીને સુનહેરાની કદમખંડીમાં પધારતા હતા. આપશ્રીના જન્મદિવસે વૈષ્ણવો અહીં મનોરથ માને છે. બેઠકની નજીક યુગલસ્વરૂપના શૃંગારના સ્થળની બેઠક છે.

બાજુમાં વનબિહારીજીનું મંદિર છે. અહીં બે કલાક આંખો મીંચી બેસી રહેવાથી-પ્રભુનું સ્મરણ કરવાથી અલૌકિક આનંદનો અનુભવ થાય છે. આગળ ચાલતાં પર્વતની ટેકરી ઉપર એકછત્રી નીચે શિલા આવેલી છે તેને શીતળ-શિલા કહેવામાં આવે છે. જ્યારે સ્વામિનીજી માન કરી બિરાજતાં ત્યારે મેંદી રંગથી વ્રજનાં વૃક્ષોનું ચિત્રકામ અહીં કરેલું હતું. બાજુમાં વિચિત્ર-શિલા ઉપર શ્રીઠાકોરજીએ ચિત્રો દોરેલાં છે. બન્ને શિલાઓ ઉપર મેંદી રંગની ચિત્ર-વિચિત્ર રેખાઓ દેખાય છે. અહીંથી ઉપર ચઢતાં છપ્પન કટોરાનું ચિહ્ન આવે છે. અહીં લલિતાજીએ છપ્પનભોગના ભાવથી છાક આરોગવ્યું હતું. ત્યાં આગળ ચાલતાં માણેકશિલા આવે છે. અહીં ઠાકોરજીએ માણેકનાં દર્શન કરાવ્યાં હતાં. ત્યાંથી આગળ જતાં દેહકુંડ આવે છે. ત્યાં શ્રીઠાકોરજીની બંસીનાં દર્શન થાય છે.

અહીં શ્રીસ્વામિનીજીનાં ચરણચિહ્ન છે. દેહકુંડના સંબંધમાં એક એવી કતા છે કે એક વખત શ્રીઠાકોરજી શ્રીસ્વામિનીજીની સાથે પધારતા હતા ત્યારે બ્રાહ્મણે યાચના કરી કે મને કાંઈક આપો ત્યારે શ્રીઠાકોરજીએ કહ્યું કે મારી પાસે તો કાંઈ નથી, પરંતુ આ સ્ત્રી છે તેને લઈ જા. ત્યારે બ્રાહ્મણે કહ્યું કે મારો તો નિર્વાહ થતો નથી ત્યાં વળી શ્રીરાધિકાજીને લઈને હું શું કરું? ત્યારે શ્રીઠાકોરજીએ રાધિકાજીને પૂછ્યું કે શું કરવું? સ્વામિનીજીએ કહ્યું કે આપની ઈચ્છામાં આવે તે કરો. ત્યારે શ્રીઠાકોરજીએ તે બ્રાહ્મણને રાધિકાજીની બરાબર વજનનું સોનું તોળી આપ્યું, આથી એ કુંડનું નામ દેહકુંડ પડયું છે. આ કુંડમાં શુદ્ધ મનથી સ્નાન કરવાથી સુંદર દેહની પ્રાપ્તિ થાય છે. અહીં દેહકુંડમાં સ્નાન કરીને પોતાના ચોબાજીને યથાશક્તિ સુવર્ણદાન કરવાનું માહાત્મ્ય છે. આ પ્રસંગની પુરાણમાં બીજી કથા આવે છે :

એક વખત શ્રીકૃષ્ણ-બલદેવજી સખાઓ સાથે ગેંદગેડી ખેલતા ખેલતા ગેદોખર ગયા. ત્યાં રાધાજીએ ઈશારો કરી શ્રીકૃષ્ણને સમજાવ્યું. તરત શ્રીલલિતાજી પાસે આવ્યાં. લલિતાજી દેહકુંડ ઉપર સ્નાન કરતાં હતાં ત્યાં રાધાજી આવ્યાં એટલે ભગવાને પધારીને દાન માગ્યું. રાધિકાજીએ લલિતાજીને દાન આપવાનું કહ્યું, આથી લલિતાજીએ પોતાનાં સુવર્ણ આભૂષણ પહેરાવ્યાં. પછી રાધાજીની પાસે દાન માગતાં તેઓએ તન, મન, ધન કૃષ્ણાર્પણ કરી કહ્યું કે મારા પ્રાણમાં આપનાં દર્શન સિવાય

અન્ય કાંઈ નથી. ત્યારે શ્રીકૃષ્ણે આજ્ઞા કરી કે શ્રીઠાકોરજીનું સ્વરૂપ સદાયે તમારાં નેત્રોની પલક ઉપર રહેશે, આથી આપને સદાયે દર્શન થશે. આમ યુગલસ્વરૂપે પરસ્પર દેહનું દાન અર્પણ કરેલું હોવાથી આ કુંડનુ નામ દેહકુંડ પડેલું છે. અહીંથી આગળ જતાં ઊંચો ગામ આવે છે. આ ગામને લલિતાજીની જન્મભૂમિ તરીકે ઓળખાવે છે. એક ઊંચી ટેકરી ઉપર બેઠક આવેલી છે ત્યાં લલિતાબિહારીજીનાં દર્શન થાય છે. અહીં શ્રીબલદેવજીની લીલાભૂમિ છે તથા રમણસ્થાન છે, શ્રીઠાકોરજીની સૂક્ષ્મ શય્યા છે. અહીં બલદેવ-રેવતીજીનું પ્રાચીન મંદિર છે. અહીં આગળ જતાં ગંગા-યમુના અને સરસ્વતી આધિદૈવિક સ્વરૂપે બિરાજે છે.

અહીં પવિત્રકુંડ આવેલો છે. આગળ ગેદોખરકુંડ આવે છે. અહીંથી આગળ બાદરોલકુંડ આવેલો છે. અહીં આગળ જ્યારે શ્રીકૃષ્ણે ઈન્દ્રની પૂજનવિધિ બંધ કરાવી ત્યારે ગોવર્ધનપૂજન કરવા માટે બધા વ્રજવાસીઓ દૂર દૂરથી ગિરિરાજ પધાર્યા ત્યારે એક જ બદરોલા નામનો વ્રજવાસી અહીં રહી ગયો હતો તેને પશ્ચાત્તાપ થયો કે હું કમનસીબ ભોગ ધરાવવામાં રહી ગયો, આથી તેણે માનસીભોગ ધર્યો કે જે શ્રીગિરિરાજજીએ પોતાની ભુજા લાંબી કરી તેનો સ્વીકાર કર્યો.

કીર્તનમાં આ પ્રસંગનું વર્ણન છે કે

''બદરોલા વૃષબાન કી રહી ખિલોવન હાર,
તાકી બિલ ઉન દેવતા લીની બુજા પસાર.''

હવે યાત્રા બરસાના મુકામે પહોંચે છે.


બરસાના એ વ્રજમંડલનાં મુખ્ય સ્થાનોમાંનુ એ છે. બરસાના એટલે પર્વતનું શ્રેષ્ઠ શિખર. તેને વૃષબાનુ પણ કહે છે. વૃષભાનુપુર એટલે- વૃષભાન ગોપ અને કીર્તિજીની રાજધાની.

બરસાના ગામ અરવલ્લી ટેકરી ઉપર છે. ત્યાં દાનગઢ, માનગઢ, રાધિકાજીનું મંદિર અને બ્રહ્માજી એમ ચાર ટેકરી-શિખરો છે, આથી તો બ્રહ્માના મુખ જેવું બરસાનાનું દશ્ય દેખાય છે. બરસાના પહાડ બ્રહ્માનો પર્વત કહેવાય છે. નંદગામ એ શિવજીનો પર્વત અને ગિરિરાજજી એ વિષ્ણુનો પર્વત કહેવાય છે. આમ, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર ત્રણે દેવતાઓ વ્રજમાં બિરાજમાન છે. આના અનુસંધાનમાં કીર્તન પણ છે કે

''વ્રજ ચોરાસી કોસમેં ચાર ગાંવ નિજ ધામ,
વૃન્દાવન અરુ મધુપુરી બરસાના નંદગામ.''

બરસાનામાં મુખ્ય મંદિર રાધિકાજીનું છે. બરસાનાનો થોડોક ભાગ પહાડ ઉપર અને થોડોક ભાગ તળેટીમાં છે. બરસાનાનું પ્રાધાન્ય રાધિકાજીથી છે. સંવત્ ૧૬૭૫ના મહા સુદ ૫ને દિવસે ઓડછાનરેશ વીરસિંહદેવે પ્રારંભ કરી પાંચ વર્ષે મંદિરનું બાંધકામ પૂરું કર્યું હતું. તેની બાજુમાં રાધિકાજીનું બીજું નવું મંદિર વૃન્દાવનનિવાસી પ.ભ. શેઠ હરગુલાલે બંધાવ્યું છે. અહીં ૨૦૦ પગથિયાં ઉપર ચઢવાની સીડી બનાવી છે. રાધિકાજી યુગલસ્વરૂપે મંદિરમાં બિરાજે છે-મંદિરની પાછળના ભાગમાં શ્રીનાથજીની બેઠક છે.

આ બેઠક અંગત બેઠક તરીકે ઓળખાય છે. અહીં આગળ નારાયણ ભટ્ટજીના શિષ્ય નારણજી દાસજી બ્રાહ્મણ ભજન કરતા હતા તેમને સ્વપનમાંરાધિકાજીએ કહ્યું કે તમે જ્યાં બેસી ભજન કરો છો ત્યાં મારું મંદિર બનાવો અને મને બહાર કાઢો, પરંતુ નારાયણદાસને થયું કે મારા ભજનમાં વિક્ષેપ પડશે તેથી તેમણે આ સ્વરૂપને બહાર કાઢી પધરાવ્યું નહિ, આથી ફરીથી સ્વપ્ન આવ્યું અને ઝૂંપડી બનાવી શ્રીરાધારાણીનું સ્વરૂપ બહાર પધરાવી સેવા પૂજન કરરા લાગ્યો. સ્વપ્નમાં વિવાહ કરવાની આજ્ઞા આપી, આથી એક બ્રાહ્મણકન્યા સાથે નારાયણદાસનું લગ્ન થયું. તે પછી નારાયણદાસજીનો વંશ આગળ વધ્યો. હાલમાં તેમનો વંશ 'બરસાનાના ગોસાંઈ' કહેવાય છે.



બરસાના-નંદગામ

બરસાનામાં યાત્રા મુકામ બીજો દિવસ છે.

મુકામ ૧૧મો - દિવસ ૨૩ મો

ગહ્વરવનમાં શ્રીઠાકોરજીની બેઠક છે.

સેકંડો સખીઓ રાધાજીના પિતાજી વૃષભાનુ રાજાને ત્યાં ગોબર લાવતી હતી. અહીં શ્રીરાધિકાજી સાથે આ બધી સખીઓ ઢીંગલીની રમત રમતી હતી. ત્યાં આગળ રત્નકુંડ અને રત્નસિંહાસન છે. અહીં વૃષભાનુ રાજાને ચિંતાતુરદશામાં બેઠેલા જોઈને રાધિકાજીએ પૂછયું કે આપ ચિંતાતુર કેમ છો ? ત્યારે તેમણે કહ્યું કે તારા વિવાહનો ચાંલ્લો તેમ પત્રિકા અને મોતીન હાર શ્રીનાથજીએ મોકલ્યાં છે. એક ટોપલો ભરીને મોતી મોકલ્યાં છે, તો આપણે તેમને શું દેવું તે ચિન્તામાં છું. શ્રીરાધિકાજીએ કહ્યું કે આ રત્નનો કુંડ છે તેમાંથી ચાર ટોપલા ભરીને મોકલાવી દો. આ રત્નકુંડમાં રાધિકાજીએ પોતાનો મોતીનો હાર તોડીને નાખ્યો હતો. એ મોતી તેમાં ઉગાડેલાં તેનો આથી અનુભવ વૃષબાનુને કરાવ્યો. મોતી મોટા પ્રમાણમાં શ્રીનંદરાયજીને ત્યાં મોકલાવ્યાં.

આ રત્નકુંડની બાજુમાં રત્નસિંહાસન છે. કદંબનાં વૃક્ષોના મોટા ચોક છે. અહી બિહારકુંડ અને બિહારીજીનું મોટું મંદિ છે. આગળ જતાં સઘનવનમાં મોરકુટિની જગ્યા આવે છે. અહીં શ્રીરાધિકાજીને પ્રસન્ન કરવા શ્રીઠાકોરજીએ મયૂરનૃત્ય કર્યું હતું. આ સ્થળ મયૂરકુટિ હતું તે મોરકુટિ તરીકે પ્રસિદ્ધ છે.

આખો રસ્તો ઘણી જ નિકુંજો અને ઘટાઓથી ભરેલો છે. અહીંયાં પ્રિયા-પ્રીતમને લીલા કરવાનો નિત્ય રાસ રમાય છે. અહીં નિમ્બાર્ક સંપ્રદાયના મોરબિહારી ઠાકોરજીનું મંદિર છે તેમાં પ્રિયા-પ્રીતમ લલિત-

અંગાભિનયન સાથે રાસ-નૃત્ય કરે છે તેનું કલાત્મક ચિત્ર છે. અહીં ઠાકોરજીએ મોરનું સ્વરૂપ લઈને નૃત્ય કર્યું હતું. અહીં મયૂરનૃત્ય થાય છે. રાસ થાય છે તે સમયે કોઈક વખતે વરસાદ પણ થાય છે. પર્વતની શિલામાં ઠાકોરજીના શંખનું ચિહ્ન છે. પછી કૃષ્ણકુંડ છે. અહીંયાં શ્રીમહાપ્રભુજીની બેઠક છે. આ બેઠક પૂજ્ય પંચમપીઠાધીશ્વર શ્રીગોવિંદલાલજીને માથે બિરાજે છે. આચાર્યશ્રીએ અહીં શ્રીમદ્ભાગવત-પારાયણ કર્યું હતું. એક અજગર આ સ્થળમાં પડયો રહેતો હતો તેને અસંખ્ય કીડીઓ કરડતી હતી. શ્રીમહાપ્રભુજીને દયા આવી. ચરણોદક છાંટ્યું. શ્રીદામોદરદાસજીએ એ અજગરનું પૂરું વૃત્તાંત જાણવાની ઈચ્છા કરી. આચાર્યશ્રીએ કહ્યું કે આ અજગર પૂર્વજન્મમાં વૃન્દાવનમાં મહંત હતો. તેણે શિષ્યો પાસેથી ઘણું ધન લીધું હતું અને શિષ્યોને કાંઈ પણ જ્ઞાનબોધ નહિ આપતાં વિષયભોગમાં વાપર્યું હતું, આથી તે બીજા જન્મમાં અજગર થયો હતો, શિષ્યો કીડીઓ થયા. અજગરને કહ્યું કે તમોએ અમારો જન્મ વૃથા (મિથ્યા) કર્યો છે, પરંતુ આ જીવ વ્રજનો હોવાથી આચાચર્યશ્રી દ્વારા તેનો ઉદ્ધાર થયો છે. અહીંયા ઉત્તર દિશામાં બીજી બાજુ દાનગઢ, માનગઢ અને વિલાસગઢ છે. દાનગઢ એ માટે કે ઠાકોરજીએ દાન માટે અહીં નૃત્ય કર્યું હતું. અહીં દાનીબિહારીજીનું મંદિર, દાનગંગાકુંડ, રાસચોતરો અને હિંડોળાનું સ્થાન છે. વિલાસગઢ ઉપર યુગલ-સ્વરૂપનું વિલાસ-મંદિર છે, જેનાં દર્શન કરવા બ્રહ્માજી પર્વતનું સ્વરૂપ લઈને આવેલા હતા. ચાર મુખોમં એક વિલાસગઢમાં, ૨ માનગઢમાં ૩ મોરકુટિરમાં, ચોથું દામગઢમાં છે.

દાનગઢની સામેના પર્વત ઉપર માનગઢ આવેલું છે. અહીં શ્રીરાધિકાજીએ મૌન ધારણ કર્યું હતું ત્યારે શ્રીકૃષ્ણે મોરરૂપ બની મોરકુટિમાં નાચ કરીને મૌન તોડાવ્યું હતું. રાધિકાજી મોરકુટિ સામે ઊંચે માનગઢમાં મૌન કરીને બિરાજ્યાં હતાં અને શ્રીકૃષ્ણ મોરકુટિમાંથી કૃષ્ણરૂપી મોર થઈ રાધિકાજીને પોતાના નિજી સ્વરૂપનાં દર્શન આપ્યાં અને રાધિકાજીનું મૌન છૂટી ગયું. અહીંયાં જયપુરનરેશ માધવસિંહજીનું બંધાવેલું શ્રીલાલજીનું મંદિર આવેલું છે તે સુંદર છે. અહીં પર્વતના બે ભાગ થાય છે. વચ્ચે એક સાંકડો રસ્તો હોવાથી તેને સાંકડી ખોર કહે છે. કૃષ્ણકુંડની નજીક ચિકસૌલી નામનું ગામ આવે છે. અહીં સ્વામિનીજીની ચિત્રશાળા હતી. એક દિવસ શ્રીઠાકોરજીએ ખેતરમાંથી લીલા ચણા

ચોર્યા હતા. પર્વત ઉપરથી નીચે ઊતરતાં રાધઈકાજીના પિતાના સ્થાન ઉપર માહિભાન દાદા અને સુકલા દાદીનું મંદિર છે.

ત્યાં રાસબિહારી ઠાકોરજીનાં દર્શન કરી આગળ જતાં શ્રીઠાકોરજીના મોટા ભાઈ શ્રીદાઉજીનું મંદિર છે. ત્યાંથી નીચે ઊતરતાં આઠ સખીઓનાં આઠ મંદિરો છે.

બરસાનાની લઠ્ઠામાર હોળી

સમસ્ત વ્રજમંડળમાં બરસાનામાં થતી લઠ્ઠામાર હોળી વખણાય છે. ફાગણ સુદ ૮ થી ૧૦ સુધી ત્રણ દિવસોમાં આ હોળી ઊજવાય છે. બહારગામથી રાજ્યકક્ષાના ઉચ્ચ અધિકારીઓ અને હજારો યાત્રાળુઓ આ દશ્ય જોવા આવે છે. નંદગામના પુરુષો અને બરસાનાની સ્ત્રીઓ વચ્ચે ઢોલ લાકડીની અદ્ભુત લઠ્ઠામાર હોળી ઊજવાય છે. હારેલાંઓને પીછેહઠ આપવામાં આવે છે. અહીં અબીલ-ગુલાલ મોટા પ્રમાણમાં ઉડાડવામાં આવે છે, જેમાંથી કોઈ બાકી રહેતું નથી.

બરસાનાથી કરહલા

બરસાનાથી મુકામ કરહલા જાય છે.


અંજનવન થઈને અંજનોબનમાં પાન (ખન-તલાવડી), અંજનબિહારીનાં દર્શન, અંજનશિલા, લલિતા સખીનું મંદિર, લલિતાબિહારીનાં દર્શન, લલિતકુંડનું પાન, વિશાખાથી કદમખંડી, અહીં ઠાકોરજીએ રાસકરેલો હતો. પ્યાસકુંડ, શ્યામબિહારીનાં દર્શન, શ્યામકુંડ, કંગનકુંડ, કંગનબિહારીનાં દર્શન, ઝૂલાનાં દર્શન કરી કરહલા મુકામે. કરહલામાં પ્રાચીન મુકુટનાં દર્શન કરી, શ્રીનાથજીના ઝળઘરા, કૃષ્ણકુંડમાં પાન, પછી શ્રીમહાપ્રભુજી શ્રીગુસાંઈજી અને શ્રીગોકુલનાથજીની બેઠકે ઝારી ચરણસ્પર્શ દર્શનનો લાભ મળે છે. આ બેઠકજી પંચમપીઠાધીશ્વર શ્રીગોવિંદલાલજી મહારાજને માથે બિરાજે છે.

કરહલાનાં બેઠકજીની બાબતમાં એમ કહેવાય છે કે શ્રીલલિતા સખીએ શ્રીઠાકોરજીને પહેરાવેલી પ્રસાદીરૂપે પાછી આપી તે પુષ્પમાળા લલિતાજીએ શ્રીગુસાંઈજીને અર્પણ કરી.

''ત્વદીયં વસ્તુ ગોવિંદ
તુભ્યમેવ સમર્પયેત્''

જેવો આ દિવ્ય પ્રસંગ બન્યો છે. શ્રીગોકુલનાથજી જ્યારે આ

બેઠકજીમાં શ્રીસુબોધિનીજી-વેણુગીતનો પ્રસંગ વર્ણન કરતા હતા ત્યારે સર્વ ભક્તો પોતાનું દેહાનુસંધાન ભૂલી ગયા હતા. થોડી વાર બાદ આપશ્રીએ સર્વને સભાન કર્યા હતા. અહીં સપ્તાહ કરી હતી. અલૌકિક આનંદ આવ્યો હતો. આ સ્થળે શ્રીગુસાઈજીએ રાસપંચાધ્યાયી-સુબોધિનીજી ઉપર ટિપ્પણીજી નામનો રહસ્ય સમજાવતો ગ્રંથ લખ્યો હતો.



કરહલાથી સંકેતવન

યાત્રા મુકામ ૧૩ - યાત્રા દિવસ ૨૬

સંકેતવન આવતાં માર્ગમાં યાત્રાળુઓને ભગવન્નામસ્મરણ કરતાં કરતાં કરહલાથી પીરીપોખર(તળાવ)નાં દર્શન થાય છે.


પીરીપોખરમાં સ્વામિનીજીએ સ્નાન કરતાં બધી સખીઓના હાથ પીઠી ચોળ્યા જેવા પીળા થયા હતા. અહીં શ્રીસ્વામિનીજીની બેઠક છે, પ્રેમસરોવર છે. અહીં ઠાકોરજીને વ્રજભક્તો સાથે પ્રીતિ થઈ હતી આથી શ્રીઠાકોરજીને પીળું રેશમી પીતાંબર ધર્યું હતું. ચોતરા ઉપર શ્રીઠાકોરજીને પધરાવી ભક્તોએ સૌને રક્ષા બાંધી હતી. અહીં કદંબના વૃક્ષ નીચે શ્રીગુસાંઈજીની બેઠક છે, અહીં આપશ્રીએ શ્રીકૃષ્ણપ્રેમામૃત ગ્રંથ લખ્યો હતો. અહીં રામગઢનિવાસી શેઠ લક્ષ્મીનારાયણજીએ શ્રીરાધાગોપાલનું ભવ્ય મંદિર બંધાવ્યું હતું. અહીં સંસ્કૃત પાઠશાળા છે. આગળ જતાં ગાજીપુર ગામ આવે છે. ત્યાર પછી વિમલકુંડ અને વિમલાદેવીનું સ્થાન આવે છે. અહીં રાધારમણનું એક હજાર વર્ષ પહેલાંનું પ્રાચીન મંદિર છે, વળી ચૈતન્ય સંપ્રદાયના ગોપાલ ભટ્ટજીની બેઠક છે. શ્રીઠાકોરજીની સુખશય્યા અને ભક્તદેવીનું અહીં મંદિર છે. મંદિરના ગોખમાં દેવી બિરાજે છે. આગળ જતાં સંતબિહારીજીનું મંદિર આવે છે. પાસે ગુસાંઈજી પ્રભુચરણની બેઠક આવે છે. શ્રીવિઠ્ઠલનાથજી શ્રીગુસાંઈજીએ કપડવણજના રહીશ ગુજરાતી સેવક રેડા બ્રાહ્મણને દિવ્યચક્ષુનું દાન કરી વિવાહખેલનાં અલૌકિક દર્શન અહીં કરાવ્યાં હતાં. આ સ્થળે દેહાનુસંધાન ભૂલી ગયા હતા. ત્યાર પછી શ્રીગુસાંઈજીએ રેડા બ્રાહ્મણને દેહાનુસંધાનનું ભાન કરાવી એને ઠાકોરજીનું સ્વરૂપ પધરાવી આપ્યું હતું.

આ સ્વરૂપ અગિયાર પેઢી સુધી કપડવણજમાં બિરાજ્યું હતું. છેલ્લે આ સ્વરૂપની દામોદરદાસ પુરાણીએ સેવા કરી . આ સ્વરૂપ હાલમાં પોરબંદરમાં ગોવિંદનિકેતન, મોટી હવેલીમાં પૂજ્યપાદ ગોસ્વામી શ્રીગોવિંદરાયજી મહારાજશ્રીને માથે બિરાજે છે. કૃષ્ણકુંડ ઉપર શ્રીઆચાર્યજી મહાપ્રભુજીની બેઠક છે. કુંડ પાકો બાંધેલો છે. કુંડના ઘાટ ઉપર બેઠકજીમાંથી પણ કુંડનું પાકો બાંધેલો છે. કુંડના ઘાટ ઉપર બેઠકજીમાંથી પણ કુંડનું પાન કરી શકાય છે. અહીં સંકેતદેવી સુંદર વસ્ત્રાભૂષણ સજી, રત્નજડિત ચમ્મર લઈને મહાપ્રભુજીને ચમ્મર ઢોળતાં હતાં. અહીં આગળ શ્રીઠાકોરજીને શ્રીરાધિકાજીની પ્રાપ્ત થઈ હતી. સંકેતવનમાં લગ્ન થયાં હતાં. અહીં વિવાહખેલનો મનોરથ થાય છે, રાસ થાય છે. રાસ, ગીત, નૃત્યનો, શ્રીહિતહરિવંશજીનો પ્રસંગ રેડિયો-ટીવી ઉપર સચિત્ર તા. ૧૦-૮-૮૫ની રાત્રે ૮.૩૦ કલાકે સુંદર રીતે સંક્ષિપ્તમાં રજૂ કર્યો હતો.

ત્યાંથી કમઈ ગામ આવે છે. આ વિશાખાજીનું જન્મસ્થાન છે. અહીંની રાસમંડળીઓ પ્રસિદ્ધ છે. અહીંથી આગળ મહેરા ગામ આવે છે. એ યશોદાજીનું પિયર છે. અહીં યશોદાકુંડ છે, શ્રીરામચંદ્રજીનું મંદિર છે. અહીં યશોદાજીએ હાલરડું ગાતાં ગાતાં ઘણી વાતો કરી હતી, શ્રીરામચંદ્રજીનું હાલરડું ગાયું હતું. માતાજીને રામચંદ્રઅરૂપે દર્શન આપ્યાં હતાં. માતાજીએ રાસ-લીલાના દર્શનની ઈચ્છા દર્શાવતાં તે ઈચ્છા કામવનમાં પૂર્ણ કરી હતી. મહેરા ગામ એ પ્રભુનું મોશાળ છે. અહીં ઠાકોરજીએ ચંદ્રમા સાથે રમવા હઠ કરી હતી. ત્યારે માતાજીએ થાળીમાં જળભરી ચંદ્રનાં દર્શન કરાવ્યાં હતાં. ચન્દ્રકુંડ એ શ્યામકુંડ છે. અહીંથી ટિકોદરા ગામ જવાય છે. એ ચન્દ્રભાણ ગોપની પુત્રી ચન્દ્રાવલીનું ગામ છે. અહીં ચન્દ્રાવલીકુંડ છે. આ કુંડમાંથી એક પ્રાચીન મનોહર સ્વરૂપ ઘનશ્યામનું પ્રાપ્ત થયું હતું તે સ્વરૂપ અહીં મંદિરમાં બિરાજે છે. કુંડના કાંઠા ઉપર શ્રીગુસાંઈજી તથા શ્રીચન્દ્રાવલીજીની બેઠકો છે તે પૂજ્યપાદ પંચમપીંઠાધીશ્વર ગોસ્વામી શ્રી ૧૦૮ શ્રીગોવિંદલાલજી મહારાજને માથે બિરાજે છે. અહીં ચંદ્રાવલીકુંડ છે. અહીંયાં શ્રીઠાકોરજીએ આશીર્વાદ આપ્યા હતા કે તારી વેલડી વધશે, આથી આ વેલકુંડ કહેવાય છે.

પનિહારીકુંડ અહીંયાં છે. ત્યાંથી આગળ કૃષ્ણકુંડ છે, શ્રીયમુનાજીનું મંદિર છે. ત્યાં શ્રીઠાકોરજી વાછડાઓને જળપાન કરવાતા હતા. ત્યાંથી

આગળ લિલતાજીનું મંદિર છે ત્યાં લિલતાકુંડ તથા લલિતાનિકુંજ છે. રાસ ચોતરો, હિંડોળા ઝુલાવવાની જગ્યા છે. તેની નજીકમાં વિશાખાકુંડ છે. આ સ્થળે વિશાખાજીનું કુંજભવન છે. આગળ વિલાસકુંડ છે. બન્ને બાજુ કંદબવૃક્ષોની નિકુંજ છે. ત્યાંથી દોનો કદમ અને ટેટો કદમ આવે છે. અહીં શ્રીઠાકોરજીએ ટેઢા ત્રિભંગ થઈને બંસી બજાવી હતી અને દહીં આરોગ્યા હતા. અહીંથી આગળ નંદગામની ચરણપહાડી આવે છે. ત્યાં ચરણનું ચિહ્ન છડી(દેરી જેવું બાંધેલું હોય છે તે) ની નીચે છે. અહીં રત્નસિંહાસન છે. શ્રીઠાકોરજીને છાક આરોગવાનું સ્થળ પથ્થરની કુંડીરૂપે છે. ત્યાંથી ચાંદોખર આવે છે, ત્યાં શ્રીઠાકોરજીએ ચાર સ્વરૂપ ધર્યાં હતાં. ત્યાંથી રોહિણીકુંડ અને મોહનકુંડ આવે છે. મોહિની કુંડ આગળ ઠાકોરજીએ મોહિનીરૂપ ધર્યું હતું. પછી રામદાસની ધ્યાનક્યારી આવે છે. અહીં શ્રીઠાકોરજી ભોગ આરોગ્યા હતા.



નંદગામ

મુકામ ૧૪ મો - યાત્રા દિવસ ૨૭ મો

નંદગામમાં ત્રણ દિવસ મુકામ રહે છે. અહીં પાનસરોવરનો કુંડ ઘણો વિશાળ અને સુંદર છે. અહીં શ્રીનંદરાયજીએ પાન કરી તીર્થગોર ચોબાજીને શ્રીઠાકોરજીના લગ્નની ખુશાલીમાં શાલપામરીનં દાન કર્યું હતું. આ સ્થળ પાનસરોવર કહેવાય છે. ઘાટ ઉપર શ્રીમહાપ્રભુજીની બેઠક છે. અહીં શ્રીમહાપ્રભુજી છ માસ બિરાજ્યા હતા, શ્રીઉદ્ધવજી પણ છ માસ બિરાજ્યા હતા. આ બેઠકજી સંબંધમાં એમ કહેવાય છે કે એક દિવસ મુસ્લિમ સરદાર પોતાના ઘોડાને પાણી પાવા આવ્યો હતો. ઘોડાના પેટમાં પીડા ઊપડવાથી તે આળોટ્યો અને મરી ગયો. ઘોડો ચતુર્ભુજનું સ્વરૂપ ધારણ કરી વૈકુંઠમાં ગયો. શ્રીમહાપ્રભુજીએ દિવ્ય દૃષ્ટિ આપીને આ ઘોડાને વૈકુંઠમાં ગયાનાં દર્શન સૌને કરાવ્યાં. આ જોઈને મુસ્લિમ સરદાર પ્રભાવિત થયો અને શ્રીમહાપ્રભુજીને વિનંતી કરી કે મને શરણે લો. આથી શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કીર કે તારો અંગીકાર બીજા જન્મમાં થશે. પછી શ્રીમહાપ્રભુજીનું ધ્યાન ધરતાં એ મુસ્લિમ સરદારનો દેહ છૂટી ગયો. બીજા જન્મે આ સરદાર જામનગર(નવાનગર)માં એક મોચીને ત્યાં જન્મ્યો. વાસણજી એનું નામ હતું. એ મેલી વિદ્યાનો ઉપાસક હતો. એક વાર શ્રીગુસાંઈજીના એક સેવક સાથે એને ઝઘડો થયો. તેણે મેલી વિદ્યાના ઘણા પ્રહાર કર્યા, પણ તેનું કાંઈ જોર ચાલ્યું નહિ અને એને જ્ઞાન થયું કે શ્રીગુસાંઈજીના સેવકો આગળ મારું કાંઈ બળ ચાલતું નથી, આથી તેણે મેલી વિદ્યાનો ત્યાગ કર્યો. ત્યાર પછી થોડા દિવસ બાદ શ્રીગુસાંઈજી દ્વારકા પધારતા હતા ત્યારે તે શ્રીગુસાંઈજીનો સેવક થયો. આથી ગાલોકોએ રાજાજી પાસે જઈ ફરિયાદ કરી કે આ શદ્ધ બ્રાહ્મણની

ચાલે ચાલે છે, આથી તેને બોલાવ્યો. એણે જવાબ આપ્યો કે મને શ્રીગુસાંઈજીએ શરણે લઈ વૈષ્ણવ બનાવ્યો છે. હું વૈષ્ણવ ધર્મ પાળું છું. આચાર-વિચારની પવિત્રતા જાળવું છું. એને પૂછ્યું કે બ્રાહ્મણ ભ્રષ્ટ થઈને શૂદ્ર થાય, પણ શૂદ્ર કદીયે બ્રાહ્મણ થયો છે ખરો ?

વાસણે નમ્રતાથી ઉત્તર આપ્યો કે પ્રભુકૃપા હોય તો છાશમાંથી દૂધ થાય. રાજાએ ભરસભામાં મોચીની પરીક્ષા કરવા છાશની દોણી મગાવીને કહ્યું કે આ છાશમાંથી દૂધ બનાવી આપો. વાસણજી મોચીએ દોણી ઉપર પ્રસાદી ઉપરણો ખેસ ઢાંકીને પ્રાર્થના કરી કે જો શ્રીગુસાંઈજીએ મને બ્રહ્મસંબંધ આપીને વૈષ્ણવ બનાવ્યો હોય તો છાશમાંથી દૂધ થઈ જજો. ક્ષણવાર પછી વસ્ત્ર ઉપાડીને જોયું તો છાશને બદલે સરસ દૂધ થઈ ગયેલું, તે જોઈને જે સૌ ચકિત થઈ ગયાં. ત્યારબાદ રાજા પોતે શ્રીગુસાંઈજીનો સેવક થયો. આમ શ્રીજીની દયાથી બીજા જન્મે મોચી તરીકે ઉદ્ધાર થયો. આપશ્રીના પ્રતાપનું આ પ્રતીક છે. અહીંથી આગળ મોતીકુંડ આવે છે. શ્રીઠાકોરજીએ અહીં મોતી વાવ્યાં હતાં અને આ કુંડના બિંદુમાં આજે પણ મોતીના આકારનું દર્શન થાય છે. શ્રીનંદયશોદાજીને શ્રીવૃષભાનુજીને ત્યાં મોકલવા માટે એક ટોપલો ભરીને મોતી શ્રીઠાકોરજીએ આપ્યાં હતાં. અહીંયાં મોતીનું દાન અપાય છે. એક આખ્યાયિકા એવી છે કે શ્રીકૃષ્ણભગવાન મોતીની માળાઓ ગૂથીને ગાયો તથા વ્રજભક્તોને પહેરાવતા હતા. અહીં શ્રીઠાકોરજીની બેઠક છે. આગળ ફૂલવારીકુંડ આવે છે. શ્રીકૃષ્ણે અહીં સખીવેશ ધારણ કરીને સખીઓને ફૂલથી શણગાર્યાં હતાં. અહીં શ્રીસ્વામનીજીની વેણી શ્રીઠાકોરજીએ ગૂંથી હતી. અહીં શ્રીઠાકોરજીની બેઠક છે. એક વખત સખીઓ સાથે શ્રીસ્વામિનીજી ફૂલ વીણવા આવ્યાં. આ સમયે શ્રીઠાકોરજીએ કહ્યું કે આ બગીચો અમારો છે. પ્રભુએ સૌને ફૂલ વીણતાં અટકાવ્યાં. અહીં કદંબના વૃક્ષ ઉપર ચડીને શ્રીઠાકોરજીએ ગાયોને બોલાવી હતી. અહીં વ્રજભક્તોએ શ્રીઠાકોરજીને છાક આરોગાવ્યાં હતાં અને ગાયોને લાડુ ખવડાવ્યા હતા, આથી સેંકડો વર્ષ પછી પણ આ સ્થળે ગાયોને લાડુ ખવડાવવામાં આવે છે. આગળ ઉષાખ કુંડ આવે છે. કુંડ ઉપર કદંબનાં નાના મોટાં ઘણા વૃક્ષો છે. વિશાળ ચોક છે. ગાયને બોલાવે છે. અહીંથી આગળ આશકુંડ છે, આશેશ્વર મહાદેવનું મંદિર છે.

અહીં બાલકૃષ્ણજીના પ્રાકટય પછી તેમનાં દર્શન માને શ્રીમહાદેવજી

પધાર્યા હતા, આથી આ કુંડનું નામ આશકુંડ રાખવામાં આવ્યું છે. શ્રીઠાકોરજીની બાળલીલામાં મહાદેવલીલા આવે છે તેમાં શ્રીયશોદાજીને ઘેર શ્રીમહાદેવજી પદારે છે, પરંતુ યશોદા વાત્સલ્યભાવથી દર્શન કરાવતાં નથી. અહીં સાક્ષીગોપાળ અને રાધાકૃષ્ણનાં મંદિરો છે. શ્રીઠાકુરજીના ચરણચિહ્નનાં દર્શન થાય છે. અહીં મહાદેવજીએ મુકા કર્યો હતો. આ કુંડ ઉપર શ્રીશિવજીને દર્શન થયાં હતાં. અહીંથી આગળ જતાં વિહારકુંડ છે. અહીંયાં શ્રીઠાકોરજીએ ગાયોને જળપાન કરાવ્યું હતું. આગળ સૂરજકુંડ, છાશકુંડ આવે છે. શ્રીઠાકોરજીએ છાશનાં માટલાં અહીં ધોયાં હતાં આથી આ સ્થળને છાશકુંડ કહે છે. જમીનમાં યશોદાજીનું દાટેલું મોટું માટલું અહીં બતાવાય છે. આગળ જતાં છછઆરીદેવીનાં દર્શન છે. ત્યારબાદ કૃષ્ણકુંડ અને નૃત્યગોપાલનું મંદિર અહીં આવે છે. કદંબવૃક્ષ નામનું ગૌખર છે. અહીં કદંબનાં વૃક્ષો સાથેનો વિશાળ ચોક છે. ત્યાંથી આગળ લલિતાકુંડ અને મોહનકુંડ છે. શ્રીઠાકોરજીએ ભક્તોને પોતાના પ્રતાપબળથી મોહિત કર્યાં હતાં. દેહનું અનુસંધાન ભૂલી ગયાં હતાં. દેહનું અનુસંધાન ભૂલી ગયાં હતાં આથી આ કુંડ મોહનકુંડ કહેવાય છે. પછી વસ્ત્રકુંડ અને વસ્ત્રવન આવે છે. શ્રીઠાકોરજી અને શ્રીબળદેવજીએ અહીં વસ્ત્ર ધારણ કર્યાં હતાં આથી આ વસ્ત્રકુંડ કહેવાય છે. આગળ જતાં ઊંચે પર્વત ઉપર નંદરાયજી અને યશોદાજીનું મંદિર છે, શ્રીકૃષ્ણ અને બળદેવજીનાં જ્યાં સ્વરૂપો બિરાજે છે. અહીં ગોસ્વામી બાળકો પરિક્રમા વખતે નંદમહોત્સવ કરે છે. પુષ્કળ દહીં ઊડે છે. ઉત્સાહથી સૌ ભાઈ ગાય છે કે ''નંદઘેર આનંદ ભયો જય કનૈયાલાલકી. નંદ મહર ઘર ઢોટા જાયો, બરસાનેતે ટીકો આયો.'' પરિક્રમા વખતે નંદમહોત્સવ થાય છે ત્યારે તેનેં દર્શન કરવા આજુબાજુનાં ગામોમાંથી હજારો વૈષ્ણવો આવે છે. બાજુમાં શ્રીકૃષ્ણના પિતા નંદરાયજીના પધરાવેલા નંદીશ્વર મહાદેવ બિરાજે છે. તેની પાસે યશોદાનંદન, બિહારીજી અને ચતુરાનાગાના શ્રીઠાકોરીજનાં દર્શન થાય છે. શ્રીનંદરાયજીનાં દર્શન કરી બહાર નીકળતાં સામે એક બારી છે તે ઘરમાં શ્રીઠાકોરજીનં સ્વરૂપ બહુ સુંદર બિરાજે છે. તેના અડધા ભાગમાં શ્રીકૃષ્ણ અને અડધામાં શ્રીરાધિકાજીશ્યામ શ્વેત સ્વરૂપનાં દર્શન થાય છે. સ્થાન દર્શનીય છે. બીજા દિવસની પરિક્રમા માટે ઉદ્ધવક્યારી બાજુ યાત્રા જાય છે. શ્રીકૃષ્ણના પ્રિય, મહાન જ્ઞાની ભક્ત ઉદ્ધવજી જ્ઞાની સખા સાથી જે સ્થળે વાર્તાલાપ થયો તે સ્થળ આ છે. અહીં ઉદ્ધવક્યારીમાં

ઉદ્ધવજીનો રાસ થાય છે. અહીં જોગિયાકુંડ આવે છે. શ્રીકૃષ્ણનાં દર્શન થાય છે તે ઝઘડાકુંડ આવે છે. ભગરાનને ગ્વાલ બાળકો સાથે ઝઘડો થયો હતો આથી ઝઘડાકુંડ નામ પડ્યું છે. આગળ પ્રભુની બીક લાગી, જેથી આ કુંડને બીકવન કહે છે. અહીંથી આગળ લેવકાકુંડ આવે છે ત્યાં પ્રભુએ પ્રેમથી ગોપ બાલકોને વસ્તુઓન દાન કર્યું હતું તેથી તેને લેવકાકુંડ કહે છે. પછી ભંડારવાટ આવે છે. શ્રીઠાકોરજી તથા નંદરાયજીએ સામગ્રી એકઠી કરી ભંડાર કરેલો તેથી આન નામ ભંડારવાટ કહે છે. આગળ અક્રૂરકુંડ આવે છે. અહીં કૃષ્ણ બળદેવને તેડવા માટે કંસે અક્રૂરજીને મોકલેલા તે જગ્યાએ જ્યાં સંદેશો કંસરાડનો કહ્યો તે સ્થળને અક્રૂરકુંડ કહે છે. તેથી બાજુમાં અક્રૂરજરીની બેઠક છે.

ત્યાંથી આગળ લલિતાકુંડ, વિશાખાકુંડ, મોહનકુંડ અને ઉદ્ધવકુંડ આવે છે. અહીં શ્રીઠાકોરજીના મોહિનીસ્વરૂપની બેઠક છે અને વિશાખાજીની નિકુંજ આવે છે.

અહીં જ્યારે ઉદ્ધવજી પધાર્યા ત્યારે વિશાખા સખીએ સૌ પ્રથમ તેમનું સ્વાગત કર્યું હતું. ત્યાંથી આગળ ઉદ્ધવકુંજ, ઉદ્ધવક્યારી, ઉદ્ધવ કદમખંડી અને ઉદ્ધવજીની બેઠક છે. આ સ્થળે વૃક્ષોની વિશાળ ઘટા છે તેમાં એક પર્ણકુટિ ગુફા છે તેમાં બંગાળી મહાત્મા ભજનાનંદી બિરાજે છે. અહીંથી આગળ કદંબવૃક્ષોના જુદા જુદા છપ્પન ચોક આવે છે. આ સ્થળ અલૌકિક છે. અહીં પડિયા આકારનાં પાન કદંબવૃક્ષોનાં જોવા મળે છે. પાંચ હજાર માણસો એકી સાથે બેસી શકે તેવો કદંબનાં વૃક્ષોવાળો વિશાળ ચોક અહીં છે. અહીં રાસચોતરો છે.


ઉદ્ધવજીને જ્યારે પોતાના જ્ઞાનનું અભિમાન થયું ત્યારે તે ઉતારવા માટે વ્રજભક્તોને કહી આશ્વાસન આપવા માટે મોકલ્યા હતા. ઉદ્ધાવજી જ્ઞાનનો ભંડાર હતા તેથી તે અભિમાન દૂર કરવા ગોપીજનોએ પરોક્ષ ગીતભ્રમરગીત ગાયું, આથી ઉદ્ધવજીનું અભિમાન દૂર થયું. વધુ વર્ણન ભાગવત દશમ સ્કંધ અધ્યાય ૪૭-ભ્રમરગીતમાં તથા તેનાં સુબોધિનીજી વગેરે ટીકાઓમાં છે. ભક્ત નંદદાસજી વગેરેએ ભાષાનાં કાવ્યોમાં આનું સુંદર વર્ણન કર્યું છે. પુષ્ટિમાર્ગ એ વિશુદ્ધ પ્રેમનો માર્ગ છે. પતિવ્રતા પત્નીને પતિસેવા અને તેના કાર્યમાં જ ભાવ છે તે જ કારણે ઉદ્ધવજીનું બ્રહ્મજ્ઞાન ગોપીજનોને શુષ્ક લાગ્યું.

પ્રભુએ ઉપદેશ કર્યો કે શ્રુતિ સ્મૃતિ વિધિ નિષેધ પ્રવૃત્તિવાળું કર્મ

તેનો ત્યાગ કરી મને શરણે આવો. ગોપીજનોની શરણાગતિમાં ઉદ્ધવજી લીન થઈ ગયા હતા.

શ્રીમદ્ ભાગવત સ્કંધ ૧૧, અધ્યાય ૧૨મા માં આનું રહસ્ય છે. શ્રીહરિરાયજી મહાપ્રભુએ સ્નેહલીલા રચી છે. શ્રીપ્રીતમદાસજીએ સરસગીતા રચી છે. જિજ્ઞાસુઓએ વધુ વિગત વાંચી લેવા કૃપા કરવી. પ્રભુના શુદ્ધ પ્રેમનો આ માર્ગ છે. ગોપીજનોનો ભાવ જોઈ ઉદ્ધવજી અહીં વૃક્ષલતાઓમાં બિરાજ્યા હતા. આ સ્થાનને ઉદ્ધવજીની કદમખંડી તરીકે કહેવામાં આવે છે. રાસનાં દર્શન કરનારાં પ્રભુની આ લીલા જોઈને ભાવવિભોર બની જાય છે. આગળ જતાં નંદપોખર, યશોદાકુંડ, મધુસૂદનકુંડ, પછી એક છત્રી નીચે શ્રીનંદરાયજીની બેઠક છે, યશોદાજીનું મંદિર છે. હાઉબિલાઉનું અહીં સ્થાન છે. અહીં બલદેવજીને અને કૃષ્ણ ભગવાનને યશોદામાતા ભય પમાડતાં હતાં. ત્રિલોકના નાથ હોવા છતાંય પ્રભુજી બીતા હો તેમ ભાસ થાય છે. હાઉનું નામ સાંભળી ભગવાન માતાજીની ગોદમાં લપાઈ છુપાઈ જતા હતા. પ્રભુએ માતાજીને વાત્સલ્યભાવનું દાન કર્યું હતું. આગળ ચાલતાં લેવકાકુંડ, પદ્મતીર્થ, ચૌદ લોકના નાથનાં ચરણચિહ્ન, નરસિંહજીનાં દર્શન, દૈત્યનિકંદન, દેવનિરીક્ષક, યશોદાજી દહીં વલોવતાં તે માટલાનું દર્શન થાય છે. આ માટલું પાંચ ફૂટ ઊંચો માણસ અંદર સમાઈ જાય તેટલું ઊંચું છે અને વિશાળ છે. પછી નંદરાયજીનાં પુરોહિતાણી પૂર્ણમાસીજીનું મંદિર આવે છે.

આ પછી મણકીભૂનકીકુંડ આવે છે. આ મણકી અને ભૂનકી સખીઓ હતી. એક સખી ઠાકોરજીને ને બીજી સખી રાધાજીને બોલાવી લાવી હતી. યુગલસ્વરૂપનો આનંદ આવ્યો હતો. આગળ જતાં દોમન કદમખંડી અથવા દોઉમિલકી કદમખંડી આવે છે. અહીંયાં પ્રિયા-પ્રિયતમ અને શ્રીકૃષ્ણ ઉદ્ધવનો મિલાપ થયો હતો.



નંદગામથી કોકિલાવન

મુકામ ૧૫ મો - યાત્રા દિવસ ૩૦ મો

નંદગામથી ચીરકુંડ ગામમાં રાધારમણજીનું મંદિર છે. અહીં પીલુ નામનાં વૃક્ષો છે. તેની ઉપર મોતીના દાણા જેવાં ફળ આવેલાં હોય છે, આથી તેને મોતીનાં ઝાડ કહેવામાં આવે છે. અહીં ધરમકુંડ, પાંડવકુંડ, પાંડવગંગા વગેરે આવે છે. અહીં અખંડ મહારાસ વખતે ગોપીજનો આવ્યાં તેમને પ્રભુએ ઉપદેશ કર્યો હતો કે તમો ઘેર પાછાં જાઓ, આથી આ ગામનું નામ 'જાવ' પડયું. અહી વિશાળ જગ્યા છે. અનેક ગોપીજનોનાં જૂથ ભેગાં થયાં હશે એમ જણાય છે. અહીં ચિરીતલાઈ નામનો કુંડ છે. (મનિહારીકુંડ) પ્રભુએ મનિહારી-ચૂડગર બની સ્વામિનીજીને ચૂડી પહેરાવી હતી તેથી મનિહારીલીલાનું આ સ્થળ છે. આ કુંડમાં પાન કરી ચાલતાં ભ્રમરકુંડ આવે છે. ત્યાંથી પાંચ પાંડવ અને છઠ્ઠ નારાયણનાં વૃક્ષો આવે છે. ત્યાંથી કોકિલાવનમાં મુકામ આવી જાય છે. કોકિલાવનમાં કોયલો ઘણી છે તેથી એને કોકિલાવન કહે છે. આ રનની શોભા કુદરતી છે.

આ રનમાં પ્રવેશ કરતાં જ કોયલના કુહૂ કુહૂ ધ્વનિ સંભળાય છે. અહીં કોકિલાબિહારીનાં દર્શન છે. તેની પાસે ચતુરાનાગાની બેઠક છે. ચતુરાનાગા કોકિલા. બિહારીની સેવા કરતા હતા. અહીં કૃષ્ણકુંડ છે. પશ્ચિમે પનિહારીકુંડ છે. પનિહારીકુંડની પોળ ઉપર લલિતાકૂપ છે. આ કૂવાના જળથી લલિતાજીએ યુગલસ્વરૂપને સ્નાન કરાવીને શણગાર ધરાવ્યા હતા, વિવિધ પ્રકારની સામગ્રી આરોગાવી હતી. શ્રીઠાકોરજીએ અહીં પનિહારીલીલા કરી હતી, જેથી આ સ્થળ પનિહારીકુંડ તરીકે પ્રસિદ્ધ છે. ત્યાંથી કૃષ્ણકુંડ ઉપર શ્રીમહાપ્રબુજીની બેઠક છે. અહીં શ્રીમહાપ્રભુજીએ એક પાસ બિરાજી શ્રીમદ્ભાગવત-પારાયણ કર્યું હતું. આ સ્થળમાં

આપશ્રીએ નિમ્બાર્ક સંપ્રદાયના સેવકો ચતુરાનાગા તથા બીજા નાગાઓના સંઘને માત્ર પાંચ શેર દૂધની ખીરમાં જ સૌની સાથે જમાડયા હતા. આ પ્રભાવ જોઈને નિમ્બાર્ક સંપ્રદાયના અનુયાયીઓ શરણે આવ્યા, પણ મહાપ્રભુજીએ આજ્ઞા કરી કે અમારા પૌત્ર શ્રીગોકુલનાથ તમારો સ્વીકાર કરશે, આથી ચતુરનાગા શ્રીગોકુલનાથજીના સેવક થયા. ત્યારથી પુષ્ટિમાર્ગ વિશે તેમનામાં એવી શ્રદ્ધા આવી કે જહાંગીર બાદશાહના વખતમાં માળાતિલકનો ઝઘડો ઉપસ્થિત થતાં તેઓ પોતાના ૧૫૦ શિષ્યોને લઈ માળાતિલક એ પ્રભુના પ્રેમનું મુખ્ય ચિહ્ન છે. એમ સમજી શ્રીગોકુલનાથજીની સાથે કાશ્મીર ગયા હતા. બેઠકજીએ ઝારીજી ચરણસ્પર્શ કરી મુકામે જવું.



કોકિલાવનથી કોટવન

મુકામ ૧૬ મો - દિવસ ૩૧ મો

કોકિલાવનથી પીપરોલી અને ત્યાંથી પાંડવગંગા આવે છે. વનવાસ સમયે અર્જુને તીર મારીને ગંગાજી પ્રકટ કર્યાં હતાં. હિંડોળાની દોરી બાંધી રાખી હોય તેવો અહીં ભાસ થાય છે. અહીં સુગંધી પુષ્પોથી ખીલી રહેવું સુશોભિત વન જોઈ આનંદપુલકિત થવાય છે.

અહી ચમેલીકુંડ, રામકુંડ, લક્ષ્મણકુંડ, હનુમાનકુંડ, ગોપાલકુંડ, રાસકુંડ અને સૂર્યકુંડ વગેરે ઘણા કુંડ આવેલા છે. એક હનુમાનજીનું મંદિર છે. આ વનમાં જેટલાં વાંદરાં છે તેટલાં કોઈ જગ્યાએ જોવામાં આવતાં નથી. આ વનમાં વૃક્ષોની સઘનતાને લીધે પેટે ચાલીને જવું પડે છે. લગભગ નવથી અગિયાર કિ.મી. ઘેરાવાવાળું આ વન ઘણું જ ગીચ કુંજોવાળું છે. અહીં વચ્ચે વચ્ચે જેમ યુગલસ્વરૂપ પધારવાનું હોય અને સ્વાગત માટે તૈયારી કરી હોય તેવી જાણે સ્વચ્છ જગ્યા છે. આ વનનું સૌંદર્ય જ એવું છે કે કોણ અને ક્યારે તેને સ્વચ્છ કરતા હશે તે માલૂમ પડતું નથી. પ્રભુની અલૌકિક લીલાભૂમિનું અહીં ભાન થાય છે.


અહીં આગળ આ વનમાં ચોબાને લીધા સિવાય એકલદોકલ ન જવું. ત્યાંથી આગળ જતાં રતિકુંડ, હરિહરકુંડ, પછી આગળ રાસના અસંખ્ય ચોતરાઓ નજરે પડે છે. શ્રીયમુનાજીની નહેર આવે છે. નહેર ઉપરથી આગળ જતાં ક્ષીરસાગરનો કુંડ આવે છે. સામે શેષશાયીનું વિશાળ મંદિર આવેલું છે. અહીં શેષનાગ ઉપર શંખ-ચક્ર-ગદા-પદ્મ ધારણ કરીને પ્રભુજી પોઢ્યા છે. લક્ષ્મીજી ચરણસેવા કરી રહ્યાં છે. નાભિકમળમાંથી બ્રહ્માજી પ્રકટ થયા છે. આવાં દર્શન અહીં થાય છે. પહેલાં વ્રજભક્તોએ શ્રીકૃષ્ણ ભગવાનને વિનંતી કરી હતી કે ક્ષીરસાગરમાં

ભગવાન શ્રીલક્ષ્મીનારાયણે જે લીલા કરી છે તેનાં દર્શન આપો તેથી વ્રજભક્તોના મનોરથ સિદ્ધ કરવા અહીં ક્ષીરસાગરનું આયોજન કરી બલદેવજીને શેષનાગ બનાવી પોતે તેની શય્યા બનાવીને શંખ, ચક્ર, ગદા, પદ્મ ધારણ કરી નાભિકમળમાંથી બ્રહ્માજીને ઉત્પન્ન કરી સ્વામિનીજીને ચરણની સેવા કરવા આજ્ઞા કરી.

વ્રજભક્તોએ ચંદન સમર્પીને શ્રીઅંગની સેવા કરી ખીરની સામગ્રીનો ભોગ ધર્યો.

શ્રીનંદ-યશોદા અને ગોપગોપીઓને આ લીલાનાં દર્શન કરાવ્યાં હતાં. વ્રજભક્તોએ કહ્યું કે અમારે આ લીલાનાં વધુ સમય દર્શન કરવાં નથી, તેથી હિંડોળા-ઝૂલાનો મનોરથ થયો હતો. અહીં તેનો ચોતરો છે.

અહીં લક્ષ્મીનારાયણના મંદિર આગળ ફાગણ સુદ ૧૧ અગિયારસ અને જેઠ સુદ ૧૧ અગિયારસના દિવસે મોટા મેળા ભરાય છે. આ સ્થળે લાખ્ખોની મેદની ઊમટે છે. અહીં નહેરના કિનારે શ્રીબલદેવજીએ ગાયો ચરાવી છે. એ સ્થળ આવે છે. આ પછી વચ્ચે ૧૭ મો મુકામ કરી.



શેષશાયીથી પૈગામ

દિવસ તેત્રીસમો - મુકામ અઢારમો

અહીંથી યાત્રા યમુનાજીની નહેર ઉપર થઈને કોશી તરફ જાય છે. તેનું પ્રાચીન નામ કુશસ્થલી છે. અહીં દ્વારકાપુરીનું તીર્થસ્થળ ગણવામાં આવે છે. અહીં રત્નાકરકુંડ, માયાકુંડ, વિશાકાકુંડ અને ગોમતીકુંડ નામના કુંડો આવેલો છે. ગોમતીકુંડ ઉપર એ મોટું તળાવ છે તેના ઘાટ ઉપર શ્રીગિરિરાજજી બિરાજે છે. આ સ્થાન ઉપર શ્રીમથુરા-વાળા ગોસ્વામી શ્રીપુરુષોત્તમજી મહારાજશ્રીની બેઠક છે. ગામમાં શ્રીદાઉજી અને સત્યનારાયણનાં મંદિર છે. ફૂલડોળ અને દશેરા ઉપર મોટા મેળા ભરાય છે. રામલક્ષ્મણનાં સ્વરૂપો બનાવી રાવણ (બનાવેલા સ્વરૂપ) નો વધ કરવામાં આવે છે. સારસ્વત કલ્પમાં શ્રીઠાકોરજી દ્વારકામાં બિરાજતાં 'તા તે વખતે સૂર્યગ્રહણ નિમિત્તે ૧૬,૧૦૮ સોળહજાર એકસો આઠ રાણીઓ સાથે કુરુક્ષેત્રમાં પધાર્યા. વ્રજમાંથી રાધિકાજી, નંદરાય, યશોદાજી, વ્રજભક્તો સહિત પધાર્યા. લક્ષ્મીજી રાત્રિના સમયે શ્રીદ્વારકાધીશની ચરણસેવા કરતાં હતાં તે સમયે એકદમ જાગી ગયા. શ્રીરુક્મિણીજીએ કહ્યું કે કૃપાનાથ આપને નિદ્રા કેમ આવતી નથી ? ત્યારે શ્રીઠાકોરજીએ આજ્ઞા કરી કે વ્રજમાંથી શ્રીરાધિકાજીએ કહ્યું કે આપ આજ્ઞા કરો તો હું દૂધ આરોગાવી આવું. (પ્રભુઆજ્ઞા થતાં) શ્રીરુક્મિણીજીએ ગરમ દૂધ મિસરીયુક્ત શ્રીરાધિકાજીને આપ્યું. રાધિકાજી આરોગી ગયાં. અહીં એવી ભાવના છે કે શ્રીઠાકોરજી રાધિકાજીના હૃદયમાં બિરાજે છે. ગરમ દૂધ પીવાથી તે દૂધથી શ્રીઠાકોરજીના ચરણકમળમાં ફોલ્લા પડી ગયા. આ કોમળ સ્વરૂપની ભાવનાનું વર્ણન છે.

શ્રીરુક્મિણીજી પાછાં પધારી શ્રીઠાકોરજીના ચરણકમલની સેવા

કરવા લાગ્યાં. જેવો શ્રીઅંગના ચરણને સ્પર્શ કરે છે એ ક્ષણે જ પ્રભુ કણસવા લાગ્યા અને કહ્યું કે રાધાજીને ગરમ દૂધ આરોગાવતાં મારા ચરણમાં ફોલ્લા પડી ગયા છે. રાધાજીના હૃદયમાં મારા ચરણકમળ સદાય બિરાજે છે, આથી રુકૃમિણીજી પોતાને ધિક્કારવા લાગ્યાં કે મારું ચિત્ત એવું કઠોર છે કે જ્યાં અભિમાન બિરાજે છે. આમ વ્યાકુળ બની નીચે પડી ગયાં. શ્રીઠાકોરજી બધી રાણીઓ સાથે સ્નાન કરવા પધાર્યા- શ્રીરાધિકાજીએ શ્રીઠાકોરજીનો શ્રીહસ્ત પકડ્યો, આથી રુકૃમિણીજીને લાગ્યું કે શ્રીરાધિકાજી પ્રભુને વ્રજમાંલઈ જશે, આથી બીજો શ્રીહસ્ત શ્રીરુકૃમિણીજીએ પકડ્યો. બન્ને એકબીજા તરફ હસ્ત ખેંચવા લાગ્યાં. (આ સમયે) ઠાકોરજીએ બે સ્વરૂપ ધારણ કર્યાં : એક સ્વરૂપે શ્રીરુકૃમિણીજી સાથે પધાર્યા, બીજા સ્વરૂપે શ્રીરાધિકાજી સાથે પધાર્યા. આ સ્વરૂપ તે શ્રીરાજા અમ્બરીષના સેવ્ય પ્રભુ શ્રીદ્વારકાધીશ છે. અહીંથી એક દરજી આ સ્વરૂપને પધરાવી ગયા. પછી દરજીએ આ સ્વરૂપને તામ્રપત્ર લખી તુલસીવનમાં પધરાવ્યુ. આ સ્વરૂપ અને તામ્રપત્ર શ્રીદામોદરદાસ સંભરવાલાને પ્રાપ્ત થયાં હતાં. આ સ્વરૂપ હાલમાં કાકરોલી (મેવાડ)માં તૃતીયપીઠાધીશ્વર ગોસ્વામી શ્રી ૧૦૮ શ્રીવ્રજેશકુમારજી મહારાજશ્રીને માથે બિરાજે છે.

કોશી :

આ મોટું શહેર છે. અહીં મોટું બજાર છે. યાત્રીઓ ગરમ સુતરાઉ કાપડ તથા બીજી ચીચવસ્તુઓની અહીંથી ખરીદ કરે છે. ત્યાંથી મુકામ પૈગામ આવે છે. અહીં શ્રીઠાકોરજીને ક્ષુધા લાગવાથી દૂધનું પાન કરેલું છે, આથી આ ગામને પય-ગાય નામ આપ્યું છે. અપભ્રંશ થતાં હાલ તે પૈગામ તરીકે ઓળખાય છે. અહીં સુંદર કદમખુંડી છે. વૃક્ષોની ઘટા વચ્ચે આવેલું પય (દૂધ જેવું પાણી) સરોવર છે. અહીંગોપાલકુંડ અને ગોપીકુંડ છે. ગોપાલકુંડ ઉપર રાધારમણનું મંદિર છે. ગામમાં મુખ્ય ચતુર્ભુજજી અને શ્રીદાઉજીનાં મંદિર છે.

પૈગામથી શેરગઢ દિવસ-૩૪ મો - મુકામ-૧૯ મો

પૈગામથી ગોપાલકુંડ, મોતીકુંડ અને સોનકુંડમાં સ્નાનપાન કરી બોખસઈ ગામ આવે છે. ત્યાં કૃષ્ણકુંડ અને શ્યામકુંડમાં પાન કરીને બઢાગામ આવે છે. ત્યાર પછી આજો ગામ આગળ શ્રીયમુનાજીનાં દર્શન

થાય છે. મથુરા છોડયા બાદ આખી પરિક્રમામાં ફરીથી શ્રીયમુનાજીનાં દર્શન અહીં થાય છે. વૈષ્ણવો પ્રફુલ્લિત બની જાય છે. અહીં યમુનાજીના કિનારા ઉપર શ્રીબિહારીજીનું મંદિર છે.

અહીં શ્રીકૃષ્ણ બળદેવજી સાથે શ્રીયમુનાજીમાં વૃક્ષો ઉપરથી પડતું મૂકીને તરવાની લીલા કરતા હતા. આગળ જતાં લાલબાગ જેને લાલન વન કહેવામાં આવે છે તે જગ્યા આવે છે. શ્રીકૃષ્ણને વ્રજભક્તોએ લાલ વસ્ત્રો ધરાવી શણગાર કરી આભૂષણ સમર્પણ કર્યાં હતાં. ગોપીઓએ અહીં કૃષ્ણને લાલનની સંજ્ઞા કરી હતી તેથી તેમને લાલબાગ કહે છે.

લાલબાગથી ખેલનવન આવે છે. અહીં શ્રીવ્રજભક્તો સાથે વિવિધ પ્રકારે શ્રીઠાકોરજી ખેલ્યા હતા. અહી વ્રજવાસીઓ ચોપાટ, દડા, સેતરંજ વગેરે વસ્તુઓ વેચવા આવે છે. ત્યાંથી શેરગઢ મુકામ આવે છે. શેખર ગોપનં આ સ્થળ છે. શ્રીકૃષ્ણને શેહેરાનો શૃંગાર ધરાવી નાના પ્રકારની સામગ્રી ધરાવી આરતી કરી હતી. અહીં બલભદ્રકુંડ અને રાધાજીકુંડ છે. અહીં દાઉજી, ધર્મરાય, ગોપીનાથજી, રાધારમણજી, મદનમોહનજી, રાધાકૃષ્ણ અને સાક્ષીગોપાલનાં મંદિરો છે. આ ગામ શેરશાહ બાદશાહનું વસાવેલું કહેવાય છે. અહીં શેરગઢ નામન કિલ્લો હાલમાં તૂટેલી હાલતમાં જોવા મળે છે. અહીં સુતરાઉ કાપડની ઘણી જાતની હાથકારીગરીની વસ્તુઓ અને ઘોડા ઉપર મૂકવાનાં જીન સારાં વખણાય છે. અહીં શાકભાજી ઘણાં મોઘાં મળે છે. શ્રીઆચાર્યચરણના સેવક દામોદરદાસ હરસાનીનાં માતુશ્રી વીરબાઈ આ સ્થળનાં વતની હતાં.

શેરગઢથી ચીરઘાટ યાત્રા, દિવસ ૩૫ મો-મુ. ૨૦ મો

શેરગઢથી યમુનાજીનાં પાન કરી શ્રીયમુનાજીના કિનારે કિનારે ચાલતાં રામઘાટ અવાય છે. અહીં ગોરદાઉજી અને કપિલેશ્વર મહાદેવનાં દર્શન કરી વિહારવનમાં વિહારકુંડ અને બિહારીજીનાં દર્શન કરવાં જરૂરી છે.

પ્રાચીન વાર્તા છે કે શ્રી બલદેવજી પોતાના ભક્તો સાથે લીલા કરતા હતા ત્યારે શ્રીયમુનાજીએ કહ્યું કે રાસના અધિપતિ આપ નથી, શ્રીઠાકોરજી છે. આ લીલા તેઓને જ શોભે છે, આપને શોભતી નથી. આ વચનો સાંભાળી બળદેવજી ગુસ્સે થયા અને હળ લઈને દોડયા, શ્રીયમુનાજીને ઊલટી બાજુ ખેંચ્યાં, આથી યમુનાજીનો પ્રવાહ વાંકો

દેખાય છે. અહીં ગોરાદાઉજીનું મંદિર છે. ત્યાંથી આગળ જતાં ભૂષણવન, નિવારણવન અને ગુંજાવન આવે છે. ભૂષણવનમાં શ્રીગોપીજનોએ ભગવાનને ફૂલના શૃંગાર કર્યા હતા અને ભગવાને પણ વ્રજભક્તોને ફૂલના શૃંગાર કર્યા હતા.

નિવારણવનમાં શૃંગાર નિવારણ કર્યા હતા. ગુંજાવનમાં ગુંજા-ચણોઠી પુષ્કળ થાય છે. ગુંજાની માળા ગોપીજનોએ ભગવાનને અહીં ધરી હતી. આગળ જતાં બ્રહ્મઘાટ આવે છે. અહીં બ્રહ્માજીએ તપ કરી વત્સ (વાછરડા-ગોપબાલક) હરણના દોષની ભગરાન પાસે ક્ષમા માગી હતી. આગળ જતાં અક્ષયવટ આવે છે. પ્રાચીન વડ સુકાઈ ગયોછે, પરંતુ ગોપીઓએ શ્રીઠાકોરજીને શૃંગાર ધર્યા હતા તે સ્થળે રાધિકાજીનું મંદિર છે તેમાં સ્ફટિકમણિ જેવા શાલિગ્રામ બિરાજે છે. આ શાલિગ્રામમાં ઘણાં ચિહ્નોનાં દર્શન થાય છે. આગળ જતાં યમુનજીના કિનારે ચીરઘાટ મુકામે જવાય છે. ચીરકદંબનાં દર્શન કરી યમુનાજીનું પાન કરી શ્રીગુસાંઈજીની બેઠકે ઝારીજી, ચરણસ્પર્શ કરી કાત્યાયનીનાં દર્શન આવે છે. ઘાટ પાકો બાંધેલો નથી છતાં વૈષ્ણવો આનંદમાં આવી જઈ બેસે છે, ધોળ પદ ગાય છે, દર્શનઝારીઝી-ચરણસ્પર્શ કરે છે. આ સ્થળે કુમારિકાઓએ પ્રભુને મેળવવા સકામ કાત્યાયનીવ્રત કર્યું છે. શ્રીમદ્‌ભાગવત દશમ સ્કંધ-પૂર્વાર્ધ-અધ્યાય ૨૨, શ્લોક ૪ માં વર્ણન છે. કુમારિકાઓ રેતીની મૂર્તિ બનાવી તે દેવીનુ પૂજન અર્ચન કરી ''કાત્યાયનિ મહામાયે મહાયોગિન્યધીશ્વરિ નંદગોપસુતં દેવિ પતિં મે કુરુ તે નમઃ'' આ મંત્રનો કુમારિકાઓ જપ કરી પૂજન કરી પ્રાર્થના કરતી. પ્રથમ માસ હેમંત ઋતુમાં વ્રજકુમારિકાઓ પ્રાતઃકાલમાં સૂર્યોદય પહેલાં યમુનાકિનારે જતી, કિનારે વસ્ત્રો મૂકી આકંઠ મગ્ન પર્યન્ત જલમાં રહી સ્નાન કરી કાત્યાયનીનું પૂજન કરી ઉપર્યુક્ત મંત્રજાપ પ્રાર્થના કરતી, પણ શ્રીકૃષ્ણ પ્રભુએ વરુણનો આ નગ્ન અંગોથી સ્નાન કરવું એ મર્યાદાભંગ છે એવું ચીરહરણલીલા કરી વ્રજકુમારિકાઓને સમજાવ્યું કે આ રીતે જો સ્નાન કરી દેવીની પૂજા કરી પ્રાર્થના કરો છો તેનાથી પ્રભુ ન મળે જેથી પ્રભુએ કહ્યું તે પ્રમાણે કર્યું. વખત ખુલ્લો રહે છે. મંદિરના ચોકમાં આવેલો સાડાબાર (૧૨||) મણ સોનાનો એક ઊંચો ગરુડસ્તંભ તથા મંદિરના ગોપુરદ્વારનાં દર્શન કરતાં લોકો આશ્ચર્યચકિત થઈ જાય છે. આગળ જતાં શ્રીગોવિંદદેવજીનું મંદિર આવે છે. વ્રજના ચાર મુખ્ય દેવ : ૧ હરિદેવ, ૨

બલદેવ, ૩ ગોવિન્દદેવ, ૪ કેશવદેવમાંથી શ્રીગોવિંદદેવજીનું નિવાસસ્થાન શ્રીવૃન્દાવન છે.

જયપુરના મહારાજા માન સિંહજીએ પોતાના ગુરુદેવ શ્રીરૂપ ગોસ્વામીના આદેશ અનુસાર આ મંદિર સંવત ૧૬૪૭ માં બંધાવેલું તેની ઉપર વેલબુટ્ટીની નકશી કરેલી છે. મંદિરને સાત માળ હતા, જેના ઉપલા માળ ઉપર મૂકવામાં આવેલો દીપક દિલ્હીના લાલ કિલ્લા ઉપરથી જોઈ શકાતો હતો. ધર્માંધ ઔરંગઝેબે તેના ઉપરના માળ તોડી નખાવ્યા છે. મંદિરમાં નિસરણીની એવી ભુલભુલામણી છેકે કઈ નિસરણીથી ચઢયા અને કઈ નિસરણીથી ઊતર્યા તે યાદ રાખવું બહુ મુશ્કેલ છે.

મંદિરમાં શ્રીગોવિંદદેવજીનું સ્વરૂપ શ્રીકૃષ્ણના પ્રપૌત્ર વજનાભજીનું પધરાવેલું છે, પણ યવનોના ત્રાસથી તે સ્વરૂપ જયપુર પધરાવ્યુ હતું. હાલ પણ તે સ્વરૂપ જયપુરમાં બિરાજે છે. મંદિરના પાછળના ભાગમાં શ્રીગોવિંદદેવજીનું નવું મંદિર આવેલું છે.

બંગાળી વૈષ્ણવો આ મંદિરને બહુ જ માનની દૃષ્ટિથી નિહાળે છે. આગળ જતાં શ્રીરંગનાથજીના મંદિરની પૂર્વ બાજુએ શ્રીયમુનાકિરો જ્ઞાનગુજરી એટલે જ્ઞાનબજાર આવેલ છે. અહીં પ્રાચીન સમયથી જ્ઞાનભક્તિના સિદ્ધાંતોની ચર્ચા થતી રહે છે. તેમાં અનેક મંદિરો છે, જેમાં મોહિનીદાસજીનું મંદિર સુપ્રસિદ્ધ છે. વિષ્ણુસ્વામી સમ્પ્રદાયના વિરક્ત વૈષ્ણવોનો આ અખાડો છે. અહીં આષાઢ સુદ ૨ ને દિવસે રથયાત્રાનો ઉત્સવ ઊજવાય છે. આગળ જતાં સ્વામી હરિદાસજીની શિષ્યપરંપરામાં મોહિનીદાસજી હતા તેમનું મંદિર આવે છે તે શ્રીયમુનાજીના કિનારા ઉપર આવેલું છે. બાજુમાં શાહજહાંપુરવાળી રાણીનું બંધાયેલું કિશોરીરમણજીનું તથા જયપુરના મહારાજાનું બંધાવેલું મંદિર છે.

આગળ બંગાળમાં આવેલા તડાસના રાજા વનમાળીરાયનું બંધાવેલું મંદિર છે. આ મંદિર જમાઈબાબુના મંદિર તરીકે ઓળખાય છે. આ મંદિરમાં રાજા સાહેબનાં પુત્રી ભગવદ્‌ભક્ત હતાં તેમનું લૌકિક લગ્ન ન કરતાં પ્રભુ સાથે લગ્નસંબંધ બાંધ્યો હતો. કુંવરીની ઈચ્છા પ્રમાણે રાજાસાહેબે આ મહેલ જેવું મંદિર બંધાવી પ્રભુ સાથે રાજા જેવો સંબંધ રાખ્યો હતો. અહીં અનોસરમાં પલંગ પાસે લાંબી નેહ સાથે હુક્કો પણ ધરવામાં આવે છે. ત્રિલોકીનાથને વરીને કુંવરીનુ નામ અમર થઈ ગયું છે. મંદિરમાં શ્રીરાધારિનોદ ઠાકોરજીનું સ્વરૂપ બિરાજે છે. ત્યાં પુસ્તકપ્રકાશન

વિભાગ છે. અહીંથી સંસ્કૃત તથા બંગાળીમાં ઘણાં પુસ્તકો છપાય છે. ત્યાંથી આગળ જતાં કેશીઘાટ ઉપર સંવત ૧૬૮૩ માં બંધાયેલું જુગલકિસોરનું મંદિર છે. તે ઉપરાંત બીજાં નાનાં મોટાં હજારો મંદિરો છે. બધાં મંદિરોનાં દર્શન કરી આગળ જતાં શ્રીદ્વારકાનાથજીનો બગીચો આવે છે. ત્યાર પછી ભતરોડ ગામ આવે છે. શાહજીના મંદિરની પાસે ગોવિંદદેવ મહોલ્લામાં શ્રીમીરાંબાઈનું મંદિર આવે છે. જ્યારે મીરાંબાઈ વૃન્દાવન આવ્યાં હતાં ત્યારે જીવ ગોસ્વામી વગેરે સંતોને આ સ્થાને મળ્યાં હતાં. મંદિરમાં પાંચ શ્રીવિગ્રહ-સ્વરૂપો બિરાજે છે.

ભતરોડ :

આ સ્થાનને ભોજનનો ટીલો કહેવામાં આવે છે. અહીં બ્રાહ્મણોની ધર્મપત્નીઓએ શ્રીકૃષ્ણને અને ગ્વાલબાલોને ભોજન કરાવ્યું હતું. અહીં ભતરોડ બિહારીજીનું મંદિર છે. આ સ્થાન વિષ્ણુસ્વામી સમ્પ્રદાયનું છે. અહીં પરિક્રમા વખતે ચૌબેલીલાનો રાસ થાય છે. આગળ જતાં શ્રીમદનટેર ઠાકોરજીનું મંદિર આવે છે.

અક્રૂરઘાટ :

આગળ જતાં અક્રૂરઘાટ આવે છે, જ્યાં શ્રીકૃષ્ણ અને શ્રીબલદેવજીને અક્રૂરજી કંસના યજ્ઞમાં મથુરા પધરાવી જતાં હતા ત્યારે શ્રીયમુનાજીમાં સ્નાન કરતાં અક્રૂરજીને શ્રીકૃષ્ણનાં જુદાં જુદાં સ્વરૂપોનાં દર્શન થયાં હતાં. અહીં અક્રૂરબિહારીજી તથા ગોપીનાથજીનાં મંદિર છે.

શ્રીયમુનાજીના ઘાટ :

વૃન્દાવનમાં શ્રીયમુનાજીના ઘાટો વ્રજના સ્મૃતિચિહ્નરૂપે છે. મુખ્યઘાટોનો ઉલ્લેખ :

૧) કેશીઘાટ :

ભગવાને કેસી દૈત્યને માર્યો હતો તેનું સ્મરણચિહ્ન છે.

૨) ધીરસમીર ઘાટ :

મહાકવિશ્રી જયદેવે પોતાના ગીતગોવિંદ કાવ્યમાં :

''ધીરસમીરે યમુનાતીરે
વસતિ વને વનમાલી.''

એવું વર્ણન કરેલું છે.

૩) બિહારઘાટ :

શ્રીકૃષ્ણના જલવિહારની પાવનકારી સ્મૃતિ કરાવે છે.

૪) કાલિદ્રહઘાટ :

જ્યાં શ્રીકૃષ્ણે કાલિય નાગનુ દમન કર્યું હતું.

૫) યુગલઘાટ : --

૬) ભ્રમરઘાટ :

અહીંની એવી આખ્યાયિકા છે કે ભ્રમર ગુંજારાવ કરતો હતો તથા ભયભીત થઈ ને શ્રીરાધિકાજી શ્રીકૃષ્ણ સાથે લપેટાઈ ગયાં હતાં તેથી આ ઘાટનું નામ ભ્રમરઘાટ પડયું છે.

૭) પ્રસ્કંધઘાટ : --

૮) સૂર્યઘાટ : --

૯) ગોવિંદઘાટ : --

૧૦) દાવાનલઘાટ : --

૧૧) અક્રૂરઘાટ : --

આમ વૃંદાવનમાં મુખ્ય ૧૧ ઘાટ છે. આથી શ્રી યમુનાજીનું સૌંદર્ય અનેક ગણું વધારે બને છે. અહીં શ્રીમથુરાના ગડુસ્વામી સનોઢિયા બ્રાહ્મણ વૃંદાવનમાં યમુનાકિનારે કૈશીઘાટ ઉપર બેસીને મારી ઉપર ક્યારે કૃપા થશે એમ વિચાર કરતા હતા. રાત્રિનાં શ્રીઠાકોરજીએ આજ્ઞા કરી કે સવારના કેસીઘાટ ઉપર શ્રીમહાપ્રભુજી પધારે ત્યારે તું શરણે જજે. શ્રીમહાપ્રભુજી શ્રીગિરિરાજજીથી ચાલીને કેશીઘાટ પધારીને સંધ્યાવંદન કરતા હતા ત્યારે ગડુસ્વામીએ શરણે લેવા વિનંતી કરી. શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે તમે તો સ્વામી છો. ગડુસ્વામીજીએ કહ્યું કે મને ઠાકોરજીની આજ્ઞા થઈ છે કે તું શ્રીઠાકોરજીનો સેવક થશે અને તારા ઉપર આજ્ઞા થશે, આથી અહીં શ્રીગડુસ્વામીને સ્નાન કરાવીને શરણે લીધા છે. વધુ વિગત ૮૪ વૈષ્ણવોની વાર્તામાં ૬૯ મી વાર્તામાં છે.

આ સિવાય ગોપીનાથ બજારમાં આવેલું ભગવાનભજનાશ્રમ છે. અહીં સેંકડો ભક્તો નામસંકીર્તન કરે છે. ટ્રસ્ટ તરફથી ભોજન અપાય છે. એક માસિક પણ છપાઈને બહાર પડે છે.

નિમ્બાર્ક સમ્પ્રદાય તરફથી પણ એક સંસ્થા છે. તેઓ સૂર્યદર્શન નામનું માસિક પ્રગટ કરે છે.

અહીં રામકૃષ્ણ પરમહંસના મતવાળાઓએ એક સંસ્થા સ્થાપી

છે અને એ સંસ્થા તરફથી વિશાળ હોસ્પિટલ અને સેવાશ્રમ ચલાવવામાં આવે છે. આગળ જતાં શ્રીમહેન્દ્રપ્રતાપસિંહજીએ સ્થાપેલ ''પ્રેમમહાવિદ્યાલય'' છે. અહીં ઔદ્યોગિક તાલીમ અપાય છે. આનાથી આગળ જતાં આર્યસમાજ સંસ્થા તરફથી ગુરુકુળ વિશ્વવિદ્યાલય ચાલે છે. અહીં વિદ્યાર્થીઓને વૈદિક અને અંગ્રેજી શિક્ષણ આપવામાં આવે છે.

અહીંથી આગળ જતાં બંગાળી બાબુનું મંદિર આવે છે. વૃન્દાવનથી છ માઈલ દૂર આ મંદિર આવેલું છે અને પોતાનો છેલ્લો ફેરો ગણી લક્ષ ચોરાશીમાંથી છૂટવા માટે બંગાળી શેઠે આ મંદિર બંધાવ્યું છે.


ગીતામંદિર

મથુરા વૃન્દાવનના માર્ગ ઉપર શેઠ બીરલાજીનું ગીતામંદિર આવેલું છે, જેમાં સ્તંભ ઉપર ગીતાજીના ૧૮ અધ્યાયના તમામ શ્લોકો કોતરવામાં આવ્યાં છે. અહીં મોટી સગવડવાળી અતિથિશાળા ચાલે છે.

હરે રામ હરે કૃષ્ણ મંદિર

વૃન્દાવનમાં વિદેશોમાંથી આવીને નવા થયેલા વિદેશી વૈષ્ણવોએ ઘણા મોટા ખર્ચે નવું વૃન્દાવન બનાવી હરે રામ હરે કૃષ્ણનું મંદિર બંધાવ્યું છે. આ મંદિરમાં પૂજન અર્ચન આરતી દર્શન ખૂબ સમયસર થાય છે. રાદાકૃષ્ણના આ મંદિરમાં પ્રસાદ-ભોજનની વ્યવસ્થા હોય છે.

વૃન્દાવનમાં ભારતવર્ષના કોઈ પણ શહેર કરતાં વધુ સ્વચ્છતા છે, માખી મચ્છર જેવું જોરામાં આવતું નથી. અહીં રાધિકાજીનું વિશેષ માહાત્મ્ય છે. રાત્રિમાં ચોકી પહેરો ભરતાં પણ 'રાધે શ્યામ'ના ધ્વનિ સાથે નાગરિકોને સજાગ રહેવા ચેતવણી અપાય છે.



વૃન્દાવનથી લોહવન

મુકામ ૨૩ મો - દિવસ ૪૦ મો

વ્રજપરિક્રમામાં વૃન્દાવનના કેશીઘાટ ઉપરથી નાવમાં બેસી યમુનાજીને સામે પાર જવાય છે. પ્રથમ માનસરોવર આવે છે. આ સરોવર ઘણું જ વિશાળ અને ઊંડું છે. કમળ અને કુમુદ વગેરે પુષ્પોથી એની શોભા વધે છે. અહીં સ્વામિનીજીએ માન કર્યું હતું, પરંતુ શ્રીઠાકોરજીએ ચતુરાઈપૂર્વક છોડાવ્યું હતું, તે ઉપરથી આ સરોવરનું નામ માનસરોવર પડયું છે. સ્થળોના કાંઠા ઉપર શ્રીસ્વામિનીજી અને શ્રીમહાપ્રભુજીની બેઠક આવે છે. શ્રીમહાપ્રભુજીએ અહીં ૩ દિવસ બિરાજીને શ્રીમદ્‌ભાગવત-પારાયણ કર્યું હતું. શ્રીમહાપ્રભુજી સ્વામિનીજીને માનમાંથી મનાવી શ્રીનાથજીની સાથે પધરાવી લાવ્યા હતા. અહીંથી પાણીમાંથી કલ્યાણપુર થઈને લોહવન મુકામ આવે છે. અહીં ગોખરુ ઘણા પ્રમાણમાં છે. અહીં ભગવાને લોહાસુરને માર્યો હતો તેથી આ સ્થળનું નામ લોહવન પડયું છે. અહીં લોહાસુરની ગુફા, લોહકુંડ અને કૃષ્ણકૂપ છે તેમજ શ્રીગોપીનાથજી ઠાકોરજીનાં દર્શન થાય છે. નીલ વસ્તુ, નીલ વસ્ત્ર અને લોખંડનું દાન કરવાનું અહીં માહાત્મ્ય છે. પરિક્રમા વખતે ગોસ્વામી બાળકની આજ્ઞાથી એક બ્રાહ્મણ અહીં લોખંડનું દાન લે છે. અહીંથી મુકામ દાઉજી થઈ ગોકુલ તરફ પ્રયાણ કરે છે.

અહીંથી મુકામ કેશીઘાટે આવી યમુનાપાન કર. નાવમાં બેસી લોહવન આવે. માનસરોવર થઈ શ્રીમહાપ્રભુજીની બેઠકે ઝારી ચાળી સ્પર્શ કરી માન બિહારી તથા શ્રીરાધાજીના દર્શન કરે. ત્યાંથી લોહવન મુકામ આવે. અહીં લોહવનમાં વિશાળ અને ઊંડુ માનસરોવર છે.

માનસરોવર

મુકામ ૨૩ - દિવસ ૪૧

શ્રીસ્વામિનીજીનું માન, ઉપર કહ્યું તેમ, શ્રીઠાકોરજીએ અહીં મુકાવ્યું હતું, આથી આ સ્થળ માનસરોવર કહેવાય છે. અહીં શ્રીસ્વામિનીજી તથા શ્રીમહાપ્રભુજીની નજીક નજીકમાં બેઠકો છે. નેત્રોના દર્શન થાય છે. નંદદાસજી વગેરે ઘણાએ કીર્તનો ગાયાં છે. પૂર્વ તરફ માન વિહારીજીનું દર્શન થાય છે. શ્રીમહાપ્રભુજીએ ત્રણ દિવસ બિરાજી અહીં શ્રીમદ્ભાગવતનું પારાયણ કર્યું હતું. દામોદરદાસજી અહીં સાથે હતા. આ સ્થળે શ્રીસ્વામિનીજીને શ્રીનાથજી બાવા પાસે પધરાવ્યા છે. શ્રીમહાપ્રભુજી તથા શ્રીગુસાંઈજીની બેઠક છે. અહીં શ્રીગુસાંઈજી માન-સરોવર ઉપર સંધ્યાવંદન કરતા હતા ત્યારે એક હંસ અને હંસણીનું જોડું શ્રીગુસાંઈજીની પાસે આવીને જળ પીતું હતું. એક પારધી વૈષ્ણવનો વેશ લઈ આ યુગલને પકડવા આવ્યો, પરંતુ યુગલની પાંખનો પારધીને સ્પર્શ થતાં તેની બુદ્ધિ નિર્મળ થઈ અને ગોકુળ જઈ શ્રીગુસાંઈજીનો સેવક થયો. આ પારધી રાત્રિ દિવસ ''શ્રીકૃષ્ણઃ શરણં મમ'' મંત્રનો જપ કરતો હતો.

વધુ વિગત ૨૫૨ વૈષ્ણવની વાર્તામાં. ૧૮૮ અને ૧૮૯ મી વાર્તામાંછે.

માનસરોવરથી પગરસ્તે પાની ગામ અને કલ્યાણપુર થઈને યાત્રા લોહવન પહોંચે છે અથવા નાવ દ્વારા મથુરામાં શ્રીયમુનાજીના પુલ પાસે ઉતરીને લોહવન જાય છે.

પાનીગામમાં પાણી બહુ ભરાયેલું રહે છે એટલે એનું નામ પાનીગામ છે. ઋષિ દુર્વાસાને આ સ્થળે ગોપીજનોએ યમુનાજીના સામે કિનારે લઈ જઈને ભોજન કરાવ્યું હતું. જાટરાજા સૂરજમલની રાણીએ અહીં એક મંદિર બંધાવ્યું હતું. લોહવનમાં ભગવાને લોહાસુર નામના દૈત્યને માર્યો હતો. બ્રહ્માના ચાર પુત્રો સનત્કુમારોએ અહીં તપ કર્યુ હતું.

લોહવનથી દાઉજી

મુકામ ૨૪ મો - દિવસ ૪૧ મો

દાઉજી ગામમાં પ્રવેશતાં શ્રીદાનબિહારીજીનું મંદિર આવે છે. ત્યાંથી ક્ષીરસાગર આવે છે. અહીં પંડ્યાઓની કનડગત ઘણી હોય છે. ક્ષીરસાગરના કિનારા ઉપરથી શ્રીબલદેવજીનું વિશાળ મંદિર આવેલું છે, દાઉજી અને રેવતીજીનાં દર્શન થાય છે. શ્રીબલદેવજીનું સ્વરૂપ ગૌરવર્ણનું છે, પણ અહીંયાં શ્યામ સ્વરૂપ છે. એવી કિંવદન્તી છે કે પ્રભુએ પોતાનું સ્વરૂપ આપેલું હોવાથી આ સ્વરૂપ શ્યામ છે. વ્રજમંડલમાં આ સ્વરૂપ અત્યન્ત પ્રભાવશાહી છે. વ્રજવાસીઓ દાઉજીની બાધા રાખે છે. ભાંગ, માખણ, મિસરી, ખીરપુરીનો ભોગ ધરે છે. ચોબા લોકો અહીં ભાંગનું પાન કરી 'દાઉદયાળકી જે' કહે છે.

શ્રીગુસાંઈજીના ચતુર્થલાલજી શ્રીગોકુલનાથજીએ શ્રીબલદેવજીને પાટ બેસાડી પુષ્ટિમાર્ગીય પ્રણાલિકા પ્રમાણે સેવા કરવાની શ્રીકલ્યાણજી અહીંના વાસીને આજ્ઞા કરી. સ્વયં પોતે માખણ, મિસરી, દૂધપાક બૂંદી (કરી) કળીનો ભોગધર્યો હતો ત્યારથી બળદેવજીના પૂજારી અહિવાસી થયા છે. અહીં મંદિરમાં શ્રીદાઉજીનો હાંડો થાય છે. અહીંયાં પરિક્રમા વખતે ચોબાનો હાંડો (જમણ) થાય છે.

ક્ષીરસાગરના પંડયા સનાઢય બ્રાહ્મણ છે.

આ સ્થળે ભાદરવા સુદ છઠ અને માગસર સુદ પૂનમને દિવસે મોટો મેળો ભરાય છે.

ઔરંગઝેબના વખતે આ મંદિર ઉપર હલ્લો થયો હતો, પરંતુ મંદિરમાંથી અસંખ્ય ભમરા નીકળતાં તે લશ્કરને હેરાન કરવા લાગ્યા. આ પ્રતાપબળ જોઈને લશ્કર માંડ માંડ ભાગી છૂટયું હતું. આ કારણે શ્રીયમુનાજીની સામી પારનાં બધાં ગામો યવનોના ત્રાસથી બચી ગયાં હતાં. અહીંની મિસરી તેમ માટીનાં વાસણો વખણાય છે. અહીંની મિસરી

(સાકર) વજનમાં હલકી પાસાદાર દેખાવમાં ઘણી સુંદર હોય છે. અહીંથી નજીક હતોડા ગામ આવે ત્યાં નંદરાયજીની બેઠક છે. અહીં શ્રીઠાકોરજીએ શ્રીનંદરાયજીની ગોદમાં બેસી બાળલીલા કરી હતી. ત્યાંથી આગળ પ્રયાણ કરતાં ચિન્તાહરણઘાટ આવે છે. અહીં ઠાકોરજીએ વ્રજભક્તોની સમસ્ત ચિન્તાઓનો નાશ કરવાથી આ ઘાટનું નામ ચિન્તાહરણઘાટ પડયું છે. અહીં ચિન્તાહરણ મહાદેવજી તથા ચિન્તાહરણ બિહારીજીનું મંદિર છે. ત્યાંથી આગળ પ્રસ્થાન કરતાં બ્રહ્માંડઘાટ આવે છે. અહીં શ્રીઠાકોરજીએ માટી ખાઈ (મૃત્તિકાભક્ષણ કરી) શ્રીયશોદા માતાજીને અખિલ બ્રહ્માંડનાં મુખારવિન્દમાં દર્શન કરાવ્યાં હતાં.

કીર્તનમાં ગાયું છે કે :

"માટીકે મિસ મુખ દિખરાયો,
તિહુ લોક વ્રજધાની,
સ્વર્ગપતાલ ધરનિ બન પર્વત
બદન માંઝ રહે આની.
નદી સુમેર દેખિ ચક્તિ ભઈ,
વાકી અકથ કહાની."

સાર એ છે કે શ્રીયશોદામાતાજી અખિલ બ્રહ્માંડનું દર્શન કરી આશ્ચર્યચકિત થઈ ગયાં. આ સ્થળે બ્રહ્માંડબિહારી અને સાક્ષીગોપાલનાં મંદિરો છે.

બ્રહ્માંડઘાટની ભૂમિનું ચરણામૃત બધાંઓએ જરૂર લેવું. સામે પાર કોઈલે ઘાટછે. વસુદેવજી જ્યારે શ્રીકૃષ્ણને પધરાવીને સામે પાર જતા હતાં ત્યારે શ્રીબાલકૃષ્ણના ચરણસ્પર્શ કરવા માટે શ્રીયમુનાજી ઊંચાં ચઢયાં, આથી શ્રીવસુદેવજી ગભરાઈ ગયા અને પોકાર કર્યો કે 'કોઈલે હુ'આ બાળકને કોઈ લો-કોઈ બચાવો, આથી આ ઘાટનું નામ 'કોઈલે' પડયું છે. અહીંથી પ્રસ્થાન કરતાં કર્ણાવલ ગામ આવે છે. અહીં મોતીકુંડ છે. ટેકરી ઉપર શ્રીમથુરેશજીની બેઠકજી છે તેમાં એક હાથ લગભગનો ઊંડો ખાડો છે, જ્યાંથી શ્રીમુથુરેશજીનું પ્રાકટય થયું હતું એમ કહેવાય છે. આ બેઠક પ્રથમ પીઠાધીશ્વર ગોસ્વામી શ્રીરણછોડલાલજી મહારાજે પ્રકટ કરી છે એમ કહે છે. અહીંથી આગળ જતાં કર્ણવેધકૂપ આવે છે. અહીં શ્રીઠાકોરજીના કર્ણ (કાન) વીંધાવ્યા હતા. અહીંથી મહાવન આવે છે. આ સ્થળ જૂના ગોકુલ તરીકે પ્રસિદ્ધ છે. મહાવનમાં એકવીસ સ્થળો છે


તે સર્વનો ઉલ્લેખ બ્રહ્માંડપુરાણના બૃહદ્વનમાહાત્મ્યમાં છે. અહીં ઉખલબંધનનું સ્થળ છે. અહીં શ્રીઠાકોરજી ખાંડણિયા સાથે બંધાયા હતા. અહીં પોતાના ચરણકમલના સ્પર્શથી પ્રભુએ યમલાર્જુન બે વૃક્ષોનો ઉદ્ધાર કર્યો હતો. પૂર્વજન્મમાં આ બન્ને કુબેર ભંડારી દેવના પુત્રો હતા. આગળ જતાં ૮૪-ચોરાશી સ્તંભનું મંદિર આવે છે. આ જગ્યા નંદરાયજીનો રાજમહેલ કહેવાય છે. આ મંદિરમાં નંદરાયજીનું, યશોદાજીનું અને શ્રીકૃષ્ણબલદેવજીનાં સ્વરૂપો બિરાજે છે. અહીં પલના ઝુલાવવાનું સ્થાન છે. ત્યાંથી આગળ શકટાસુર અને તૃણાવર્તના વધનાં સ્થાન આવે છે. આગળ રાધાદામોદરનું મંદિર છે. વાછરડાં ચરાવવાનું સ્થાન, નંદરાયજીને દાતણ કરવાનો ટેકરો, નંદકૂપ તથા નંદરાયજીના ઠાકોરજી શ્રીમથુરાનાથજી અને શ્રીદ્વારકાનાથજીનાં મંદિરો આવે છે. ત્યાંથી મહામલ્લરાયજી ઠાકોરજી છે. બાજુમાં પૂતનાખાડ છે, જ્યાં ઠાકોરજીએ કંસની બહેન પૂતનાનો સ્તનપાન કરાવતાં વધ કર્યો હતો. ત્યાંથી આગળ જતાં શ્રીકેશવદેવજીનું મંદિર આવે છે.

આગળ પ્રયાણ કરતાં માર્ગમાં શ્રીબલદેવજીનું મંદિર આવે છે. આ સ્વરૂપ સંવત્ ૧૪૫૦ ની સાલનું છે એવો શિલાલેખ છે. આગળ જતાં રમણરેતીનું સ્થાન આવે છે. અહીં શ્રદ્ધાળુ લોકો રમણરેતીમાં આળોટે છે તથા ગુપ્ત દાન કરે છે. અહીંની રેતી અબરક જેવી ચળકાટ મારતી સુંદર અને લીસી છે. અહીં ઠાકોરજીએ વ્રજભક્તો સાથે ઘૂટુરુન-ઘૂંટણથી ચાલવાની લીલા કરી હતી.

પહેલાં આ સ્થળે ઘણી વિશાળ જગ્યામાં રમણરેતી હતી, પરંતુ હાલ આ સ્થળ નાનું બન્યું છે. કલિયુગમાં આ જગ્યા અંતર્ધાન થશે એમ કહેવાય છે. અહીં રમણબિહારીનું મંદિર છે. અહીં કોઈ રાત્રિનાં રહી શકતું નથી, જો રહે તો મૂંગા થાય છે અથવા મરણ પામે છે. આનાથી આગળ નરવરગઢનરેશ મહાનુભાવી રાજા શ્રીઆશકરણજીને શ્રીઠાકોરજી તથા વ્રજભક્તો સાથે ખેલતાં હોળી ખેલનાં દર્શન થયાં હતાં તે સ્થળ આવે છે. આગળ પરમ ભગવદીય અલીખાન પઠાણની તથા બાજુમાં તેમની દીકરીની સમાધિનાં સ્થળ છે. અહીં ગોપકૂપ છે. અહીં સોમવતી અમાસે સ્નાન કરવાનું માહાત્મ્ય છે. ત્યાંથી આગળ નારદનો ટીલો આવે છે, ત્યાં શ્રીનારદજી બિરાજે છે. ત્યારબાદ ગોવિંદસ્વામીનો ટીલો આવે છે, જ્યાં તેમણે શ્રીઠાકોરજીની વિવિધ લીલાઓનાં કાર્તન કરેલાં છે. ત્યાંથી આગળ

કોયલાઘાટ આવે છે. તે પછી વલ્લભઘાટ આવે છે. અહીં શ્રીગોકુલનાથજી નિત્ય સંધ્યાવંદન કરવા પધારતા હતા. તેનાથી આગળ ઉત્તલેશ્વરઘાટ છે. અહીં શ્રીવસુદેવજીએ યશોદાજીને શ્રીઠાકોરજીને સોંપ્યા અને કન્યા યોગમાયાને લઈને મથુરા ગયા તે સ્થાન છે.

અહીં ઉત્તલેશ્વર મહાદેવની ચોકી છે. ત્યાર પછી ગોપાલઘાટ આવે છે. શ્રીઠાકોરજીએ ગોચારણલીલા અહીં કરી હતી.




દાઉજીથી ગોકુળ

મુકામ નંબર ૨૫ - દિવસ ૪૨

લોહવનથી યાત્રા પ્રસ્થાન કરી શ્રીગોકુળમાં આવે છે. યાત્રાળુઓ શ્રીગોકુળનાથજીના મંદિરે, શ્રીરાજાઠાકુરના મંદિરે, મોરવાળાના મંદિરે, શ્રીદ્વારકાધીશના મંદિરે દર્શન કરે છે.

શ્રીમહાપ્રભુજીની બડી બેઠકે, શ્રીદામોદરદાસ હરસાનીની બેઠકે, શ્રીઠકુરાણીઘાટે શ્રીમહાપ્રભુજીની બેઠકે, શ્રીગિરિધરજી શ્રીયદુનાથજી વગેરેની બેઠકોએ વૈષ્ણવો સૌ ઝારી ચરણસ્પર્શ કરે છે.



ગોકુળ થી રાવલ

વ્રજમાં શ્રીગોકુળ ચાર છે

(૧) મહાવનથી ગોવર્ધન પાસે આવીને વસ્યા તે,

(૨) ગ્વાલપોખરાની પાસે છે તે,

(૩) નંદગામ એ નંદગોકુળ છે. અહીંથી અક્રૂરજી ભગવાન શ્રીકૃષ્ણ તથા બળદેવજીને પધરાવી ગયા હતા.

(૪) ગર્ગાચાર્યજીએ મહાવનમાં નંદરાયજીએ કંસરાજાના ડરથી પોતાની ગોશાળા (ખીરક) ઉપર બલરામ-કૃષ્ણનાં નામકરણ કરાવ્યાં તે ચોથું ગોકુળ છે.

આ ગોકુળનો યશ વધારવામાં પુષ્ટિમાર્ગનો કિંમતી ફાળો છે.

શ્રીમહાપ્રભુજી અલાહાબાદ-પ્રયાગ પાસે મોટે ભાગે અડેલમાં નિવાસ કરતા હતા. જ્યારે વ્રજમાં પધારતા ત્યારે ગોકુળમાં વિશ્રામ કરી ગોવર્ધન પધારતા હતા. આપની પહેલી બેઠક ગોકુળમાં ગોવિંદઘાટ ઉપર છે. સંવત ૧૫૫૦ માં આ બેઠક થઈ હતી.

શ્રીગુસાંઈજી પણ અડેલગામ કરતાં શ્રીગોકુળમાં રહેવાનું વધારે પસંદ કરતા. સમ્રાટ અકબર બાદશાહ તરફથી શ્રીગુસાંઈજીને ઘણા આદરમાનથી વિશેષ સગવડો અપાઈ હતી. શ્રીગોકુળગામ તથા જમીન શહેનસાહે ભેટ આપ્યાં હતાં. સાતે નિધિસ્વરૂપોના અહીં મંદિરો બંધાયાં. સંવત ૧૬૨૮ થી સંરત ૧૭૨૬ સુધીમાં ગોકુળનો મહિમા ખૂબ જ હતો.

સંવત ૧૭૨૬ માં શહેનશાહ ઔરંગઝેબે આક્રમણ કર્યું. આથી હિંદુ રાજાઓનાં રાજ્યોમાં શ્રીઠાકોરજીનાં સ્વરૂપોને પધરાવવામાં આવ્યાં, ફક્ત શ્રીગોકુલનાથજીનું સ્વરૂપ અહીં રહ્યું. ગોકુળમાં શ્રાવણ વદિ આઠમ-જન્માષ્ટમી તૃણાવર્તને માર્યો હતો. અહીં કારતક સુદિ એકમ અન્નકૂટનો

ઉત્સવ ઊજવાય છે. માધવદાસે કીર્તનમાં પણ ગાયું છે કે

''શ્રીગોકુલ ગામકો પેંડો હી ન્યારો,
મંગલરૂપ સદા સુખદાયક, દેખિયત તીન લોક ઉજિયારો.
।।૧।।'' વગેરે.

ઋગ્વેદમાં પણ શ્રીગોકુળ અંગેનું સુંદર વર્ણન છે. શ્રીગોકુળ નિત્ય અને વ્યાપક છે. કીર્તનમાં પણ

''જે કોઈ શ્રીગોકુળરસ ચાખે,
તાકો ચિત અનત ન ભટકે, લોભ દિખાવો લાખે. ।।૫।।'' વગેરે.

એક શેઠે એક વૈષ્ણવને નોકરી રાખ્યો અને તેની સાથે શર્ત કરી કે તારે ફક્ત એક જ કામ કરવાનું છે : મને વારે ઘડીએ એમ કહેવાનું કે ''શ્રીગોકુળ કબ ચલોગે''.

શ્રીગોકુળમાં પચીસથી વધુ મંદિરો છે, ઘણી બેઠકો છે. આ દિવ્ય ભૂમિનું વર્ણન કરવું અશક્ય છે. હાલના યુગમાં લૂંટ-ચોરીના ત્રાસથી કાયમ રહેવાનું બધાંને માટે મુશ્કેલ બન્યું છે. અહીં આવેલાં મંદિરોનો ટૂંક પરિચય નીચે પ્રમાણે છે :

(૧) ચતુર્થનિધિ

શ્રીમહાપ્રભુજીના સેવ્ય શ્રીગોકુલનાથજીનું અહીં મુખ્ય મંદિર છે; શ્રીગુસાંઈજીના ચોથા લાલજી શ્રીગોકુલનાથજીના માથે આ સ્વરૂપ બિરાજેલું. આ નિધિ શ્રીઠાકુરજી શ્રીમહાપ્રભુજીના સસરાને ત્યાંથી પધાર્યા હતા. વ્રતોત્સવાલીના પહેલા ભાગમાં આ સ્વરૂપની ભાવનાનું વર્ણન છે. આ મંદિરમાં શ્રીમહાપ્રભુજીનાં પાદુકાજી, શ્રીમાળાજી, ઉપરણો, શ્રીહસ્તાક્ષર વગેરે પ્રાચીન દર્શન કરવા યોગ્ય વસ્તુઓ બિરાજે છે.

શ્રીગુસાંઈજી, શ્રીગિરિધરજી તથા શ્રીગોકુલનાથજીની ત્રણ બેઠકો અહીં છે.

શ્રીગુસાંઈજીનાં પાદુકાજી તથા શ્રીહસ્તાક્ષર અને સાતેય નિધિસ્વરૂપોના વસ્ત્રજીવ અહીં સંપુટમાં બિરાજે છે.

(૨) શ્રીરાજાઠાકુરજીનું મંદિર :

આ મંદિરમાં બે સ્વરૂપો બિરાજે છે :

(૧) શ્રીનવનીતલાલજી શ્રીમહાપ્રભુજીના સેવ્ય અને જેમનું કરજ ચૂકવ્યું તે સારસ્વત બ્રાહ્મણ રામદાસના શ્રીઠાકોરજી એ રાજા ઠાકોર.

(૨) શ્રીબાલકૃષ્ણજી, જેઓએ મેહાની સ્ત્રી પ્રસૂતિમાં હતી ત્યારે

સેવા કરાવી તે મેહાઢીમરના ઠાકુર. અહીં શ્રીદાઉજી મહારાજ બડેની બેઠક છે.

શ્રીગુસાંઈજી સંવત ૧૬૨૮ માં ગોકુળમાં વાસ કરવા પધાર્યાં ત્યારે રાત્રે વિચાર આવ્યો કે મુહૂર્ત બહુ સારું છે, જો મંદિરનો પાયો અત્યારે નાખવામાં આવે તો મંદિરનું કામ સરસ થાય. આ સમયે યાદવેન્દ્રદાસ કુંભાર નામના સેવકે શ્રીગુસાંઈજીની ઈચ્છા પૂર્ણ કરવા રાતમાં જ પાયો ખોદી નાખ્યો અને પછીથી ત્યાં જ મંદિર બંધાવ્યું. આ શ્રીરાજાઠાકુરનું મંદિર છે. એનું બીજું નામ શ્રીસાત સ્વરૂપની હવેલી છે.

શ્રીમહાપ્રભુજીના વિષ્ણુદાસ છીપા નામના એક સેવક શ્રીગુસાંઈજીની બેઠકના દ્વારપાળ તરીકે કાર્ય કતા. કોઈ પણ પંડિત શ્રીગુસાંઈજીની સાથે વાદ વિવાદ કરવા આવે તો પહેલાં વિષ્ણુદાસ તેમની સાથે વાદવિવાદ કરતા હતા અને પેલા કાવ્ય, વ્યાકરણ જે કહેતા તેમાં દોષ બતાવી વિદાય કરી દેતા. વિષ્ણુદાસ છીપાની વિદ્વત્તાથી કોઈ પંડિત શ્રીગુસાંઈજી સુધી જવા પામતા નહિ. હાલમાં રાજાઠાકુરના મંદિરમાં વિષ્ણુદાસ છીપાની બેઠક છે. ૮૪ વાર્તામાં ૫૦ મી વાર્તામાં બધી વિગત છે.

(૩) શ્રીગોપાલલાલનું (ચોકીવાળું) મંદિર :

શ્રીમહાપ્રભુજીના સેવ્ય શ્રીનવનીતપ્રિયજી રાણા વ્યાસના ઠાકોરજી છે. હાકેમ પાસે કોઈએ ચાડી ચૂગલી કરવાથી, હાકેમે રાણા વ્યાસ ઉપર ગુસ્સો કર્યો. આ વખતે જગન્નાથ જોશીએ ધગધગતું ગાડાનું મ્હોરું પહેર્યું હતું, આથી હાકેમે રાણા વ્યાસને નિર્દોષ જાહેર કર્યા. આ ચિહ્ન રાણા વ્યાસના ઠાકોરના શ્રીકંઠમાં આજે પણ દેખાય છે.

(૧) શ્રીનવનીતલાલજી શ્રીહરિરાયજીના સેવ્ય.

(૨) શ્રીગોવર્ધનનાથજી (૩) શ્રીનટવરલાલજી. (૪) શ્રીદાઉજી. આ સ્વરૂપ અત્યંત દર્શન કરવા લાયક અને માણસના જેટલી ઊંચાઈવાળું છે. (૫) અહીં રાણા વ્યાસના હસ્તાક્ષરમાં સંવત ૧૬૧૦ માં લખાયેલું શ્રીમદ્ભાગવત છે. આ ગ્રંથ ઉપરથી શ્રીગુસાંઈજીના સાતેય બાળકોએ અભ્યાસ કર્યો હતો. આ ગ્રંથ હાલ કોટામાં શ્રીગોવિંદલાલજી (મથુરા-કોટ-કડીવાળા પાસે બિરાજે છે.)

(૪) મોરવાળુ મંદિર :

આ મંદિરમાં બે નિધિ સ્વરૂપો બિરાજે છે.

(૧) શ્રીનવનીતપ્રિયજી : શ્રીગુસાંઈજીના સેવ્ય શ્રીકાનબાઈના ઠાકોરજી, જે સાથે બેસીને એક જ પાતળમાં (પતરાવળીમાં) ભોજન કરતા હતા તે.

(૨)શ્રીમદનમોહનજી- (શ્રીસ્વામિનીજીની સાથે) શ્રીમહાપ્રભુજીના સેવ્ય અને વાંસવાડાના શ્રીગોપાલદાસના ઠાકોરજી.

(૫) કટરાવાળા મંદિર :

શેઠ પુરુષોત્તમદાસના ઠાકોરજી પર બાવન બીડાવાળા શ્રીમદનમોહનજી અહીં બિરાજતા હતા. તે હાલ પોરબંદરમાં બિરાજે છે. નાવ ડુબાવું એમ કહેનાર વેણીદાસ માધવદાસના ઠાકોરજી શ્રીબાલકૃષ્ણજી શ્રીસ્વામિનીજી સહિત, તાજબીબીના શ્રીશ્યામસુંદરજી ઠાકોરજી અને ડોકરી(ડોસીમાના) બાજરીના દાણા આરોગેલા શ્રીમુકુંદરાયજી આ બધાં નિધેસ્રરૂપો પૈકી કટારાવાળા મંદિરમાં બિરાજતાં હતાં તે સ્વરૂપો હાલ પોરબંદર બિરાજે છે.

(૬) શ્રીકાકાજીનું મંદિર :

અહીં શ્રીમદનમોહનજી શ્રીમહાપ્રભુજીના સેવ્ય, જેમણે રાણીને દહીંને બદલે મુક્તિ આપી હતી તે શ્રીપ્રભુદાસ જલોટાના ઠાકોરજી બિરાજે છે. શ્રીમહાપ્રભુજી એક વખત વૃંદાવનના રસ્તેથી પધાર્યા હતા. એક વૃક્ષ ઉપરથી શ્રીમહાપ્રભુજીની ગોદમાં એક સ્વરૂપ પધાર્યું હતું. પ્રભુદાસ જલોટાએ વિનંતિ કરતાં આ સ્વરૂપ તેમને પધરાવી આપ્યું તે શ્રીમદનમોહનજી.

(૭) જામનગરવાળાં શ્રીરાધામાજીનું મંદિર :

આ મંદિરમાં બે નિધિસ્વરૂપ બિરાજે છે :

(૧) શ્રીબાલકૃષ્ણલાલજી-શ્રીમહાપ્રભુજીના સેવ્ય અને લડુવાવાળી ક્ષત્રાણી ડોકરીના શ્રીટાકોરજી. લાડુની હાંડી ડોસીમા બરી રાખતાં તેમાંથી શ્રીઠાકોરજી શ્રીહસ્તથી લાડુ આરોગતા હતા, ડોસીમા છાતી કૂટતાં હતાં, તે આ સ્વરૂપ.

(૨) શ્રીમદનમોહનજી- શ્રીગુસાંઈજીના સેવ્ય, જેમની સોબતથી દયા ભવૈયા વૈષ્ણવ થયા હતા. આ સ્વરૂપ પૂર્વના રાજાના શ્રીઠાકોરજીનું છે.

(૮) શ્રીવ્રજેશ્વરજીનું મંદિર :

આ મંદિરમાં બે નિધિસ્વરૂપ બિરાજે છે :

(૧) શ્રીમદનમોહનજી શ્રીગુસાંઈજીના સેવ્ય અને હરજી કોઠારીના શ્રીઠાકોરજી.

(૨) શ્રીબાલકૃષ્ણજી : શ્રીગુસાંઈજીના સેવ્ય અને આગ્રાવાળાં પતિ-પત્ની, જેઓ વરસાદમાં ભીંજાતાં હતાં અને શ્રીઠાકોરજીએ જેમને ભીતર બોલાવ્યાં હતાં, તેમના શ્રીઠાકોરજી. અહીં શ્રીસુબોધિનીજી-શ્રીહસ્તાક્ષર તથા શ્રીપાદુકાજી બિરાજે છે.

(૯) શ્રીગંગાબેટીજીનું મંદિર :

શ્રી બેની બેટીજીના મંદિરથી જાણીતું આ મંદિર છે. અહીં શ્રીમુરલીધરજી મહારાજના સૈવ્ય

(૧) શ્રીબાલકૃષ્ણલાલજી તથા

(૨) શ્રીનવનીતલાલજીનાં સ્વરૂપો બિરાજે છે.

(૧૦) શ્રીમથુરેશજીનું મંદિર :

આ મંદિરમાં શ્રીમથુરેશજીનું સ્વરૂપ બિરાજે છે.

(૧૧) શ્રીનથ્થુજીનું મંદિર :

શાકગલી પાસેના આ મંદિરમાં શ્રીગિરિધરજીના સેવ્ય શ્રીમદનમોહનજી બિરાજે છે.

(૧૨) શ્રીપાર્વતી વહુજીનું મંદિર :

આ મંદિરમાં શ્રીગિરિધરજી મહારાજના સેવ્ય શ્રીનવનીતલાલજીનું સ્વરૂપ બિરાજે છે.

(૧૩) શ્રીભામિની વહુજીનું મંદિર :

આ મંદિરમાં શ્રીબાલકૃષ્ણ લાલજીનું સ્વરૂપ બિરાજે છે.

(૧૪) કામવનવાળા શ્રીવલ્લભલાલજીનું મંદિર :

આ મંદિરમાં શ્રીમહાપ્રભુજીનું અને શ્રીચંદ્રમાજીનું એમ બે ચિત્ર બિરાજે છે.

(૧૫) શ્રીદ્વારકાધીશજીનું મંદિર :

બડી બેઠકની પાસે આવેલા આ મંદિરમાં શ્રીદ્વારકાધીશનું સ્વરૂપ બિરાજે છે. આ મંદિરમાં શ્રીમહાપ્રભુજીની ગુપ્ત બેઠક પણ છે.

(૧૬) શ્રીલાલજીનું મંદિર (નવું) :

શ્રીગંગા બેટીજીના મંદિરની સામે આવેલું આ મંદિર છે. અહીં શ્રીમહાપ્રભુજીના સેવ્ય શ્રીલાલજીનું સ્વરૂપ છે. આ સ્વરૂપ શ્રીમહાપ્રભુજીને સરસ્વતી નદીમાં સ્નાન કરતાં મળ્યું હતું, સિંહનદની એક ક્ષત્રાણીને

શ્રીમહાપ્રભુજીમાં આસક્તિ હોવાથી આ સ્વરૂપ તેમણે પધરાવી આપ્યું હતું.

(૧૭) શ્રીલાલજીનું મંદિર (જૂનું) :

આ મંદિરમાં (૧) શ્રીબાલકૃષ્ણલાલજી, (૨) શ્રીમદનમોહનજી આ બે સ્વરૂપ બિરાજે છે.

(૧૮) શ્રીગોપાલલાલજી (પંચમ ગૃહવાળાનું) મંદિર :

શ્રીગુસાંઈજીના પંચમ લાલજી શ્રીરઘુનાથજીના દ્વિતીય લાલજી શ્રીગોપાલલાજી, જેમણે જયગોપાલ નામનો સંપ્રદાય ચલાવ્યો છે તેઓશ્રીનું આ મંદિર છે. શ્રીગોપેન્દ્રલાલજીનાં સેવ્ય (૧) શ્રીનવનીતપ્રિયજી અને (૨) શ્રીબાલકૃષ્ણજી એમ બે સ્વરૂપો અહીં બિરાજે છે. અહીં મુખ્ય સેવા ગાદીજીની થાય છે. શ્રીગોપેન્દ્રજીના શ્રીકંઠની સોનાની કંઠી છે તેને શ્રીદાદાજીના સેવકો કેસરસ્નાન વગેરે કરાવે છે.

જૂના ગોકુળમાં નીચે મુજબનાં ચાર મંદિરો છે :

(૧) શ્રીવિઠ્ઠલનાથજીનું મંદિર,

(૨) શ્રીમદનમોહનજીનું મંદિર,

(૩) શેરગઠવાળા શ્રીગિરિધરલાલ મહારાજનું મંદિર અને

(૪) શ્રીચિંતામણિ માધવનું મંદિર.

અહીં શ્રીગોકુલનાથજીના તિલકાયત શ્રીકનૈયાલાલજી મહારાજને રમણરેતીમાંથી શ્રીનાથજીનું એક અત્યંત તેજસ્વી સ્વરૂપ પ્રાપ્ત થયું હતું, આ સ્વરૂપ તોઓશ્રીના સમયમાં ગુપ્ત રૂપે બિરાજતું. દસ વર્ષ સુધી આ સ્વરૂપ વનમાં બિરાજ્યું હતું. હાલમાં એક વ્રજરાસીને ત્યાં આ સ્વરૂપનાં દર્શન થાય છે. આ સ્વરૂપની ઊંચાઈ પાંચ ફૂટ આસપાસ છે.

શ્રીમહાપ્રભુજીની ચાર બેઠકો

(૧) ગોવિંદઘાટુ પર છોંકરના વૃક્ષ નીચે આ બેઠક છે. શ્રીમહાપ્રભુજી ૧૫૪૯ના શ્રાવણ સુદ ત્રીજના દિવસે શ્રીગોકુળ પધાર્યા હતા ત્યારે અહીં દામોદરદાસ હરસાનીને કહ્યું કે દમલા! ગોવિંદઘાટ અને ઠકુરાણીઘાટ કેવી રીતે ઓળખાય? આ વાતચીત વખતે જ હીરાના અને પન્નાના અલંકારો તથા સુંદર વસ્ત્રોમાં સજ્જ થઈ શ્રીયમુના મહારાણી પધાર્યા તેમણે શ્રીમહાપ્રભુજીને કહ્યું કે છોંકરવૃક્ષ નીચે ગોવિંદઘાટ અને દક્ષિણ

બાજુએ ઠકુરાણીઘાટ છે.

શ્રીમહાપ્રભુજીએ શ્રીયમુનાષ્ટકના નવ શ્લોકોથી શ્રીયમુનાજીની સ્તુતિ કરી. શ્રીયમુનાજી અંતરર્ધાન થયાં. શ્રીમહાપ્રભુજીએ દામોદરદાસજીને રહસ્ય સમજાવ્યું કે શ્રીયમુનાજી પરમ ઉદાર છે : ઘાટ સંબંધીનો આપણો સંદેહ દૂર કર્યો છે. રાવલથી ઠકરાણી ઘાટ સુધી શ્રીસ્વામિનીજીની હદ છે, મહાવનથી ગોવિંદઘાટ સુધી શ્રીઠાકોરજીની હદ છે. છોંકરનું વૃક્ષ એ બ્રહ્મનું સ્વરૂપ છે.

સંવત ૧૫૪૯ શ્રાવણ સુદિ ૧૧ ને દિવસે રાત્રિને સમયે કેસરથી રંગેલું સૂતરનું પવિત્રું, ધોતી, ઉપરણો અને મિસરી તૈયાર રાખીને શ્રીમહાપ્રભુજી શ્રીયમુનાજીના કિનારા ઉપર બિરાજેલા હતા. આપશ્રીને જીવોના ઉદ્ધારની ચિંતા થતી હતી. દોષવાલા જીવનો નિર્દોષ પ્રભુ સાથે કેરી રીતે સંબંધ થાય એ મધ્ય રાત્રિ સુધી વિચાર્યું.

શ્રીગોવર્ધનનાથજીએ પ્રત્યક્ષ થઈને આજ્ઞા કરી કે હું આ બ્રહ્મસંબંધનો મંત્ર આપું છું. તે મંત્ર આપીને જે જીવને આપ શરણે લોશો તે જીવનો હું અંગીકાર કરીશ... વગેરે.

શ્રીમહાપ્રભુજી અત્યંત પ્રસન્ન થયા અને સિદ્ધ કરેલું પવિત્રું, ધોતી-ઉપરણો અને મિસરી ભોગ ધરાવ્યો. પછી શ્રીનાથજી બાવા અંતર્ધાન થયા.

ષોડશ ગ્રંથ પૈકી સિદ્ધાંતરહસ્ય નામના ગ્રંથમાં શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે બ્રહ્મસંબંધ મંત્રથી જીવને શરણે લેવાની અને પછી જીવે કોઈ જાતથી ચિંતા કરવી નહિ એવું આજ્ઞાવચન છે. આ બ્રહ્મસંબંધનો મંત્ર શ્રીમહાપ્રભુજીએ સંવત ૧૫૪૯ શ્રાવણ સુદ ૧૨ ને દિવસે સહુથી પ્રથમ દામોદરદાસ હરસાનીને આપ્યો અને શરણે લીધા.

ત્યાર પછી બીજા સેવકોને આ બ્રહ્મસંબંધ મંત્રથી દીક્ષા આપી હતી. આજે પણ પુષ્ટિમાર્ગમાં ગોસ્વામી આચાર્યો આ જ મંત્ર અપરસમાં સ્નાન કરાવી વૈષ્ણવોને આપે છે અને તુલસી પત્ર હાથમાં લેવડાવી શ્રીઠાકોરજીને સમર્પણ કરાવે છે. શ્રાવણ સુદિ એકાદશીએ દરેક વૈષ્ણવ મંદિરમાં પવિત્રાં ધરાવાય છે. અને શ્રાવણ સુદિ ૧૨ ને દિવસે ગુરુદેવને તથા ગોસ્વામી આચાર્યને પવિત્રાં ધરાવવામાં આવે છે. આ પુષ્ટિમાર્ગ એ નિ:સાધન ભક્તોનો પ્રેમમાર્ગ છે, વિશ્વધર્મ છે. એનો દરેક સિદ્ધાંત વિશાળ પાયા પર છે.

ઉત્તર ગુજરાતમાં વડનગરા નાગર બ્રાહ્મણનો એક છોકરો વૈષ્ણવોના સત્સંગથી શ્રીગુસાંઈજીનો સેવક થવા માટે તીર્થયાત્રા કરતો કરતો શ્રીગોકુળ આવ્યો. ઠકરાણીઘાટ ઉપર આ છોકરાને શ્રીગુસાંઈજીના અલૌકિક સ્વરૂપનાં દર્શન થયાં. તેણે શ્રીગુસાંઈજીને શરણે લેવા માટે વિનંતી કરી. શ્રીગુસાંઈજીએ શ્રીયમુનાજીમાં સ્નાન કરાવી નિવેદન કરાવ્યું.

શ્રીગુસાંઈજીને વિનંતી કરી કે મહારાજ, મારી જ્ઞાતિ મને જ્ઞાતિ બહાર મૂકશે અને દુઃખ આપશે. આથી શ્રીગુસાંઈજીએ શ્રીગિરિરાજજીનું સ્વરૂપ (શ્રીગોવર્ધનશિલા) પધરાવી આપ્યું અને આજ્ઞા કરી કે જ્યારે સંકટ પડે ત્યારે તું આ સ્વરૂપને દૂધથી સ્નાનકરાવી યથાશક્તિ સામગ્રી ધરાવી પ્રાર્થના કરજે.

શ્રીગિરિરાજજી એ હરિદાસવર્ય છે. પ્રહ્લાદજી, ઉદ્ધવજી વગેરે હરિદાસ છે, આથી વૈષ્ણવોએ જ્યારે જ્યારે સંકટ લાગે ત્યારે શ્રીગોવર્ધન શ્રીગિરિરાજજીનું પૂજન કરી સ્તુતિ કરવી. આ સંબંધી વધુ વિગત ૨૫૨ વૈષ્ણવની વાર્તામાં ૨૮ મી વાર્તામાં છે.

એક વખત શ્રીગુસાંઈજી રમણરેતી પધાર્યા હતા. અહીં એક વૈષ્ણવના છોકરાને અષ્ટાક્ષર મંત્ર સંભળાવતા હતા. એક મ્લેચ્છ સૂકાં લાકડાં લેવા આવ્યો હતો તેને શ્રીગુસાંઈજીના મહાઅલૌકિક સ્વરૂપનાં દર્શન થયાં. હું સાંજનાં પાછો આવતો હતો. શ્રીગુસાંઈજીનાં દર્શન કરી રાત્રે કાળો કામળો ઓઢીને શ્રીઠકુરાણી ઘાટ ઉપર નિત્ય સૂઈ રહેતો હતો. એક દિવસ શ્રીગુસાંઈજીનું જલઘરું છોવાઈ (અડકાઈ) ગયું હતું, આથી અંધારામાં મ્લેચ્છના માથામાં શ્રીગુસાંઈજીના ચરણનો સ્પર્શ થયો, આથી શ્રીગુસાંઈજી ત્રણ વખત અષ્ટાક્ષર મંત્ર બોલીને યમુનાજીમાં સ્નાન કરી પાછા પધાર્યા. મ્લેચ્છ વૈષ્ણવે પાસે આવીને બધા વૈષ્ણવોને કહ્યું હું પણ વૈષ્ણવ છું. વધારે પ્રસંગ ૨૫૨ વૈષ્ણવની વાર્તામાં ૧૧૮મી વાર્તામાં છે.

૨. બડી બેઠક :

શ્રીદ્વારકાધીશજીના મંદિર પાસે આ બેઠક છે. આપશ્રી અહીં નિત્ય ભોજન કરતા અને કથા કરતા. એક વખત વૃન્દાવનનાં સંતમહન્તોએ વિચાર કર્યો કે શ્રીનાથજીની સેવા આપણે કરીએ. ત્યારે શ્રીનાથજી એ આજ્ઞા કરી કે મારી સેવા તો શ્રીમહાપ્રભુજી કરશે, તમો ભગવદ્ભજન કરો. આથી શ્યામાનંદ નામના એક વિરક્તને શ્રીમહાપ્રભુજીની પરીક્ષા લેવા ગોકુળ મોકલ્યા. પોતાની પાસે શાલિગ્રામનો એક બટવો હતો તે

છોંકરના વૃક્ષ ઉપર લટકાવીને શ્રીમહાપ્રભુજીનાં દર્શન કરવાં ગયા. દર્શન કરીને આવ્યા તો વૃક્ષ ઉપર બટવો નહિ જોતાં શ્રીમહાપ્રભુજીને ફરિયાદ કરી કે આપના સેવકે મારો બટવો ચોરી લીધો છે, ત્યારે શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે અમારા સેવક ચોરી કરે નહિ, ધ્યાનથી
તપાસ કરો. પાછા આવીને વૃક્ષ ઉપર જુએ છે તો ડાળીએ ડાળીએ અસંખ્ય બટવા લટકતા જોયા. આથી શ્રીમહાપ્રભુજીને વિનંતી કરી કે ''મહારાજ! અહીં તો અસંખ્ય બટવા છે તેમાં મારો કયો ?'' ત્યારે શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે ''તમો તમારા ઈષ્ટદેવને ઓળખી શકતા નથી તો સેવા કેવી રીતે કરશો ?'' ફરી વિરક્ત વૈષ્ણવ ગયા તો એક જ બટવો જોયો. ત્યારબાદ તે બટવો લઈને વૃન્દાવન ગયા અને સૌને વાત કરી કે શ્રીમહાપ્રભુજી સાક્ષાત્ ઈશ્વર છે.

૩. શય્યામંદિર બેઠક :

શ્રીમહાપ્રભુજી અત્રે પોઢતા હતા. અહીં બિરાજતા હતા ત્યાં સુધી શ્રીદ્વારકાધીશજીનું મંદિર થયું ન હતું. એક યોગેશ્વર આ જમીનમાં તપશ્ચર્યા કરતા હતા. તેમની જમીન નીચે હતી. તેમણે બહાર આવીને શ્રીમહાપ્રભુજીને વિનંતી કરી કે આપનાં દર્શનથી હું કૃતાર્થ થયો છું. અહીં સાત મંદિરો થશે અને ગોકુળ ફરીથી વસશે, પરંતુ મને અહીંથી કોઈ ન હટાવે તેવી આજ્ઞા કરો. શ્રીમહાપ્રભુજીએ સંમતિ આપી. ત્યાર પછી શ્રીદ્વારકાધીશજીનું મંદિર તૈયાર થતાં નીચેથી યોગેશ્વરની પર્ણકુટિ નીકળી. શ્રીદ્વારકેશજીએ આજ્ઞા કરી કે તમો અહીંથી હટી જાઓ ત્યારે યોગેશ્વરજીએ કહ્યું કે શ્રીમહાપ્રભુજીએ મને વચન આપ્યું છે કે તમને કોઈ હટાવશે નહિ. આમ કહેતામાં પર્ણકુટિ એક હાથ નીચે ઊતરી ગઈ. આ જગ્યાની ઉપર મંદિર થયું. દરરોજ રાજભોગ ધરવામાં આવે તો પણ શ્રીઠાકોરજી આરોગતા નહિ. સામગ્રીમાં કીડીઓ ઊભરાતી હતી. શ્રીઠાકોરજીએ શ્રીગુસાંઈજીના ચતુર્થ કુમાર શ્રીગોકુલનાથજીને આ પ્રસંગ કહ્યો ત્યારે શ્રીગોકુલનાથજીએ કહ્યું કે ''તમે ભગવદ્ભક્તનો અપરાધ કર્યો છે અને શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું છે, આથી શ્રીઠા[illegible]રજી આપની ઉપર પ્રસન્ન થઈ સામગ્રી આરોગતા નથી. પ્રભુ પોતાનો અપરાધ ઉદારતાથી ક્ષમા કરે છે. પરંતુ ભગવદીયો અને શ્રીમહાપ્રભુજીનો અપરાધ સહન કરી શકતા નથી.'' શ્રીનાથજીબાવાને વિનંતિ કરવાથી ક્ષમા આપી. આ ચરિત્રમાંથી આપણે સૌએ સમજવાનું એ છે કે વૈષ્ણવોએ

શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું ઉલ્લંઘન કરવું નહિ. અહીં શ્રીમહાપ્રભુજીએ રાત્રિનિવાસ કર્યો હતો, શ્રીભાગવતપારાયણ કર્યું હતું.

આખા વ્રજમાં પરિક્રમા દરમિયાન ફક્ત શ્રીગોકુળનું એકજ સ્થાન એવું છે કે જ્યાં શ્રીમહાપ્રભુજીની ત્રણે બેઠકો બિરાજે છે, કારણ કે શ્રીમહાપ્રભુજીએ સાત્વિક. રાજસ અન તામસ ત્રણે પ્રકારના જીવોનો પોતાના કૃપાબલથી ઉદ્ધાર કર્યો છે. પુષ્ટિમાર્ગનું હાર્દ બ્રહ્મસંબંધનો મંત્ર અહીંથી આપેલ છે. બીજા મતે... શ્રીમહાપ્રભુજીએ શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજી એ ત્રણેના સ્વરૂપે ત્રણ બેઠકજી બિરાજે છે. ત્રીજી રીતે વિચાર કરવામાં આવે તો શ્રીગોકુળનો અર્થ ઈન્દ્રિયોનો સમૂહ થાય. તે જ રીતે આપણો દેહ તે જ ગોકુલ. દેહરૂપી ગોકલુમાં-જેના હૃદયમાં કામ ક્રોધ વગેરે વિકારથી રહિત બન્યું હોય અને દીનતા તથા સર્વાત્મભાવપૂર્વક નવનીત જેવું કોમળ છે, ત્યાં શ્રીઠાકોરજી, શ્રીસ્વામિનીજી અને શ્રીમહાપ્રભુજી બિરાજે છે. આમ શ્રીગોકુલમાં પુષ્ટિમાર્ગનું પ્રાકટય થયું હોવાથી શ્રીગોકુલનાથજી કૃત બેઠક ચરિત્રનો પ્રારંભ પણ શ્રીગોકુલથીજ થયો છે. શ્રીગુસાંઈજીના તૃતીય લાલજી શ્રીબાલ કૃષ્ણ લાલજીની ભૂતલ ઉપર એક જ બેઠક છે. અને તે પણ શ્રીગોકુલમાં છે. આ બેઠક શ્રીમહાપ્રભુજીની શય્યાબેઠકની બાજુમાં બિરાજે છે.

૪. સંધ્યાવંદનની બેઠક

ગોવિંદઘાટની પાછળના ભાગમાં આ બેઠક આવેલી છે. અહીં શ્રીમહાપ્રભુજી છોંકરના વૃક્ષ નીચે સંધ્યાવંદન કરતાં હતા અને દામોદરદાસને બ્રહ્મસંબંધ મંત્રની દીક્ષા આપી હતી. અહીં શ્રીદામોદરદાસ હરિસાનીજીની બેઠક છે.

શ્રીગુસાંઈજીનાં ત્રણ બેઠકજીઓ

આ ત્રણ બેઠકો શ્રીગોકુલનાથજીના મંદિરમાં છે. અહીં જ શ્રીગુસાંઈજીએ સૌ પ્રથમ નવનીતપ્રિયજીને પધરાવી ગોકુલવાસ કર્યો હતો. ત્યાર પછી પણ આપશ્રીના જ્યેષ્ઠ પુત્ર શ્રીગિરિધરજીને અહીં આપશ્રીનાં સાક્ષાત્ દર્શન થયાં હતાં.

એક દિવસ શ્રીગોકુળનાથજીએ શ્રીગિરિધરજીને વિનંતી કરી કે શ્રીગુસાંઈજી પછી આ ગાદી પર બિરાજવાનો આપનો હક્ક છ છતાં આપ કેમ બિરાજતા નથી ? ત્યારે ગિરિધરજીએ આજ્ઞા કરી કે મને ગાદી

પર બિરાજતાં શ્રીગુસાંઈજીનાં હમેંશા દર્શન થાય છે. ત્યારે શ્રીગુસાંઈજી સંધ્યાવંદન કરતા હોય એવા શ્રીગુસાંઈજીનાં દર્શન થયાં.

શ્રીગોકુલનાથજીને પ્રતીતિ થઈ કે શ્રીગુસાંઈજી પોતાના અલૌકિક સ્વરૂપે સદા બિરાજે છે, તેથી ભગવદીયોએ ગાયું છે કે :

''માણેકચંદપ્રભુ સર્વદા શ્રીગોકુલ કરત વિહાર.''

આવું ચરિત્ર આપે અહીં પ્રગટ કર્યું છે. શ્રીગિરિધરજીની બેઠક અહીં પ્રગટ બિરાજે છે. શ્રીગોકુલનાથજીના પ્રથમ બેઠકજી શ્રીગોકુલનાથજીના મંદિરમાં બિરાજે છે અને તેને વૈષ્ણવો મૂર્ત બેઠકજી માને છે.

એક સમયે શ્રીગોકુલનાથજી શ્રીગુસાંઈજીની પાસે પધાર્યા ત્યારે શ્રીગુસાંઈજીને પુષ્ટિમાર્ગનો સિદ્ધાંત પૂછ્યો. શ્રીગુસાંઈજીએ તે વિસ્તાર પૂર્વક સમજાવ્યો. તે સાંભળીતે શ્રીગોકુલનાથજી આ બેઠકમાં પધાર્યા અને તેના પર વિચાર કરવા લાગ્યા.

તે વખતે આપશ્રીના કૃપાપાત્ર શ્રી કલ્યાણ ભટ્ટ આવ્યા, પરન્તુ આપશ્રીએ ચાર ઘડી સુધી ચિંતનમાંથી નેત્ર ખોલ્યાં નહિ. ખોલ્યાં ત્યારે : કલ્યાણ ભટ્ટને જોઈ પૂછ્યું આપ ક્યારે આવ્યા ? ત્યારે કલ્યાણ ભટ્ટજીએ કહ્યું કે મહારાજ ! કૃપા કરી અમને કાંઈ પણ કહો. ત્યારે આપશ્રીએ ૨૪ વચનામૃતો કહ્યાં, જે પુષ્ટિમાર્ગનો સિદ્ધાંત સમજાવે છે. કલ્યાણ ભટ્ટજીએ શ્રવણ કરીને ગોકુલનાથજીનાં ૨૪ વચનામૃતોનું ગ્રંથસ્વરૂપે પ્રગટ કરીને પુષ્ટિમાર્ગના સિદ્ધાંતનું શુદ્ધ સ્વરૂપ વૈષ્ણવો માટે પ્રગટ કર્યું. વૈષ્ણવોએ એનુ ચિંતન કરવું જોઈએ. અહીંયાં સેવાનો સુંદર પ્રકાર ચાલે છે. અહીં શ્રીગોકુલનાથજીના ઘરનાં કોઈ પણ સભ્ય સિવાયનાંને સેવા કરવાનો અધિકાર નથી, પરન્તુ સૌને આનંદથી દર્શન આપે છે.

શ્રીમદ્ગોકુલમાં મહાપ્રભુજીનાં બડી બેઠકમાં આવેલાં શ્રીગુસાંઈજીનાં બેઠકજીનું ચરિત્ર

શ્રીગુસાંઈજી જ્યારે ગોકુલવાસ કરવા પધાર્યા હતા ત્યારે શ્રીગોકુલ વસ્યું ન હતું, તેથી આપશ્રીએ સર્વ પ્રથમ મુકામ અહીં બ[illegible] બેઠકમાં કર્યો હતો. શ્રીમહાપ્રભુજી માથે બિરાજતા શ્રીનવનીતપ્રિયજીની સેવા કરી હતી. જન્માષ્ટમીનો મહોત્સવ મનાવ્યો હતો. તે સમયે નંદ મહોત્સવનાં અલૌકિક દર્શન ભગવદીયોને શ્રીગુસાંઈજીની કૃપાથી થયાં હતાં. બાદશાહ અકબરને પણ શ્રીગુસાંઈજીની કૃપાથી આવાં અલૌકિક દર્શન થયાં હતાં.

''પ્રિય નવનીત પાલને ઝૂલે શ્રીવિઠ્ઠલનાથ ઝુલાવે,
કબહુક આપ સંગ મિલ ઝૂલે, કબહુક ઉતરિ ઝુલાવે હે. ૧
કબહુક સુરંગ ખિલોના લે લે, નાના ભાંતિ ખિલાવે હો;
ચકરી બંકી ફિરકની લહેંટુ ઝુન ઝુન હાથ બજાવે હો. ૨
ભોજન કરત થાર એક થારી દોઉ મિલ ખાય ખવાવે હો;
ગુપ્ત મહારસ પ્રગટ જનાવે, પ્રીતિ નઈ ઉપજાવે હો. ૩
ધનિ ધનિ ભાગ્ય દાસ નિજજનકે, જો યહ દર્શન પાવે હો;
''છિતસ્વામી'' ગિરિધરન શ્રીવિઠ્ઠલ, નિગમ એક કરિ
ગાવે હો. ૪ (રાગ આશાવરી)

આ કીર્તનથી લીલાનાં દર્શન થયાં. દેહનું ભાન રહ્યું નહિ. જ્યાં સુધી નવું મંદિર ન બન્યું ત્યાં સુધી મુકામ અહીં રહ્યો હતો.

શ્રીગુસાંઈજીના મનમાં મહા વદ છઠની રાત્રે પાયો નાખવાની પ્રેરણા થઈ. મુહૂર્ત સુંદર છે તેવી આજ્ઞા કરી આપ પોઢવા પધાર્યા. બે ભક્તો યાદવેન્દ્રદાસ અને રાઘવેન્દ્રદાસ ભાઈઓ ઊભા થયા. રાત્રે આખા મંદિરનો પાયો નાંખ્યો. આ દિવસ તે મહા વદ ૭ શ્રીનાથજી બારાનો પાટોત્સવ. એ ગોકુલનો સ્થાપનાદિન બની ગયો.

ઠકુરાણીઘાટ ઉપર સંધ્યાવંદનનાં બેઠકજીનું ચરિત્ર

અહીં આપશ્રી સંધ્યાવંદન કરતા અને અનેક દૈવી જીવોને શરણે લીધા. આપે મ્લેચ્છ અને શૂદ્રોનો પણ આ સ્થાને અંગીકાર કર્યો. બાદશાહ અકબરને પણ આ જ સ્થાને પોતાના અલૌકિક સ્વરૂપનો પ્રતાપ બતાવ્યો હતો. બાદશાહ અકબરે આપશ્રીને ભેટ ધરેલી અમૂલ્ય મોતીની માળા શ્રીયમુનાજીમાં પધરાવી દીધી, આથી બાદશાહને ખોટું લાગ્યું. તેથી આપશ્રી શ્રીયમુનાજીમાંથી ખોબો ભરીને માળાઓ બતાવી અને કહ્યું કે આમાંથી તમારી માળા શોધી લો. બાદશાહ અવારનવાર દર્શન કરવા આવતા હતા. અહીં અલીખાન પઠાણ અને તેમની દીકરીને શરણે લીધા હતાં. આ બેઠકજીનું ચરિત્ર બેઠકચરિત્રમાં નથી, કારણ કે ફક્ત સંધ્યાવંદનનાં જ આ બેઠક છે, પરંતુ અહીં ઝારી ચરણસ્પર્શનો લાભ લઈ શકાય છે.

શ્રીગુસાંઈજીનું ધ્યાન

સાયં કુંજાલયસ્થાસનમુપવિલસત્ સ્વર્ણપાત્રં સુધૌતં,
રાજદ્યજ્ઞોપવીતં પરિતનુવસનં, ગૌરમમ્ભોજવક્ત્રમ્।
પ્રાણાનાયમ્ય નાસાપુટનિહિતકરં કર્ણરાજદ્દ્વિમુક્તં,
વન્દેર્ધોન્મીલિતાક્ષં મૃગમદતિલકં વિઠ્ઠલેશં સુકેશમ્॥

મુખ્ય સાર એ છે કે સંધ્યાસમયે કુંજાલયમાં આસન ઉપર બિરાજેલા, સોનાનાં પાત્રો આગળ ધરેલાં છે, સુંદર મોતીની માળા તથા શોભાયમાન યજ્ઞોપવીત ધારણ કરેલું છે તથા ઉપરણો ધારણ કરેલો છે, ગૌર ઉજ્જવલ વર્ણ અને કમળસમાન મુખારવિંદવાળા, પ્રાણાયામ કરતા, નાસિકા ઉપર શ્રીહસ્ત રાખેલા, કર્ણોમાં કિંમતી મોતીના શણગાર ધારણ કરેલા, અર્ધમીંચેલાં નેત્રવાળા, કસ્તૂરીનું તિલક કરેલા અને સુંદર કેશવાળા શ્રીવિઠ્ઠલેશ પ્રભુને હું વંદન કરું છું.

શ્રીરઘુનાથજીની બેઠક

શ્રીગોકુલચન્દ્રમાજીના મંદિરમાં આપે બિરાજીને ભાગવતપારાયણ કર્યું હતું. અહીં સેવાનો પ્રકાર ચાલે છે.

શ્રીઘનશ્યામજીની બેઠક

જૂના ગોકુલમાં શ્રીમદનમોહનજીના મંદિરમાં છે. સેવ્યનિધિ શ્રીમદનમોહનજીની ચોરી થતાં આપશ્રીને ઘણું દુઃખ થયું હતું. શ્રીઠાકોરજીના વિરહમાં અન્નજળનો ત્યાગ કરી આપશ્રી ભોંયરામાં બિરાજતા હતા. અહીંયાં જ આપશ્રી નિત્યલીલામાં પધાર્યા હતા. સેવાનો પ્રકાર ચાલે છે.

શ્રીહરિરાયજીની બેઠક

જૂના ગોકુલમાં શ્રીવિઠ્ઠલનાથજીનાં મંદિરમાં છે. અહીં કૃપાપાત્ર સેવક શ્રીહરજીવનદાસ સાથે રહસ્યવાર્તા કરતા હતા. આપે અત્રે બિરાજીને નિરોધલક્ષણ ગ્રન્થની ટીકા અને શ્રીમદ્ભાગવતની સપ્તાહ કરી હતી. હાલ આ સ્થાન જીર્ણ થઈ ગયું છે. સેવાનો પ્રકાર સાધારણ ચાલે છે.

શ્રીગોવર્ધનનાથજીની બેઠક

શ્રીગોવિંદઘાટ ઉપર આ બેઠક છે. શ્રીગોવર્ધનનાથજીએ સાક્ષાત્ પ્રકટ થઈ ને અહીં શ્રીમહાપ્રભુજીને બ્રહ્મસંબંધનો મંત્ર આપ્યો હતો.

આ ઉપરાંત અહીં પતિતપાવન તળાવ અને મુંબઈની ગોશાળા છે. અહીં યાત્રાનો મુકામ થાય છે.

શ્રીયમુનાજીના ઘાટ કુલ ૧૨

શ્રીમદ્ ગોકુલમાં શ્રીયમુનાજીના મુખ્ય ૧૨ ઘાટો છે : ૧. ગોવિંદઘાટ, ૨. ઠકરાણીઘાટ, ૩. જગન્નાથઘાટ, ૪. અષ્ટસખીઘાટ, ૫. મુરલીધરઘાટ, ૬. ચોગાનઘાટ, ૭. રમણઘાટ, ૮. કાયલાઘાટ, ૯. વલ્લભગાટ, ૧૦. ગોપાલઘાટ, ૧૧. ઉત્તરેશ્વરગાટ, ૧૨. યશોદાઘાટ.

ઘાટોનું વર્ણન

૧. ગોંવિંદઘાટ :

છોંકરના વૃક્ષની છાયામાં શ્રીમહાપ્રભુજીની પ્રાચીન બેઠક છે.

૨. ઠકરાણીઘાટ :

અહીં શ્રીમહાપ્રભુજી છોંકરના વૃક્ષની છાયામાં બિરાજે છે.

૩. જગન્નાથઘાટ :

અહીં શ્રીગોવિંદ સ્વામીને બ્રહ્મસંબંધનો મંત્ર આપ્યો છે.

૪. અષ્ટસખીઘાટ :

આ સ્થળે મથુરાના ચોબા છીતસ્વામી ખોટું નાળિયેર અને ખોટો રૂપિયો લઈ શ્રીગુસાંઈજીની પરીક્ષા લેવા આવ્યા હતા. નાળિયેર ફોડતાં સુંદર કોપરું નીકળ્યું અને રૂપિયાનું પરચૂરણ મગાવ્યું હતું. આથી છીતસ્વામી પ્રભાવિત થયા હતા. અષ્ટસખામાં તેઓની ગણના છે. સંવત ૧૬૨૪માં શ્રીગુસાંઈજીના નિત્યલીલાપ્રવેશના સમાચાર મળતાં પોતે પૂંછરી દેહત્યાગ કર્યો હતો. ગુરુભક્તિનું આ સુંદર પ્રતીક છે.

૫. મુરલીઘાટ :

અહીં નજીકમાં મુરલીઘાટ આવેલો છે.

૬. ચોગાનઘાટ :

તેની નજીકમાં ચોગાનઘાટ છે.

૭. રમણઘાટ:

તેની પાસે રમણઘાટ આવેલ છે. રમણઘાટમાં શ્રીઠાકોરજી ખૂબ ખેલ્યા હતા.

૮. કોયલાઘાટ :

અહીં વસુદેવજી જ્યારે શ્રીકૃષ્ણને પધરાવીને સામે પાર જતા હતા ત્યારે શ્રીબાલકૃષ્ણનાં ચરણસ્પર્શ કરવા માટે શ્રીયમુનાજી ઊંચાં પધાર્યાં ત્યારે વસુદેવજી ગભરાઈ ગયા હતા. 'કોઈ લેહુ' કહેવાથી આ ઘાટનું નામ

કોયલાઘાટ પડયું છે.

૯. વલ્લભઘાટ :

આ ઘાટ ઉપર શ્રીગુસાંઈજીના ચતુર્થ લાલજી શ્રીગોકુલનાથજી નિત્સસ્નાન કરી સંધ્યાવંદન કરતા.

૧૦. ગોપાલઘાટ :

અહીં શ્રીઠાકોરજીએ ગોચારણલીલા કરી હતી. અહીં શ્રીગોકુલનાથજીનો બગીચો છે.

૧૧. ઉત્તરેશ્વરઘાટ :

અહીં શ્રીવસુદેવજી કન્યાને લઈને મથુરા જતાં આ ઘાટ ઉપર થઈને યમુનાજી ઊતર્યા હતા. આ સ્થળે ઉત્તરેશ્વર મહાદેવ બિરાજે છે અને સ્થળની રક્ષા કરે છે.

૧૨. જશોદાઘાટ :

અહીં ગોવિંદસ્વામી શ્રીગુસાંઈજીની પાસે નિત્ય કીર્તન ગાતા હતા. એક વખત ગોવિંદસ્વામી જશોદાઘાટ ઉપર બેસીને ભૈરવી રાગ ગાતા હતા તે વખતે અકબર બાદીશાહ વેશ બદલીને આવ્યા હતા અને વાહ વાહ! શબ્દ બોલાઈ ગયો. ત્યારબાદ આ રાગ છોવાઈ ગયો માનીને ફરીથી ગોવિંદસ્વામીએ આ રાગ ગાયો નથી, તેથી સંપ્રદાયમાં પણ ગવાતો નથી.

આશકરણ રાજા


નરવરગઢના રાજા આશકરણજી ઠકરાણીઘાટ ઉપર આવ્યા. અહીં શ્રીગુસાંઈજી સંધ્યાવંદન કરતા હતા. રાજાને પૂર્ણપુરુષોત્તમ કોટિકંદર્પસ્વરૂપે દર્શન થયાં. રાજા સાષ્ટાંગ દંડવત્ કરી ઊભા રહ્યા ત્યારે શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી કે હવે
ક્યાંસુધી ઠાકોરજી તમારી રાહ જોશે? એટલે સ્નાન કરી મંદિરમાં બોલાવ્યા. શ્રીનવનીતપ્રિયજી સન્મુખ નામનિવેદન કરાવ્યું અને મદનમોહનજીનું સ્વરૂપ પધરાવી આપ્યું. રાજા આશકરણને શ્રીગુસાંઈજીની કૃપાથી માનસીસેવા સિદ્ધ થતાં રાજ્ય તથા ઘરનું કામ ભત્રીજાને સોંપી દઈ, શ્રીઠાકોરજીનાં પાત્રો અને વસ્ત્રો શ્રીગુસાંઈજીને ત્યાં પધરાવી તેઓએ ગોકુલમાં જઈને વાસ કર્યો. જાતે બનાવી પદો ગાતા હતા. તેઓ અયાચક વિરક્ત વૈષ્ણવ હતા. તેમની આ દશા જોઈને

મુખિયા ભિતરિયા વહુબેટીઓને આજ્ઞા કરી હતી કે આશકરણજી ભગવદિચ્છાથી ફળ લે તે ખાય છે. એક વખત આશકરણજી ગોકુલમાં આવ્યા ત્યારે લક્ષ્મીબેટીજીએ સત્યભામાબેટીજીને કહ્યું કે તમો શ્રીનવનીતપ્રિયજી માટે બીજી સામગ્રી સિદ્ધ કરો, કારણ કે આ વૈષ્ણવ ભૂખ્યા છે અને પાંચ સાત દિવસોએ આવશે. પછી થાળ ધર્યો તે આશકરણજીએ પ્રસાદીપૂપ લઈ લીધો. શ્રીનવનીતપ્રિયજી માટે બીજી સામગ્રી સિદ્ધ કરી રાજભોગ ધર્યો. શ્રીગુસાંઈજી આરતી કરવા પધાર્યા ત્યારે શ્રીનવનીતપ્રિયજીએ કહ્યું કે આજે હું બમણી સામગ્રી આરોગ્યો છું. શ્રીગુસાંઈજીએ કેવી રીતે બમણી સામગ્રી તેનો પ્રશ્ન પૂછ્યો ત્યારે શ્રીઠાકોરજીએ કહ્યું : બેટીજી આ વાત જાણે છે, તેમને પૂછો, ભોજનસમયે બેટીજીને શ્રીગુસાઈજીએ પૂછયું ત્યારે ડરતાં ડરતાં જવાબ આપ્યો કે આશકરણજી આવ્યા હતા. તેમના હૃદયમાં શ્રીનવનીતપ્રિયજી બિરાજે છે એમ સમજીને પ્રથમ સામગ્રીનો થાળ તેમને ધર્યો હતો. શ્રીગુસાંઈજી આથી ઘણા પ્રસન્ન થયા હતા. ૨૫૨ વૈષ્ણવોની વાર્તામા આ ૭૩મી વાર્તા છે.

શ્રીમદ્‌ગોકુલથી યમુનાજીના કિનારે કિનારે લગભગ ત્રણ માઈલ ચાલતાં રાવલગામનાં દર્શન થાય છે.

વ્રજમાં ૮૪ ઉપવનોમાંનું રાવલ એ એક ઉપવન છે. અહીં શ્રીકીર્તિજીનું પિયર છે, શ્રીરાધિકાજીનું મોસાળ છે. શ્રીરાધિકાજીનું પ્રાકટય અહીં થયું હતું.


અહીં શ્રીરાધિકાજીનું શિખરબંધી સુંદર મંદિર છે. મંદિર પાસે શ્રીયમુનાજી બિરાજે છે. અહીં શ્રીયમુનાજીનો જે ઘાટ તે રાધાઘાટ તરીકે ઓળખાય છે,



રાવલ થી મથુરા

અહીં ગોપાલપુરની બાજુમાં થઈને યાત્રાસંઘ મથુરા તરફ પ્રસ્થાન કરે છે. અહીં દોઢ માસના અલૌકિક આનંદ લઈ ભગવન્નામ લઈને શ્રીયમુનાજીના રેલવેપુલ ઉપર થઈને યાત્રારમ્ભના મુકામ સિદ્ધસ્થલી એટલે કે મથુરા આવી પહોંચે છે. અહીં પુલ ઉપરથી બૅન્ડ વાજાં સાથે મથુરાના પ્રજાજનો સામૈયું કરે છે. પછી યાત્રાસંઘ બૅન્ડ વાજાં સાથે વલ્લભકુળના બાળકો સાથે વિશ્રામઘાટ ઉપર જઈ શ્રીયમુનામહારાણીજીને દંડવત્પ્રણમ કરી, સ્નાન કરી, દૂધ ચડાવી, ભોગ ધરીને વૈષ્ણવો પોતપોતાના ચોબાજી પાસે વિધિપૂર્વક યાત્રાના નિયમ છોડે છે.

છેલ્લી સ્તુતિ કરે છે કે હે મહારાણી ! આ પની અસીમ કૃપાથી વ્રજયાત્રા લીલી પરિક્રમામાં ૮૪ કોસની ભૂમિમાં ઘણો જ આનંદ આવ્યો છે. ફરી વાર કરુણાદૃષ્ટિથી અમોને આકર્ષણ કરીને વ્રજપરિક્રમાનો લાભ લેવડાવવાનો આવો જ અનુગ્રહ કરશો. આપની સન્મુખ લીધેલા નિયમોનું આપની દયાથી જ યથાશક્તિ પાલન કર્યું છે. આ નિયમો હું અહીં છોડું છું. આમ કરી પોતપોતાના ચોબાઓને દાનદક્ષિણા આપી આશીર્વાદ લઈ બીજે દિવસે મથુરાની બહારની પરિક્રમા કરી વ્રજયાત્રા પૂર્ણ કરે છે.



પંચકોશી પરિક્રમા


(મથુરાયાત્રા પૂર્ણ કર્યા પછી)

કંસને માર્યા પછી શ્રીકૃષ્ણભગવાને અહીં વિશ્રામ કર્યો હતો તેથી આ સ્થળ વિશ્રામઘાટ તરીકે પ્રસિદ્ધ છે. આ વ્રજનો મુખ્ય દરવાજો પણ કહેવાય છે. અહીંથી આગળ યોગઘાટ, પ્રાગઘાટ, શ્યામઘાટ તથા રામઘાટ આવે છે. અહીંયાં કનખલક્ષેત્ર અને આગળ તાંબુલક્ષેત્ર આવે છે. ત્યાંથી આગળ જતાં વલ્લભઘાટ અને સૂર્યઘાટ આવે છે. આ સ્થળે ચાણૂર અને મુષ્ટિક મલ્લને તથા કુવલયાપીડ હાતીને માર્યો હતો. આગળ ધ્રુવઘાટ આવે છે. અહીં ધ્રુવજીએ તપશ્ચર્યા કરી ભગવાન પાસેથી વરદાન મળવ્યું હતું. ત્યાં ધ્રુવજીનાં દર્શન કરી આગળ સાક્ષીગોપાલ આવે છે. આ સ્થળે બુદ્ધતીર્થ તથા મોક્ષતીર્થ આવેલાં છે. અહીંયાં ભરદ્વાજ ઋષિ, વસિષ્ઠ મુનિ આદિનાં દર્શન થાય છે. આગળ સપ્ત ઋષિનો ટીલો આવે છે. ત્યાંથી આગળ ગાર્ગેયઘાટ, સારંગઘાટ, ચક્રતીર્થઘાટ આવે છે. અહીં રાવણનો ટીલો છે. રાવણે આ સ્થળે તપશ્ચર્યા કરી બ્રહ્માજી પાસેથી વરદાન મેળવ્યું હતું. ત્યાંથી આગળ જતાં બલિરાજા, શુક્રાચાર્યજી અને વામન ભગવાનનાં દર્શન થાય છે. ત્યારબાદ કંસની રંગભૂમિ આવે છે. ત્યાં કંસને શ્રીકૃષ્ણ ભગવાને માર્યો હતો. અહીં દર વર્ષે કરાતક સુદિ ૧૦ના રોજ કંસલીલા થાય છે, મોટો મેળો ભરાય છે. અહીં શ્રીરંગેશ્વર મહાદેવનું મંદિર છે. ત્યાંથી આગળ બિહારીજીનું, શ્રીરાધાદામોદરનું, શ્રીજગન્નાથજીનું તથા બલભદ્રકુંડ ઉપર શ્રીબલદેવજીનું વગેરે મંદિરો આવે છે. અહીંથી આગળ જતાં શ્રીગોપીજનો શ્રીઉદ્ધવજીનો છેડો પકડી ભગવાનને જ્યાં સંદેશો કહેવડાવે છે તે સ્થળ આવે છે.

ત્યારબાદ કૃષ્ણબળદેવ, શ્રીનરસિંહજી તથા શ્રીદાઉજીનાં દર્શન થાય

છે. આગળ પોતરાકુંડ અને પોતરા દેવીનું મંદિર આવે છે. ત્યાંથી આગળ કારાગૃહનું સ્થાન આવે છે. અહીં કંસે વસુદેવ દેવકીજીને કદમા રાખ્યાં હતાં. આગળ જતાં સરસ્વતીકુંડ અને સરસ્વતી દેવીનું મંદિર આવે છે. આગળ જતાં અંબિકાવન આવે છે. ત્યાં વિદ્યાધર ઋષિના શાપથી અજગર થઈને પડયો હતો તેનો શ્રીપ્રભુએ ઉદ્ધાર કર્યો હતો. ત્યારબાદ શંખ નામના રાક્ષસનું વધસ્થાન આવે છે. આગળ ગાર્ગીઘાટ, સારંગીઘાટ તથા ગણેશઘાટ આવે છે. ત્યારબાદ ગોકર્ણેશ્વર મહાદેવ તથા ગૌતમ ઋષિનું સમાધિસ્થાન આવે છે. આગળ જતાં સરસ્વતી સંગમઘાટ આવે છે ત્યાં ભક્તરાજ અમ્બરીષનો ટીલો આવે છે. ત્યારબાદ ચક્રતીર્થઘાટની ઉપર કંસનો મહેલ તેમ કિલ્લો છે.

આગળ જતાં કૃષ્ણગંગાઘાટ આવે છે. અહીં જો કોઈ શુદ્ધ બુદ્ધિથી સ્ના કરે તો તેને અલૌકિક સિદ્ધિ મળે છે એવું આ ઘાટનું માહાત્મ્ય છે. અહીં કાલિંજર મહાદેવ છે. સોમઘાટ ઉપર સોમતીર્થ છે. ત્યાંથી આગળ ધારાપતનઘાટ આવે છે. આ ઘાટ ઉપર ઘંટાકર્ણ છે. ત્યાંથી આગળ વાસુદેવઘાટ અને ગૌઘાટ આવે છે. ગૌઘાટ ઉપર શ્રીઠાકોરજી ગાયોને પાણી પિવડાવતા હતા. ત્યાંથી આગળ જતાં વરાહક્ષેત્ર ઘાટ આવે છે. ત્યાં શ્રીવરાહજીનું મંદિર છે. ત્યાંથી આગળ વિશ્રામઘાટ આવે છે. અહીં શ્રીગોવર્ધનનાથજીનું મંદિર છે. યમરાજ અને યમુનાજીનાં ભાઈ બહેનનાં મંદિરો છે. અહીંયાં યમુનાજીને વરદાન આપ્યું છે કે ભાઈબીજને દિવસે જે કોઈ શ્રીયમુનાજીમાં સ્નાન કરશે તેને યમદ્વારમાં જવું પડશે નહિ, એની મેળે-સ્વત: તેનો ઉદ્ધાર થઈ જાય છે. દર વર્ષે કારતક સુદિ-૨ યમદ્વિતીયા-ભાઈબીજને દિવસે લાખો માણસો શ્રીયમુનાસ્નાન કરવા દૂર દૂરથી ખાસ આવે છે. અહીં મથુરાની પંચકોશી યાત્રા પૂર્ણ થાય છે.



વ્રજયાત્રામાં આવતાં મુખ્ય સ્થળો

વન ૧૨ છે :

(૧) મધુવન, (૨) તાલરન, (૩) કમોદવન, (૪) બહુલાવન,
(૫) કામવન, (૬) ખિરુવન, (૭) વૃંદાવન, (૮) ભદ્રવન,
(૯) ભાંડીરવન, (૧૦) બેલવન, (૧૧) લોહવન, (૧૨) મહાવન

ઉપવન ૨૪ છે :

(૧) ગોકુલ, (૨) ગોવર્ધન, (૩) બરસાના, (૪) નંદગામ,
(૫) સંકેત, (૬) પરિમદ, (૭) અડીંગ, (૮) શેષશાઈ,
(૯) માંટ, (૧૦) ઊંચોગામ, (૧૧) બેલવન, (૧૨) શ્રીકુંડ,
(૧૩) ગંધર્વન, (૧૪) પરાસોલી, (૧૫) બિલ્છુવન, (૧૬) બચ્છવન,
(૧૭) આદિબદરી, (૧૮) કરહલા, (૧૯) અંજનોખરી,
(૨૦) પિસાયો,(૨૧) કોકિલાવન, (૨૨) દધિવન,
(૨૩) કોટિવન, (૨૪) રાવલ

તાલ બે :

(૧) રામતાલ, (૨) મલવારી તાલ

બલદેવજીનાં સ્થાનો સાત :

(૧) રેડા પાસે (૨) નંદગામમાં, (૩) અડીંગમાં, (૪) ઊંચો ગામમાં,
(૫) વિલાસવનમાં, (૬) જિબિન ગામમાં, (૭) નરીસેચરી

શ્રીઠાકોરજી-શ્રીકૃષ્ણનાં ચરણનાં સ્થાો સાત :

(૧) શ્રીગોવર્ધનની તળેટીમાં, (૨) ગોવર્ધનના શિખર પર,
(૩) સુરભિકુંડ પર, (૪) નંદગામમાં, (૫) હાથીપદ પાસે,
(૬) ચરણપહાડીમાં, (૭) બીજી ચરણપહાડીમાં

શ્રીસ્વામિનીજી શ્રીરાધાજીનાં સ્થાનો બે :

(૧) વરસાના, (૨) રાવલ

પોખર છ છે :

(૧) કુસુમોખર, (૨) અજનોખરી, (૩) પીળીપોખર,
(૪) વિશાખાની પોખર, (૫) હરિજીની પોખર, (૬) ભાનોખરી.

શિલાઓ ૧૧ છે :

૧. સિંદૂરી, ૨. કજ્જલી, ૩. વાજની, ૪. સુંદર,
૫. શૃંગાર, ૬. સુગંધી, ૭. માનકશિલા, ૮. બિસલની,
૯. ચિત્રવિચિત્ર, ૧૦. સ્નાન, ૧૧. દંડોતી શિલા

દાનલીલાઓનાં ૭ સ્થળ :

૧. કરહલામાં, ૨. ગોવર્ધનમાં, ૩. દાનઘાટ પર, ૪. સાંકડીખોમાં,
૫. ગહવરવનમાં, ૬. કદમખંડીમાં, ૭. શ્રીવૃંદાવનમાં

આચાર્ય શ્રીમહાપ્રભુજીની ૨૨ બેઠક છે :

૧. ગોકુળ, ૨. મધુવન, ૩. કમોદવન, ૪. બહુલાવન,
૫. શ્રીકુંડ, ૬. ગોવર્ધન, ૭. ગોવિંદકુંડ પર, ૮. ગોવાળપર,
૯. પૂજની શિલા પર, ૧૦. કામવન, ૧૧. ગહવરવન, ૧૨. સંકેત,
૧૩. કોટિવન, ૧૪. નંદગામ, ૧૫. કોકિલાવન, ૧૬. ચીરઘાટ
૧૭. માનસરોવર, ૧૮. વૃંદાવન, ૧૯. ચંદસરોવર, ૨૦. ચકતીર્થ
૨૧. સુનેહરાની કદમખંડી, ૨૨. મથુરાજીમાં વિશ્રામઘાટ પર

શ્રીગુસાંઈજીની બેઠકો ૯ છે :

૧. શ્રીકુંડ પર, ૨. રાસોલી, ૩. ગોપાલપુર, ૪. સુરભિકુંડ,
૫. પરાસોલી, ૬. સંકેતવટ, ૭. ટીકીટ પર, ૮. માણેકશિલા ૧
૯. શ્રીગોકુળ પર

વ્રજમાં ૮૫ કુંડો છે :

૧. વિમળ, ૨. ધર્મ, ૩. યજ્ઞ, ૪. પંચતીર્થ, ૫. મણિકર્ણિકા,
૬. યશોદા, ૭. નિવાસ, ૮. લંકા, ૯. મનકામના,
૧૦. સેતુબંધ રામેશ્વર, ૧૧. મહોદધિ, ૧૨. ક્ષીરસાગર,
૧૩. જળવિહાર, ૧૪. પ્રયાગ, ૧૫. પુષ્કર, ૧૬. દ્વારિકા,
૧૭. ઘોખરાના, ૧૮. ગોપી, ૧૯. કાલ્પી, ૨૦. મોતી, ૨૧. નરસિંહ,
૨૨. સરસ્વતી, ૨૩. પરમદર, ૨૪. અભિમન, ૨૫. રુદ્ર, ૨૬. સુકટા,
૨૭. ગુલાબ, ૨૮. સંકેત, ૨૯. સુરભિ, ૩૦. શીતલ, ૩૧. રંગીલો,
૩૨. છબીલો, ૩૩. દવીલો, ૩૪. હટીલો, ૩૫. શ્વેત, ૩૬. સૂર્ય,
૩૭. વિશાખા, ૩૮. વિશ્રામ, ૩૯. સંકર્ષણ, ૪૦. માનસી,
૪૧. બ્રહ્મ, ૪૨. માધવ, ૪૩. ખેલન, ૪૪. બદરી, ૪૫. કેદાર,
૪૬. દોહની, ૪૭. મોહની, ૪૮. કિશોરી, ૪૯. લલિતા,
૫૦. અપ્સરા, ૫૧. કૃષ્ણ, ૫૨. રાધા, ૫૩. જિગરવિહાર,

૫૪. સાંતનુ, ૫૫. શૃંગાર, ૫૬. નારદ, ૫૭. હરિહરિ, ૫૮. અયોધ્યા, ૫૯. ચરણ, ૬૦. વામન, ૬૧. ઋણમોચન, ૬૨. પાપમોચન, ૬૩. ગોરોચન, ૬૪. મત્સ્ય, ૬૫. વરાહ, ૬૬. બળભદ્ર, ૬૭. રોહિણી, ૬૮. બદરી, ૬૯. મોહિની, ૭૦. મત્સ્ય, ૭૧. ભામિની, ૭૨. રતન, ૭૩. ગોવિંદ, ૭૪. ગયા, ૭૫. દેહ, ૭૬. શ્યામ, ૭૭. રુક્મિણી. ૭૮. સત્યભામા, ૭૯. ૮૦. યમુના, ૮૧. ગોમતી, ૮૨. નૈમિષારણ્ય, ૮૩. અવંતી, ૮૪. ગરુડ, ૮૫. વલ્લભ. હાલમાં ૫૫ કુંડ છે, ૩૬૦ કુંડ હતા તેમ કહેવાય છે. કાચા કુંડો હશે. ધીમે ધીમે કાલક્રમે લુપ્ત થયા હોય એમ સંભળાયછે.

રાસમંડળનાં સ્થળો ૩૩ :

૧-૨ કામવન, ૩. નંદગામ, ૪-૫. કરહલા, ૬-૭. દાઢગઢમાં, ૮. માનગઢમાં, ૯-૧૦. વિલાસગઢ, ૧૧. સાંકરી ખોમાં, ૧૨. પરવત પાછળ, ૧૩. ગહ્વર વનમાં, ૧૪-૧૫-૧૬-૧૭ સંકેતમાં, ૧૮. પીસોખમાં, ૧૯-૨૦. જાવટમાં, ૨૧. કોકિલાવનમાં, ૨૨-૨૩-૨૪. ઊંચો ગામમાં, ૨૫. સુનેહરામાં, ૨૬. ગોવિંદસ્વામીની કદમખંડીમાં, ૨૭-૨૮-૨૯-૩૦-૩૧. શ્રીવૃંદાવનમાં, ૩૨. પરાસોલીમાં, ૩૩. ખીસલનીમાં

કોળનાં સ્થળો ૭ છે :

૧. શ્રીગોવિંદદેવનો, ૨. મદનમોહનનો, ૩. મદનસિંહનો, ૪. રાઉરતનનો, ૫. સંકેતનો, ૬. દાનઘાટનો, ૭. માનઘાટનો

બટ ૧૨ છે (વડ-૧૨) :

૧. શ્યામબટ, ૨. પરાસોલીબટ, ૩. સંકેતબટ, ૪. અક્ષયબટ, ૫. જાવકબટ, ૬. રાસોલીબટ, ૭. બિલાસબટ, ૮. ભાંડીરબટ, ૯. પીપરોખર, ૧૦. બંસીબટ, ૧૧. સીંગારબટ, ૧૨. નંદબટ

ઘાટ ૧૬ છે :

૧. બ્રહ્માંડઘાટ, ૨. ઠકુરાણીઘાટ, ૩. ગોવિંદઘાટ, ૪. યશોદાઘાટ, ૫. ઉત્તલેશ્વરઘાટ, ૬. ગોઘાટ, ૭. વૈકુંઠઘાટ, ૮. વિશ્રામઘાટ, ૯. ધ્રુવઘાટ, ૧૦. પ્રયાગઘાટ, ૧૧. કેશીઘાટ, ૧૨. ચીરઘાટ, ૧૩. નંદઘાટ, ૧૪. બિહારઘાટ, ૧૫. ગોપીઘાટ, ૧૬. રામઘાટ, કામવનમાં. ૮૪ ખંભા છે. ૮૪ કુંડ છે.

દેવીનાં સ્થાનો ૧૦ છે :

૧. વૃંદાદેવી, ૨. સંકેતદેવી, ૩. ઉપવનદેવી, ૪. મથુરાદેવી, ૫. વિમલાદેવી, ૬. કાત્યાયનીદેવી, ૭. નૌવારીચૌવારીદેવી, ૮. મનસાદેવી, ૯. રાસોલીદેવી, ૧૦. પાતાળદેવી, વગેરે.

કદમખંડી ૫ છે :

૧. ગાંઠૌલી, ૨. કરહલા, ૩. સુનેહરા, ૪. નંદગામમાં, ૫. ગોવિંદસ્વામીની

લીલાસ્થાન ૨ છે :

૧. જશલીલા, ૨. ઢાઢીલીલા

મહાદેવજીનાં સ્થાન ૮ છે :

૧. ભૂતેશ્વર, ૨. ગોકુલશ્વર, ૩. રંગેશ્વર, ૪. બુઢેબાબુ, ૫. ચક્રેશ્વર, ૬. નંદીશ્વર, ૭. ગોપેશ્વર, ૮. ઉત્તરેશ્વર

પર્વતો ૫ છે :

૧. ગોવર્ધન, ૨. બરસાનો, ૩. નંદગામ, ૪. ૧ લી ચરણપહાડી, ૫. ૨ જી ચરણપહાડી

હીંડોલાનાં સ્થાનો ૬ છે :

૧. ગોવર્ધન પર્વત ઉપર, ૨. કરહલામાં, ૩. સંકેતમાં, ૪. અંજનોખરમાં, ૫. વૃંદાવનમાં, ૬. શ્રીકુંડ ઉપર

સરોવર ૫ છે :

૧. માનસરોવર, ૨. હંસસરોવર, ૩. પાનસરોવર, ૪. ચંદસરોવર, ૫. પ્રેમસરોવર



કૂવા ૧૧ છે :


૧. સત્યસમુદ્ર કૂપ, ૨. દુર્ગાકૂપ, ૩. ચંદ્રકૂપ, ૪. ઈન્દ્રકૂપ, ૫. કુબ્જાકૂપ, ૬. વેણુકૂપ, ૭. ભાંડીરકૂપ, ૮. નન્દકૂપ, ૯. કર્ણવેધકૂપ, ૧૦. કૃષ્ણકૂપ, ૧૧. ગોપકૂપ


સિંહાસન ૬ છે :


૧. વિષ્ણુસિંહાસન, ૨. કામવનની ચરણપહાડીમાં, ૩. ભોજનથારી આગળ, ૪. લુકલુક કંદરામાં, ૫. સુનેહરાની કદમખંડીમાં, ૬. ગોવર્ધનની તળેટીમાં









વ્રજ તજ અનત ન જાઇહોં યે હી મેરી ટેક ।
ભૂતલ ભાર ઉતારિહોં ધરિહોં રૂપ અનેક ।।

